વર્ષ : 12 ◆ અંક : 6
નવેમ્બર-ડિસેમ્બર 2022
સળંગ અંક : 72

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

'હે પૂજ્ય ધર્મગુરુઓ ! હે મહાન આચાર્યો ! હે કથાકારો ! હે યોગીઓ ! હે સમાજસેવકો ! હે લેખકો, સાહિત્યકારો, કવિઓ કે વિચારકો આપ સૌને મારી કરબદ્ધ નમ્ર પ્રાર્થના છે કે અત્યારે હિંદુ પ્રજા ભારે કટોકટીમાંથી પસાર થઈ રહી છે. આવનારાં વર્ષોમાં તેનું અસ્તિત્વ જોખમમાં પડી શકે તેમ છે. આવી સ્થિતિમાં તમે બધા હિન્દુ પ્રજાને પરલોકના રવાડે ચડાવવાનું બંધ કરો... આ લોકના બે સળગતા પ્રશ્નો ગરીબી અને ગુલામી ઉપર પૂરેપૂરું ધ્યાન આપીને પ્રજાને સાચા માર્ગે વાળો. જેવી રીતે યહૂદીઓએ ઇઝરાયલ જેવો નાનો સરખો દેશ બનાવીને, પણ મહાન રાષ્ટ્ર બનાવ્યું અને પોતાનું ભવિષ્ય સુરક્ષિત કરી દીધું તેવી રીતે પ્રત્યેક ભારતીય પણ ભારતને મહાન રાષ્ટ્ર બનાવીને તેના મૂળ નિવાસી હિન્દુ પ્રજાનું ભવિષ્ય સુરક્ષિત થઈ જાય તેવા પ્રયત્નો કરે. આ જ આપણે ઇઝરાયેલ પાસેથી શીખવાનું છે.' **– સ્વામી સચ્ચિદાનંદ**

✳

ये मेरा सौभाग्य है कि मुझे इस ऐतिहासिक कार्यक्रम में साक्षी बनने का, साथी बनने का और सत्संगी बनने का सौभाग्य प्राप्त हुआ है। इतने बड़े स्तर पर और एक महिने भर चलने वाला ये कार्यक्रम और मैं नहीं मानता हूँ ये कार्यक्रम सिर्फ संख्या के हिसाब से बड़ा है, समय के हिसाब से काफी लंबा है। लेकिन यहां जितना समय मैंने बिताया, मुझे लगता है कि यहाँ एक दिव्यता की अनुभूति है। यहाँ संकल्पों की भव्यता है। यहाँ बाल वृद्ध सबके लिए हमारी विरासत क्या है, हमारी धरोहर क्या है, हमारी आस्था क्या है, हमारा अध्यात्म क्या है, हमारी परंपरा क्या है, हमारी संस्कृति क्या है, हमारी प्रकृति क्या है, इन सबको इस परिसर में समेटा हुआ है। यहाँ भारत का हर रंग दिखता है। मैं इस अवसर पर सभी पूज्य संतगण को इस आयोजन के लिए कल्पना सामर्थ्य के लिए और उस कल्पना को चरितार्थ करने के लिए जो पुरुषार्थ किया है, मैं उन सबकी चरण वंदना करता हूँ, हृदय से बधाई देता हूँ और पूज्य महंत स्वामीजी के आशीर्वाद से इतना बड़ा भव्य आयोजन और ये देश और दुनिया को आकर्षित करेगा इतना ही नहीं है, ये प्रभावित करेगा, ये आने वाली पीढ़ियों को प्रेरित करेगा।...जीवन के कठिन से कठिन पलों में शायद ही कोई ऐसा मौका होगा कि जब प्रमुख स्वामी ने खुद मुझे बुलाया ना हो या मेरे से फोन पर बात न की हो, शायद ही कोई घटना होगी।

... मैं प्रमुख स्वामी के पास बैठता था, ऐसे ही लगता था जी। एक वट-वृक्ष की छाया में बैठा हूँ, एक ज्ञान के भंडार के चरणों में बैठा हूं। पता नहीं मैं इन चीजों को कभी लिख पाऊंगा कि नहीं लिख पाऊंगा लेकिन मेरे अंतर्मन की जो यात्रा है, वो यात्रा का बंधन ऐसी संत परंपरा से रहा हुआ है, आध्यात्मिक परंपरा से रहा हुआ है । – नरेन्द्र मोदी





ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી, રાષ્ટ્રપતિભવનમાં તા. ૨૨ માર્ચ, ૨૦૨૨ના રોજ આયોજિત ખાસ સમારોહમાં પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદને **'પદ્મભૂષણ'** અવૉર્ડ એનાયત  કરી વિભૂષિત કરી રહ્યા છે તે પ્રસંગનું દૃશ્ય

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૨, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૨; સળંગ અંક : ૭૨

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● સંપાદકીય : માનવસમાજના કલ્યાણપથના યાત્રી 'પદ્મભૂષણ' સ્વામી સચ્ચિદાનંદજી — મણિભાઈ પ્રજાપતિ ૧
● શ્રદ્ધાંજલિ : મૂઠી ઊંચેરા માનવ અને ઉદ્યોગ સાહસિક સ્વ. ઈશ્વરલાલ પટેલ ૭
● પ્રાસંગિક : प्रधानमंत्री नरेन्द्र मोदी का उद्‌बोधन (प्रमुखस्वामी महाराज शताब्दी महोत्सव) ૧૦
૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર ઇતિહાસની અટારીએથી : મારા ભા — જગુભાઈ રામદાસ પટેલ ૧૪
૨. ગુજરાતના પરમ સારસ્વત : ઉમાશંકર જોશી — ડૉ. નરોત્તમ વાળંદ ૧૭
૩. ભારતના પ્રથમ એટર્ની જનરલ શ્રી મોતીલાલ સેતલવાડ — શરદભાઈ શાહ ૨૨
૪. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓની કેન્દ્ર સરકાર અવહેલના કરે છે? — ડૉ. એમ. આર. ગોસાઈ ૨૯
૫. વિશ્વ સાહિત્યની અટારીએથી : ગુગી વા થીઓંગ : ૧૯૩૮ - (કેન્યા) — ડૉ. મનીષ વ્યાસ ૩૨
૬. આદર્શ શિક્ષક સદા'વિદ્યાર્થી' હોય છે — તુલસીભાઈ પટેલ ૩૬
૭. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ 'અહિંસા ઍવૉર્ડ'થી વિભૂષિત ૩૮
૮. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૯
– ચંદ્રાવલોકન / સી. ડી. મોદી 'ચંદ્રધન'
– Biographical Dictionary of Indian Library and Information Science (LIS) Professionals / ed. and comp. by A.A.N. Raju and L. S. Ramaiah.
૯. સંસ્થા સમાચાર ૪૬
– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
– શાળા વિભાગ

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### માનવસમાજના કલ્યાણપથના યાત્રી 'પદ્મભૂષણ' સ્વામી સચ્ચિદાનંદજી

માનવસમાજના કલ્યાણપથના યાત્રી, માનવધર્મના પુરસ્કર્તા, ક્રિયાશીલ ચિંતક, ક્રાંતિકારી સંત, સર્જક અને પ્રાજ્ઞપુરુષ પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજીને ભારત સરકાર દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ-જીના વરદહસ્તે વર્ષ ૨૦૨૨માં 'પદ્મભૂષણ'થી વિભૂષિત કરવામાં આવતાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર પૂ. સ્વામીજીને સાદર વંદનસહ, અભિનંદનની હેલી વરસાવતાં હૃદયનો રાજીપો વ્યક્ત કરી ગૌરવની લાગણી અનુભવે છે. અને આ સાથે જ અમે અભિલાષા સેવીએ છીએ કે પૂ. સ્વામીજીના વિચારો/સાહિત્યનો વિશેષ પ્રચાર-પ્રસાર થાય અને ગામેગામ તેમનું સાહિત્ય પહોંચે અને વંચાય. સૌ પ્રજાજનો અને ખાસ તો નીતિનિર્ધારકો તેમની વાત હૈયે ધરીને રાષ્ટ્રહિત કાજે તેને ક્રિયાન્વિત કરવા કૃતસંકલ્પશીલ બની રહે.

* * *

ગુજરાતી ભાષા-સાહિત્યની ગૌરવશીલ પ્રકાશન સંસ્થા 'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય' (રતનપોળના નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧) અને તેના અધિષ્ઠાતા, સંસ્કારપુરુષ શ્રી મનુભાઈ શાહ દ્વારા પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદકૃત ૧૩૭થી અધિક પ્રકાશિત પુસ્તકોની સૂચિ ઉપર દૃષ્ટિપાત કરતાં પ્રથમ નજરે જ જોવા મળે છે કે પૂ. સ્વામીજીએ અનેકવિધ વિષયો જેમ કે, ઇતિહાસ અને સંસ્કૃતિ, પ્રવાસ, સમાજવિદ્યા, ધર્મ અને દર્શન, આર્ષગ્રંથો-ઉપનિષદો, રામાયણ, મહાભારત, ભગવદ્‌ગીતા અને

બ્રહ્મસૂત્રો ઉપરનાં ભાષ્યો, રાજકારણ, વિદેશનીતિ, આત્મકથા, ચરિત્ર-ચિત્રણ, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત સાહિત્ય વગેરે પ્રમુખ વિષયો – પેટાવિષયો વિશે હૃદય અને મસ્તિકને સ્પર્શી જાય તેવા વિચારોત્તેજક - ગ્રંથોની રચના કરી છે. આ ઉપરાંત આ બધાં પુસ્તકો પૈકી કેટલાંકનાં હિન્દી અને અંગ્રેજી અનુવાદો, તેમજ સંકલનો/સંપાદનનો પણ ખરાં ! આટલું અઢળક અને સંતર્પક સત્ત્વશીલ સાહિત્યનું સર્જન આપણા આર્ષગ્રંથ **'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'**ને અભિપ્રેત **'યોગભ્રષ્ટ'** (૬.૪૧) એટલે કે પૂ. સ્વામીજીના શબ્દોમાં 'પતિત નહીં', પરંતુ પૂર્વભવમાં 'પૂર્ણતાને ચૂકી ગયેલો, વંચિત રહી ગયેલો અધૂરો જીવાત્મા'નું દ્યોતક બની રહે છે. આ સિવાય આટલું અધધધ કાર્ય આકાશકુસુમવત બની રહે છે. આ સાથે જ નોંધવું રહ્યું કે માત્ર સાહિત્ય-સર્જન જ નહીં, પરંતુ આચાર-વિચારનું એકત્વ અર્થાત્ માત્ર ઉપદેશાત્મક વાણી જ નહીં, પરંતુ જરૂરતમંદોની સેવા કાજે સમર્પિત બની રહેવું, આપાતકાલીન પરિસ્થિતિમાં સેવા માટે અગ્રેસર રહેવું, શિક્ષણ, સમાજસેવા, આરોગ્યસેવા વગેરે માટે પોતાનાં ટ્રસ્ટોના માધ્યમથી ઉમદા આર્થિક સહયોગ આપવો તે તેમનો જીવનધર્મ બની રહ્યો છે, જેની પ્રતીતિ તેમના દ્વારા સ્થાપિત દંતાલી (પેટલાદ), કોબા (ગાંધીનગર), સુરત અને ઊંઝાના સેવા-આશ્રમો દ્વારા સુચારુ રીતે સંપન્ન કરેલાં અને કરવામાં આવી રહેલાં બહુવિધ કાર્યો થકી થાય છે. પૂ. સ્વામીજીના વ્યક્તિત્વની આગવી વિશેષતા એ છે કે પોતે સંન્યાસી ખરા, પરંતુ કોઈ સંપ્રદાયની કંઠીથી અલિપ્ત રહી 'સંપ્રદાયકમુક્ત ધાર્મિકતા' પંથ સ્વીકારનાર અને અર્જૂનને કર્મયોગી બનાવવા માટે શ્રીકૃષ્ણએ જે ભૂમિકા અદા કરી હતી તેવી ભૂમિકા રાષ્ટ્રહિતથી પ્રેરાઈને પોતાનાં દેશ બાંધવોના આત્માને ઢંઢોળીને જાગરૂક કરવાનું-લોકમાનસનું ઘડતર કરવાનું ઋષિ કાર્ય કરી રહ્યા છે, જેનો દસ્તાવેજી પુરાવો તેમનાં પુસ્તકો અને સેવા કાર્યો થકી મળી રહે છે. વધુમાં, તેમણે વાચન, ભ્રમણ અને નિરીક્ષણને પોતાના ગુરુઓ તરીકે ઓળખાવ્યા છે, જે વિશેષ ધ્યાનાર્હ અને પ્રેરણાદાયી બની રહે છે.

આગળ ઉપર દર્શાવ્યા મુજબ પૂ. સ્વામીજીએ અનેકવિધ વિષયોમાં વિદગ્ધ ખેડાણ કર્યું છે, જે સુજ્ઞ વાચકોને પ્રથમ વાંચને જ હૃદયસ્પર્શી થઈ જાય તેટલું સત્વશીલ અને બળૂકું છે. ખાસ તો, આપણા આર્ષગ્રન્થો ઉપરનાં તેમનાં ભાષ્યોમાં કોરું તત્ત્વચિંતનનું દર્શન ન કરાવતાં ધર્મ અને દર્શનની સાચી સમજ પૂરી પાડીને સમાજ અને રાષ્ટ્ર માટે વાચકને ક્રિયાન્વિત કરવા પ્રેરે છે. આ બધાં ભાષ્યો તેમનાં મેધાવી પ્રતિભા અને ગહન વાંચન-ચિંતનનાં દ્યોતક બની રહે છે. તેમના કર્તૃત્વ અંતર્ગત ચરિત્રાલેખન એ ધ્યાનાકર્ષક પાસું છે, જેમાં તેમની અધ્યયનશીલતા અને ચરિત્રોના માધ્યમથી પ્રસ્તુત કરેલ ચિંતન ઊડીને આંખે વળગે તેવું ધારદાર છે. ચરિત્રચિત્રણના હેતુઓ તેમણે 'સંતચરિત્રો અને ચિંતન'માં દર્શાવ્યા છે : ૧. હિંદુપ્રજા બળવાન બને, ૨. હિંદુપ્રજામાં એકતા વધે, અને ૩. પ્રજા માનવતાવાદી બને. આ ત્રણેય ઉદ્દેશોની પરિપૂર્તિ વિવિધ ચરિત્રાંકનોમાં સુસ્પષ્ટ જોવા મળે છે. તેમણે સંતો, આચાર્યો, સમાજસુધારકો, રાજનીતિજ્ઞો, શહીદો, રાજા મહારાજાઓ અને મહારાણીઓ વગેરેનાં ચરિત્રચિત્રણો વિશે ૨૦થી અધિક ગ્રંથોની રચના કરી છે. ઇતિહાસ એ તેમનો જીવનરસ રહ્યો છે. આ રસને પોષવા તેમણે 'જુદા જુદા અનેક ઇતિહાસવેત્તાઓનાં પુસ્તકો'નું અધ્યયન કર્યું છે. તેમણે 'ભારતીય યુદ્ધોનો સંક્ષિપ્ત ઇતિહાસ', 'ભારતમાં અંગ્રેજોનાં યુદ્ધો', 'શહીદોની ક્રાંતિગાથાઓ', 'ફાંસીના વરરાજાઓ', 'ક્રાન્તિ કથાઓ' વગેરે ઉપરાંત ભારતના વિવિધ પ્રદેશોનાં ભ્રમણવૃત્તોમાં, તેમજ 'અધોગતિનું મૂળ : વર્ણવ્યવસ્થા' થકી આપેલ ઇતિહાસબોધ વિદેશનીતિ સંદર્ભે પણ માત્ર આંખ ઉઘાડનાર જ નહીં, પરંતુ ચેતવણીનો સૂર બની રહે છે.

'અધોગતિનું મૂળ' પુસ્તકમાં હિંદુધર્મની ઘોર અન્યાયકારી, અવિચારી અને હિંદુધર્મ તથા અંતતઃ રાષ્ટ્ર માટે સંકટ પેદા કરી રહેલ વર્ણવ્યવસ્થાની નાબૂદીનો શંખનાદ ફૂંકવામાં અધ્યયન-સંશોધનશીલ આર્ષદ્રષ્ટા ક્રાન્તિકારી સ્વામીજીનાં દર્શન થાય છે. આ સંદર્ભે તેમણે પૂછેલા ૩૫ પ્રશ્નો પ્રત્યેક હિંદુના હૈયાને હચમચાવી જાય તેવા વિચારશીલ છે. જો તેમના આ વિચારને પૂર્ણતઃ અમલીકૃત કરવામાં નહીં આવે તો હિંદુધર્મનું અસ્તિત્ત્વ દિનપ્રતિદિન દયનીય સ્થિતિમાં મુકાતું જશે, તે નિશ્ચિત છે.

ભ્રમણ-પ્રવાસ એ તેમનો જીવનરસ રહ્યો છે. તેમણે 'મારા અનુભવો'માં નોંધ્યું છે કે ૨૧ વર્ષની વયે ઈ.સ. ૧૯૫૩માં 'તીવ્ર વૈરાગ્યની ધૂનમાં... ઘરનાં બારણાં ઉઘાડાં મૂકીને અંધારી રાત્રે (ત્યારે વીજળી નહોતી આવી) હું એકલો ચુપચાપ થેલામાં ચાર કપડાં લઈને સાધુનો વેશ ધારણ કરીને... સવા રૂપિયો મુઠ્ઠીમાં લઈને... નીકળી પડ્યો હતો... મુઠ્ઠીમાં પકડેલો સવા રૂપિયો ભિખારીને આપી

દીધો... લક્ષ્મીનો સ્પર્શ કર્યા વિના પોણા ભાગના ભારતમાં હું ત્રણ વર્ષ સુધી ગુરુની શોધમાં રખડતો રહ્યો હતો. આ સમય બાદ ભારતનાં વિવિધ રાજ્યો ઉપરાંત વિશ્વના મોટા ભાગના દેશો, જેમ કે અમેરિકા, ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, જર્મની, ઑસ્ટ્રેલિયા, આફ્રિકા, ઇજિપ્ત, ઇઝરાયેલ, દુબઈ, ચીન, રશિયા, જાપાન, થાઈલેન્ડ, નેપાળ વગેરે અને આ પૈકી કેટલાક દેશોનું બે કે ત્રણ વખત પરિભ્રમણ કર્યું છે. અને આ સંદર્ભે ખાસ નોંધપાત્ર બાબત એ છે કે પોતાના બધા જ પ્રવાસોનાં ભ્રમણવૃત્તો/પ્રવાસગ્રંથો આપ્યા છે, જેની સંખ્યા ૩૫થી અધિક છે. વધુમાં, ગુજરાતના શીર્ષસ્થ ભ્રમણવીરો, જેમ કે, પદ્મશ્રી ભોળાભાઈ પટેલ, પ્રીતિ સેનગુપ્તા વગેરે પૈકી સૌથી અધિક દેશોનો પ્રવાસ કરવાનું અને સૌથી અધિક પ્રવાસગ્રંથો આપવાનું શ્રેય પૂ. સ્વામીજીના શિરે રહે છે. ઉલ્લેખનીય છે કે તેમણે પ્રથમ વિદેશ-પ્રવાસ યુગાન્ડા-કેનિયાનો વર્ષ ૧૯૭૦માં અને પ્રાયઃ અંતિમ પ્રવાસ નેપાળનો વર્ષ ૨૦૧૮માં કર્યો હતો.

પૂજ્ય સ્વામીજીકૃત ૩૫ જેટલા પ્રવાસ-ગ્રંથો પૈકી આ લખનારે ૧૯માંથી પસાર થતાં અનુભવ્યું છે અને સ્વામીજીએ પણ પ્રસંગોપાત્ત નોંધ્યું છે કે સામાન્યતઃ આપણા ધર્મ/સંપ્રદાય પ્રચારકો, સાધુસંતો, તાંત્રિકો, જ્યોતિષિઓ વગેરે પ્રાયઃ ફંડફાળો ઉઘરાવવા, સંપ્રદાયના પ્રચાર-પ્રસાર, શિષ્યોની વણઝાર ઊભી કરવા વગેરેના હેતુસર વિદેશ-પ્રવાસો કરતા રહે છે, તેમજ ચમત્કારો, શાપ, આશીર્વાદ, તથાકથિત પૌરાણિક વારતાઓ, આપણે મહાન પ્રજા છીએ, પશ્ચિમના દેશો ભૌતિકવાદી છે, વગેરે વાતોથી ગુમરાહ કરતા રહે છે, તેમજ આજની વાસ્તવિક સ્થિતિ અને વિદેશોની તુલનાએ આપણે ક્યાં છીએ કે આપણે સાંપ્રદાયિક કે જાતિગત પ્રશ્નોમાં કેવા અટવાયા છીએ તે વિશે ભાગ્યે જ વાત કરતા હોય છે. જ્યારે સ્વામીજીએ વિશ્વપ્રવાસો ઉઘાડી આંખે અને ખુલ્લા દિમાગ સાથે અને કંઈક પામવા માટે રાષ્ટ્રહિત હૈયે ધરીને એક અધ્યેતાની દૃષ્ટિએ કર્યા છે. તેમણે દક્ષિણ આફ્રિકાની ઊડતી મુલાકાત (૧૯૯૯)ની ભૂમિકામાં નોંધ કરી છે કે 'હું કદી પણ દેશ-વિદેશમાં ક્યાંય પણ કોઈ પણ સંપ્રદાય કે વાડાનો પ્રચાર નથી કરતો, માત્ર ધર્મનો-માનવ-ધર્મનો જ પ્રચાર કરું છું. વ્યક્તિપૂજા કે વંશપૂજાને જરાય મહત્ત્વ આપતો નથી.... જે દિવસે બધા સાધુ-સંતો સાચા અર્થમાં ધર્મ પ્રચારક થશે તે દિવસે હિન્દુપ્રજા અનેક વિભાજનોના અનિષ્ટથી મુક્ત થઈને એકતાનો આનંદ અનુભવશે... એટલે મારો પ્રયત્ન અને મુખ્ય ભાર ધર્મપ્રચારમાં રહ્યો છે.' વધુમાં, નોંધે છે કે : 'પ્રવાસમાં મારો દ્રષ્ટિકોણ મારા ભારત દેશને પણ આવો સુખી-સમૃદ્ધ અને સુરક્ષિત કેમ બનાવવો તે રહ્યો છે. આપણે ક્યાં ભૂલો કરીએ છીએ અને આપણે હવે શું કરવું જોઈએ તે અભિગમ મુખ્ય રહ્યો છે. આ દેશો સુખી સમૃદ્ધ કેવી રીતે બન્યા અને આપણે તેવા કેમ ન બન્યા તે પણ જોવા-જાણવા સમજવાનો પ્રયત્ન થતો રહ્યો છે.' (પૂર્વમાં નવું પશ્ચિમ, ૨૦૧૫, પૃ.૯)

સ્વામીજીના વિવિધ પ્રવાસ-ગ્રંથો વાંચતાં બહુઆયામી રીતે નવચેતનાનો સંચાર અનુભવીએ છીએ તે ખરે જ પ્રાણ ફૂંકનાર બની રહે છે. તેમના પ્રવાસ-ગ્રંથોમાં રાષ્ટ્રહિત સર્વોપરિ બની રહે છે, અને ખાસ ધ્યાનાર્હ બાબત તો એ બની રહે છે કે જે તે પ્રદેશ-વિશેષનાં કોરાં પ્રવાસ-વર્ણનો કે ભોમિયાનાં પર્યાય સમાન ન બની રહેતાં જે તે દેશના ઐતિહાસિક-સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક-રાજનીતિક પરિપ્રેક્ષ્યમાં વાસ્તવિક સ્થિતિઓનું ચિંતનસભર આલેખન કરવાની સાથે ભારતીય પરિપ્રેક્ષ્યમાં તુલનાત્મક અભ્યાસ રજૂ કરીને ભારતે વૈશ્વિકક્ષેત્રે વિકાસ સાધવા/વિકસિત પ્રજા તરીકેનું સ્થાન મેળવવા કે પોતાના ઘર આંગણના પ્રશ્નોના ઉકેલ માટે વિદેશનીતિ, આર્થિક કે ઔદ્યોગિક ઈત્યાદિ ક્ષેત્રે કેવાં પગલાં ભરવાં જોઈએ, તેમજ નાગરિક ધર્મનું કે અન્ય આનુષંગિક ક્ષેત્રે પાલન કરવા વિશે પોતાનું સ્પષ્ટ દૃષ્ટિબિંદુ રજૂ કરતા રહે છે. અને આ સાથે જ કોઈ એક સમાન પ્રશ્નના ઉકેલ સંદર્ભે કોઈ દેશ દ્વારા કેવી નીતિ અમલમાં મૂકવામાં આવી હતી તે સંદર્ભેનાં ઉદાહરણો પણ રજૂ કરતાં રહે છે. અને આ સાથે જ આપણા દોષો/ત્રૃટિઓ તરફ પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવતાં રહે છે. આ સંબંધી એક ઉદાહરણ જોઈએ : 'આપણે આત્મશ્લાઘામાં રાચનારી પ્રજા છીએ, અને કેટલાક લોકોએ પશ્ચિમને ખરાબ રીતે ચીતર ચીતર કર્યો છે એટલે પૂર્વગ્રહ બંધાઈ ગયો છે : પશ્ચિમમાં બધું જ ખરાબ જ છે અને આપણું બધું સારું જ છે.' ('પૂર્વમાં નવું પશ્ચિમ', ૨૦૧૫, પૃ. ૭-૮).

સ્વામી સચ્ચિદાનંદજીએ વિદેશોના પ્રવાસો દરમિયાન જે તે દેશની સમાજવ્યવસ્થા, રાજકારણ, વિદેશનીતિ, આર્થિક અને ઔદ્યોગિક બાબતો વગેરે વિશે જે જોયું, અનુભવ્યું તેનો ભારતમાં અમલ કરવા કે તે વિશે ભારતમાં કેવી સ્થિતિ પ્રવર્તી રહી છે તે સંદર્ભે સુચિંતનીય અવલોકનો/સૂચનો પોતાના પ્રવાસ-ગ્રંથોમાં રજૂ કર્યાં છે તે પૈકી કેટલાંક તેમના જ શબ્દોમાં જોઈએ :

### ૧. અનામત/શિક્ષણ

● 'મોરિશિયસમાં સરકારી શાળા/કૉલેજોમાં ફ્રી શિક્ષણ છે. અહીં કોઈના પણ માટે કશી અનામત નથી... ભારતમાં દલિતોને અનામત હતી ત્યાં સુધી ઠીક હતું, પણ પછી અનામતનું રાજકારણ ચાલ્યું. ચુંટણી આવે કે તરત જ નવી અનામતની લાલચ પણ આવે... ભારત ધારે તો પૂરા શિક્ષણને ફ્રી બનાવી શકે. (મોરિશિયસ અને દુબઈ, ૨૦૦૮, પૃ. ૧૧). ભારત સરકારની અનામતનીતિ મતલક્ષી થઈ ગઈ છે... દેશની એકતા તૂટી રહી છે.' (પૃ.૨૫).

● 'સવર્ણ હિન્દુઓમાં પણ બહુ મોટું પ્રમાણ ગરીબોનું છે... એક તરફ માત્ર મુસ્લિમો માટે (તે સમૃદ્ધ હોય તોપણ) સ્કૉલરશિપ માટે અબજો રૂપિયા આવંટિત થાય અને બીજી તરફ એ જ રેવન્યૂ આપનારા સવર્ણ હિન્દુઓ માટે એક પૈસો પણ આવંટિત ન કરાય. આ ઘોર પક્ષપાત છે... સ્કૉલરશિપ હોવી જોઈએ. પણે તે માત્ર સ્કૉલરો માટે. તેમાં મજહબ કે જાતિનો ભેદ ન હોય. આપણે રાષ્ટ્રની એકતા વધારવાની છે. વિભાજન કરવાનાં નથી... આ દેશના ફરીથી ટુકડા થશે, તેવું લાગી રહ્યું છે.' (સિક્કીમ અને ભુતાન..., ૨૦૦૭, પૃ. ૧૦૭)

● 'ઇઝરાયલની સેનામાં પોલીસમાં આરબોને સ્થાન મળતું નથી.... જ્યારે ભારતમાં અનામત દ્વારા એવા લોકોને પણ મહત્ત્વનાં સ્થાનોમાં ભરતી કરાવનારા રાજકીય પક્ષો છે, જેમની રાષ્ટ્રીયતા શંકાશીલ છે. (ઇઝરાયલ, ૨૦૨૧, પૃ. ૭).

### ૨. અર્થવ્યવસ્થા

● 'ચીને પોતાની આગવી અર્થવ્યવસ્થા ઊભી કરી, જેના પાયામાં સાઇકલ રહી. ત્રણ લાભ થયા : ૧. પર્યાવરણ બગડતું અટક્યું, ૨. કરોડો બૅરલ પેટ્રોલિયમ બચ્યું, અને ૩. પ્રજાનું સ્વાસ્થ્ય સુધર્યું. હજી પણ મોટરકાર લેવા માટે સરકારની સ્વીકૃતિ લેવી જરૂરી મનાય છે... લોકશાહીમાં કદાચ આ ન થઈ શકે. (ચીન-મારી નજરે, ૨૦૦૧, પૃ. ૫).

### ૩. અહિંસા

● 'અહિંસાથી કદાચ સારા માણસ પાસેથી આઝાદી મેળવાય તો ખરી, પણ અહિંસાથી આંતરબાહ્ય શત્રુઓથી તેનું રક્ષણ ન કરી શકાય. તેના માટે તો વીરતા જ પરમો ધર્મ થઈ જાય છે. વીરતાની ઉપેક્ષા કરનાર ધર્મો અને રાષ્ટ્રો પ્રજાને નમાલાં બનાવતાં હોય છે.' ('ફરી પાછા પૂર્વમાં', ૨૦૦૭, પૃ. ૬૧).

### ૪. આતંકવાદ

● 'છેલ્લા કેટલાય સમયથી દિલ્હી સરકાર આતંકવાદીઓ પ્રત્યે બહુ જ ઢીલી નીતિ અપનાવી રહી હતી. 'પોટા' જેવો કાયદો રદ કરીને આતંકવાદી ગ્રૂપને જાણે કે રાજી કર્યું હતું... ગુજરાતે 'ગુજકોક' કાયદો બનાવીને મોકલ્યો છે, પણ પાસ કરાતો નથી.' (મોરિશિયસ અને દુબઈ, ૨૦૦૮, પૃ. ૧૧૬).

● 'કોઈ પણ પ્રકારની હિંસાનું હું સમર્થન કરતો નથી, તોપણ તેનાં કારણોમાં તો જવું જ જોઈએ. બદલો લેવાનું એક જ વર્ગને આવડે છે, તો બીજો વર્ગ ક્યાં સુધી સહન કર્યા કરશે ?... હવે રોડાનો જવાબ ઈંટથી આપવાનો રસ્તો ગ્રહણ કરવા તરફ લોકો વળ્યા છે. બંને હાથોમાંથી ઈંટો મુકાવી દેવી જોઈએ. તો જ શાંતિ થાય. અપરાધીઓ અને તેમના સમર્થકો ગમે તે વર્ગના હોય, તેમનું તુષ્ટિકરણ ન જ હોય. આ આરબ શેખો પાસેથી તે શીખવું જોઈએ.' (પૃ. ૧૨૦).

### ૫. કાયદાનું પાલન

● 'અહીં કાયદો અને વ્યવસ્થા સજજડ છે... પોલિસ પણ દંડ લેવામાં અને વસૂલ કરવામાં પૂરેપૂરી તત્પર. જો કોઈ કાગળનો નાનોસરખો ટુકડો પણ રોડ પર ફેંકે તો તેને હજાર રૂપિયાનો દંડ થઈ શકે છે. જરૂર છે કચરો પાડવાની કુટેવને બદલવાની, એ માટે જરૂર છે સંસ્કારની... આ દૃષ્ટિએ આપણે સંસ્કારી ન કહેવાઈએ. (મોરિશિયસ અને દુબઈ, ૨૦૦૮, પૃ.૧૪)

### ૬. જાહેર રજાઓ

● 'ભારતે ઇજિપ્ત પાસેથી શીખવા જેવી વસ્તુ હોય તો – અહીં માત્ર પાંચ જ હોલીડે છે... પણ આપણે તો રજાઓ રાખવામાં વોટ બૅંકને ધ્યાનમાં રાખીએ છીએ. આપણે ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છીએ [પરંતુ] કેટલીક બાબતોમાં વધુ પડતા ધર્મસાપેક્ષ છીએ. રોડ ઉપર દેરીઓ, કબરો, દરગાહો સાબૂત રાખવામાં આપણો ક્યાંય જોટો નહિ મળે... પૂતળાં મૂકવામાં પણ વોટ બૅંકને ધ્યાનમાં રખાઈ છે.' (ટર્કી અને ઈજિપ્ત, ૨૦૦૭, પૃ. ૧૯૩ - ૧૯૪).

### ૭. ધર્માંતરણ

● 'આઝાદી પછી હિન્દુવિરોધી વલણ ધરાવનારી સરકારો આવી. તેમણે મિશનરીઓને ખુલ્લો દોર આપી દીધો છે. આ ધર્માંતરણની અસર રાષ્ટ્રના ભવિષ્ય પર માઠી પડવાની જ છે. નાગાલૅન્ડ, મિઝોરમ વગેરે ખ્રિસ્તીબહુલ પ્રદેશો જુદા થવા માગે છે.... આ બધો અગ્નિ માત્ર ને

માત્ર ધર્મથી જ લાગ્યો છે.... ધર્મસ્વાતંત્ર્ય જરૂરી છે, પણ રાષ્ટ્રના ભવિષ્યની સુરક્ષા અને અખંડિતતા તેથી પણ વધુ જરૂરી છે. મિશનરીઓ કે બીજા ભલે સેવા કરે, પણ ધર્માંતરણ કર્યા વિના સેવા કરે ને. (ઉપર મુજબ પૃ.૩૯). દુબઈ એ ધર્મપ્રચાર પર પ્રતિબંધ મૂકી દીધો છે, જેથી ભવિષ્ય બગડે નહિ. આપણે ભવિષ્યને અંધકારમય બનાવી દીધું છે.' (મોરિશિયસ અને દુબઈ, ૨૦૦૮, પૃ. ૭૪).

**૮. ધાર્મિક ઉન્માદ**

● 'હિંદુ-મુસ્લિમ બધા જ પોતપોતાનાં પર્વો પોતપોતાનાં ધર્મસ્થાનોમાં ઉજવે, જાહેર રોડ પર કોઈ ન આવે, તો ધર્મને કશો વાંધો આવવાનો નથી. આ વાત હું વર્ષોથી કહું છું.... લોકોને ઉત્સવ ઉજવવાના ઉમળકા કરતાં ઝનૂન વધારે ચઢતું હોય છે. પરિણામે ઘણી વાર મોટા અનર્થો થઈ જતા હોય છે.' (મોરિશિયસ અને દુબઈ, ૨૦૦૮, પૃ. ૯૨).

● 'લોકો કાર્ટૂન માત્રથી ઉશ્કેરાઈ જાય છે અને તૌહીનનો આક્ષેપ મૂકે છે તેમણે બીજા ધર્મોની કેટલી બધી તૌહીન કરી છે તેનો હિસાબ પહેલાં તપાસવો જોઈએ. બીજાને પણ ધર્મની બાબતમાં આઘાત લાગતો હોય છે.' (ફરી પાછા પૂર્વમાં, ૨૦૦૭, પૃ. ૬૪).

**૯. મતદાન**

● 'સવર્ણ હિન્દુઓની દુર્દશામાં મતદાન પ્રત્યેની ઉપેક્ષાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને ભજવી રહ્યા છે. કદાચ પતન અને વિનાશનો આ સંદેશ છે.' (સિક્કીમ અને ભુતાન..., ૨૦૦૭, પૃ. ૫-૬).

● '[પશ્ચિમ બંગાળમાં] બાંગ્લાદેશીઓ આવો, વસો અને અમને વોટ આપો. આ સીધુ ગણિત કામ કરી રહ્યું છે. હિન્દુ પ્રજા પાસે દીર્ઘદષ્ટિ નથી, તેમને વોટ તો દેખાય છે, પણ વોટ પાછળ સંતાયેલું વિભાજન અને ગુલામી દેખાતી નથી. (ઉપર મુજબ, પૃ. ૯).

**૧૦. મુસલમાન પ્રજા**

● 'મારો અનુભવ છે કે ભારતના મુસ્લિમોની તુલનામાં બહારના મુસ્લિમો વધુ મળતાવડા હોય છે. ગોધરાકાંડ પછી મુસ્લિમોનાં વલણ-વ્યવહાર બદલાયાં છે. મોટું દુઃખ તો એ છે કે તેમની પાસે કોઈ ગાંધી નથી. હા, તેમની પાસે પેટ્રોલ છાંટનારા ઘણા છે'. (મોરિશિયસ અને દુબઈ, ૨૦૦૮, પૃ. ૧૦૮).

**૧૧. રાજકીય પક્ષો**

● 'અમે પૂરા આઠ દિવસ રહ્યા, પણ અમને ક્યાંય કોમવાદ અથવા વેરઝેર જેવો અનુભવ ન થયો... ભારત જેવી સ્વાર્થી રાજકીય પાર્ટીઓ નથી, જે પોતાના સ્વાર્થ માટે... કોમવાદ અથવા સંપ્રદાયવાદનું ઝેર ફેલાવે, ઇઝરાયલમાં રાજકીય પાર્ટીઓ તો ઘણી છે, પણ બધી રાષ્ટ્રવાદી છે અને ઇઝરાયલના હિતને સર્વોપરી માનનારી છે.' (ઇઝરાયલ, ૨૦૨૧, પૃ.૭).

**૧૨. લવજેહાદ**

● 'ભારતમાં પણ જેહાદીઓ અને હિન્દુઓના આચાર-વિચાર, સંસ્કાર, ધર્મ વગેરેમાં ઘણો તફાવત હોવા છતાં પણ લવજેહાદની પ્રવૃત્તિ એટલી બધી ફૂલીફાલી છે કે તે ચિંતાનો વિષય બની ગયો છે.... ભારતની હિંદુ દીકરીઓ ઇઝરાયલની યહૂદી કન્યાઓ પાસેથી બોધપાઠ લે તો આ પ્રશ્ન બહુ સરળતાથી ઉકેલી શકાય' (ઉપર મુજબ, પૃ. ૮).

**૧૩. વિદેશનીતિ**

● 'ઇઝરાયલની વિદેશનીતિ અમેરિકા અને પશ્ચિમી રાષ્ટ્રો તરફ ઝૂકતી રહી છે, એટલે જરૂર પડે ત્યારે... આ બધાં સમર્થ રાષ્ટ્રો તેની પડખે ઊભા રહે છે. આપણે... તટસ્થતિનીતિ અપનાવી, તેના કારણે નુકસાન ભોગવવું પડ્યું. એક તો આપણે મિત્ર વિનાના થઈ ગયા અને આપણને આર્થિક સહાય કરનારા ઓછા થઈ ગયા. હવે જોકે મોદી સરકારે વાસ્તવિકતાનો સ્વીકાર કરીને વિદેશનીતિ તથા ગૃહનીતિમાં ઘણો ફેરફાર કર્યો છે.' (ઉપર મુજબ પૃ.૯)

**૧૪. સ્વચ્છતા**

● 'આપણી ખરી શરમ તો ગંદકી, અપ્રામાણિકતા, લાંચરુશવત અને સમયનો બગાડ છે... કાશીમાં મળ-મૂત્રના રેલા છેક ગંગાજીમાં પહોંચી રહ્યા છે... અને શ્રદ્ધાળુ લોકો આચમન ઉપર આચમન પણ કરી રહ્યા છે.' (પૃથ્વી-પ્રદક્ષિણા, ૧૯૯૯, પૃ. ૧૪૫-૧૪૭).

**૧૫. હિન્દુ પ્રજા**

● 'હિન્દુ પ્રજાને નમાલી... કાયર કોણે બનાવી. મારી દષ્ટિએ વીરતા વિનાની જીવનવ્યવસ્થા આપનારા હજારો સંપ્રદાયોએ આ કામ કર્યું છે અને કરી રહ્યા છે. પ્રજાને કોણ વીરતાનો ઉપદેશ આપે છે ? કોઈ નહીં. બધા જ ભાગી છૂટવાનો - પલાયનવાદી ઉપદેશ આપે છે. હિન્દુ પ્રજા.... બળવાન, વીર અને એક બને તો જ તેનું ભવિષ્ય ઉજ્જ્વળ થઈ શકે.' (મોરિશિયસ અને દુબઈ, ૨૦૦૮, પૃ.૨૦)

● 'જ્યાં સુધી આપણને નશો નહિ ઊતરે ત્યાં સુધી

આપણે સુધરવાના નથી 'હમ મહાન હૈ'નો નશો આપણને સુધરવા દેતો નથી. આ નશાના કારણે બીજાના ગુણો અને પોતાના દોષો આપણને દેખાતા નથી.' (પૃ. ૮૬).

● 'આત્મા અને પરમાત્માના નામે એક તરફ પ્રજાને રાષ્ટ્રવાદની ઉપેક્ષા કરતી કરવામાં આવી... ધર્મના નામે લોકોને કૂપમંડૂક બનાવવામાં આવ્યા એટલે પ્રજાનું પતન થયું અને સતત વિદેશી ધાડાંઓથી લૂંટાતી રહી.' (ટ્રાન્ઝાનિયા..., પૃ. ૧૮૧)

● 'ભારતીય પ્રજાનું મસ્તિક મુખ્યતઃ ધર્મ પુરુષો દ્વારા ઘડાયું છે. ધર્મપુરુષોએ સતત શાપ અને આશીર્વાદની કથાઓ સંભળાવી-સંભળાવીને પ્રજાને અતિશ્રદ્ધા અથવા અંધશ્રદ્ધાની કક્ષાએ સ્થિર કરી દીધી છે. પશ્ચિમના મસ્તિકનું ઘડતર વૈજ્ઞાનિકો કરે છે અને વિજ્ઞાન અતિશ્રદ્ધા કે અંધશ્રદ્ધામાંથી જન્મતું નથી... પ્રશ્ન છે પ્રજાજીવનના સાચા પ્રશ્નોનું નિરાકરણ કરવાનો. આ કામ પશ્ચિમની પ્રજાએ આપણી તુલનામાં ઘણી સારી રીતે કર્યું, કરી રહી છે. (પૃથ્વી-પ્રદક્ષિણા, ૧૯૯૯, પૃ.VIII-X)

● **'હે પૂજ્ય ધર્મગુરુઓ ! હે મહાન આચાર્યો ! હે કથાકારો ! હે યોગીઓ ! હે સમાજસેવકો ! હે લેખકો, સાહિત્યકારો, કવિઓ કે વિચારકો આપ સૌને મારી કરબદ્ધ નમ્ર પ્રાર્થના છે કે અત્યારે હિંદુ પ્રજા ભારે કટોકટીમાંથી પસાર થઈ રહી છે. આવનારાં વર્ષોમાં તેનું અસ્તિત્વ જોખમમાં પડી શકે તેમ છે. આવી સ્થિતિમાં તમે બધા હિન્દુ પ્રજાને પરલોકના રવાડે ચડાવવાનું બંધ કરો... આ લોકના બે સળગતા પ્રશ્નો ગરીબી અને ગુલામી ઉપર પૂરેપૂરું ધ્યાન આપીને પ્રજાને સાચા માર્ગે વાળો. જેવી રીતે યહૂદીઓએ ઇઝરાયલ જેવો નાનો સરખો દેશ બનાવીને, પણ મહાન રાષ્ટ્ર બનાવ્યું અને પોતાનું ભવિષ્ય સુરક્ષિત કરી દીધું તેવી રીતે પ્રત્યેક ભારતીય પણ ભારતને મહાન રાષ્ટ્ર બનાવીને તેના મૂળ નિવાસી હિન્દુ પ્રજાનું ભવિષ્ય સુરક્ષિત થઈ જાય તેવા પ્રયત્નો કરે. આ જ આપણે ઇઝરાયેલ પાસેથી શીખવાનું છે.' (ઉપર મુજબ પૃ.૬૫-૬૮)**

**(નોંધ :** પૂ. સ્વામીજીના ચિંતનશીલ અને અનુકરણીય વિચારો પૈકી કેટલાક અહીં ઉદાહરણ તરીકે ઉદધૃત કર્યા છે. તેમના સમગ્ર સાહિત્યમાં અધ્યેતા અને સંશોધકની દૃષ્ટિએ ડૂબકી મારવામાં આવે તો વ્યક્તિ ઘડતર અને અંતતઃ રાષ્ટ્રઘડતર માટે ઉપયોગી એવો એક દળદાર કોશ તૈયાર થઈ શકે. જે પ્રત્યેક ભારતીય અને નીતિનિર્ધારક માટે આદર્શ ભોમિયો બની રહેશે. તેમનું સાહિત્ય તો સૂક્તિરત્નોની ખાણ છે. આ સાથે જ એક વિનમ્ર અપીલ છે કે તેમનું સમગ્ર સાહિત્ય વિદ્યાર્થીઓના સંસ્કારઘડતર માટે પૂરક વાચન તરીકે શાળા/કૉલેજોમાં સામેલ કરવું જોઈએ.

આ સાથે જ ઉલ્લેખ કરવો રહ્યો કે આપણા સ્વામી સચ્ચિદાનંદજી એટલે પૂર્વાશ્રમના ન્હાનાલાલ ત્રિવેદી. તેમનો જન્મ તા. ૨૨ એપ્રિલ, ૧૯૩૨ના રોજ થયો હતો. તેમનું વતન મુજપુર, તા. સમી છે. તેમનાં માતાનું નામ વહાલીબહેન અને પિતાનું નામ મોતીલાલ ત્રિવેદી. તેમણે ૨૧ વર્ષની વયે 'તીવ્ર વૈરાગ્યની ધૂનમાં ગૃહત્યાગ' કરી કાશીમાં વિદ્યાભ્યાસ કરતાં 'શાંકર વેદાન્ત' વિષયમાં આચાર્યની પદવી સુવર્ણચંદ્રક સાથે ૧૯૬૬માં મેળવી હતી. આ સંદર્ભે તેમણે આત્મવૃત્તમાં નોંધ કરી છે કે 'મારે એવો સુવર્ણચંદ્રક ક્યાં લગાવવો... એ ચંદ્રક લેવા હું સમારોહમાં ગયો જ નહિ. મારી ઇચ્છા હોત તો હું પીએચ.ડી. કરી શક્યો હોત'. કાશી નિવાસ દરમિયાન તેમણે ફિરોજપુરમાં સ્વામી મુક્તાનંદજી પાસે સંન્યાસની દીક્ષા લીધી હતી. આચાર્યની પદવી મેળવ્યા બાદ ગુજરાતમાં પરત થતાં પરિભ્રમણ દરમિયાન માનવસેવાની પ્રવૃત્તિઓ કાજે આશ્રમ સ્થાપવાનો વિચાર આવતાં દંતાલી, તા. પેટલાદમાં સંવત ૨૦૨૫, મહા સુદ ૫ - વસંતપંચમીએ 'ભક્તિનિકેતન આશ્રમ'ની સ્થાપના કરી. તેમનાં અસાધારણ સેવાકાર્યો અને વિદગ્ધ વક્તવ્યો-પુસ્તકોથી ગુજરાત અને દેશના સીમાડાઓ બહાર ગીતાને અભિપ્રેત એવા કર્મયોગી ક્રિયાશીલ સંત તરીકે ખ્યાતિ પામ્યા. તેમનાં જીવન અને ચિંતન વિશે વિશેષ માહિતી માટે તેમનું આત્મવૃત્ત **'મારા અનુભવો'** (૧૯૮૭), તેમનાં પુસ્તકો, ઉપરાંત ડૉ. ભદ્રાયુ વછરાજાનીએ પૂ. સ્વામીજી સાથે કરેલ વાર્તાલાપ ઉપયોગી બની રહેશે. તેમનાં પુસ્તકો પૈકી કેટલાંક પુસ્તકો 'ગુજરાતી સાહિત્ય પરિષદ'', 'ગુજરાત સાહિત્ય અકાદમી' વગેરે અનેકવિધ સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત છે. 'મારા અનુભવો' નર્મદ સાહિત્યસભા દ્વારા 'નર્મદ ચંદ્રક'થી અલંકૃત છે. આ ઉપરાંત પૂ. સ્વામીજી 'દધીચિ અવૉર્ડ', 'આનર્ત અવૉર્ડ', 'શ્રી ગાંદિયા અવૉર્ડ' વગેરે પારિતોષિકોથી અને છેલ્લે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨માં **'પદ્મભૂષણ'** થી વિભૂષિત કરવામાં આવ્યા છે.

**- મણિભાઈ પ્રજાપતિ**

શ્રદ્ધાંજલિ

# મૂઠી ઊંચેરા માનવ અને ઉદ્યોગસાહસિક સ્વ. ઈશ્વરલાલ પટેલ

સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી, સર્વ વિદ્યાલય ઉપરાંત સમાજજીવનની વિવિધ સંસ્થાઓના ઉમદા દાતાશ્રી, શેરથાના સહૃદયી અને કર્તવ્યનિષ્ઠ વતની-વતનવાસીઓ ઉપરાંત જરૂરતમંદોના સુખ-દુઃખના સહૃદયી સાથી, જીવદયાપ્રેમી, તેમજ ઉદ્યોગસાહસિક ઈશ્વરલાલ અંબાલાલ પટેલનું ૮૮ વર્ષની વયે અમદાવાદમાં પોતાના નિવાસસ્થાને તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ નિધન થયું. તેમના નિધનથી સર્વ વિદ્યાલયે પોતાનો મોટાગજાનો દાનવીર અને મૂઠી ઊંચેરો માનવ ગુમાવતાં, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચૅરમૅનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર શોકસંતપ્ત હૈયે પ્રાર્થના કરે છે કે પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે.

ૐ શાંતિ । ૐ શાંતિ । ૐ શાંતિ ।

* * *

સ્વ. ઈશ્વરલાલ પટેલનું વતન શેરથા, તા. જિ. ગાંધીનગર. તેમનાં માતા-પિતાનું નામ શ્રીમતી લક્ષ્મીબહેન અને પિતાશ્રીનું નામ અંબાલાલ પટેલ. આ પરિવારમાં ત્રણ પુત્રો : શ્રી ત્રિભોવનભાઈ, શ્રી ઈશ્વરભાઈ અને શ્રી વિઠ્ઠલભાઈ અને ત્રણ પુત્રીઓ દીવાબહેન, જમુબહેન અને પુરીબહેન. હવે આ પૈકી એકમાત્ર વિઠ્ઠલભાઈ હયાત છે. શ્રી ઈશ્વરભાઈનો જન્મ વતન શેરથામાં તા. ૨૬ ડિસેમ્બર, ૧૯૩૪ના રોજ થયો હતો. તેમનાં પત્નીનું નામ શ્રીમતી મંગુબહેન. શ્રી ઈશ્વરભાઈએ વતનની પ્રાથમિક શાળામાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઉત્તર ગુજરાતના સુખ્યાત વિદ્યાધામ 'સર્વ વિદ્યાલય', કડીમાં મૅટ્રિક સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા હતો. આ અભ્યાસગાળા દરમિયાન [પદ્મશ્રી પ્રોફેસર] ભોળાભાઈ પટેલ, [પ્રોફેસર] પી. સી. પટેલ વગેરે સહાધ્યાયીઓ હોવાની સાથે જ વિદ્યાર્થી આશ્રમમાં એક જ ઓરડીમાં નિવાસ કરતા હતા. આ સૌ વચ્ચે પરસ્પર સ્નેહભાવ જીવનભર ટકી રહ્યો હતો. આ ત્રણેય મિત્રો પૈકી ઈશ્વરલાલે છેલ્લે પ્રયાણ કર્યું.

ઈશ્વરલાલે સર્વ વિદ્યાલય, કડીમાંથી મૅટ્રિકની પરીક્ષા પાસ કર્યા બાદ વલ્લભવિદ્યાનગરની બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો, પરંતુ બીજા જ વર્ષે ગુજરાતની ખ્યાતિપ્રાપ્ત કૉમર્સ કૉલેજ - એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં પ્રવેશ મેળવી બી.કૉમ. સુધી અહીં જ અભ્યાસ કર્યો. બી.કૉમ.માં પ્રોત્સાહક પરિણામ મેળવતાં અને સમાજજીવનમાં અધ્યાપકોનાં માન-મરતબો-પ્રતિષ્ઠા જોતાં એમ.કૉમ.ની ડિગ્રી હાંસલ કરવા મનસૂબો કર્યા. આ સાથે જ દ્વિતીય સ્નાતકની ડિગ્રી લેવા હેતુ બી.એ.માં પણ પ્રવેશ મેળવ્યો, એલએલ.બી.ના વર્ગો પણ ભર્યા. કમનસીબે અપેક્ષા મુજબનું પરિણામ ન મેળવતાં ભારે ક્ષોભ અનુભવ્યો. આ સમયે ચાણક્યની સૂક્તિ -

**ईप्सितं मनसः सर्वं कस्य सम्पद्यते सुखम ।**
**देवायंत यतः सर्वं तस्मात् सन्तोषमाश्रयेत् ॥**

અર્થાત્ 'મનથી ઇચ્છેલું બધું સુખ ખરેખર કોને મળે છે ? સુખ-દુઃખ બધું જ નસીબને આધીન છે, તેથી સંતોષનો આશ્રય લેવો જોઈએ' ને માતાપિતાનાં હૂંફ અને પ્રેરણાથી મનોમન આત્મસાત કરતાં શોકમાંથી બહાર નીકળીને વાણિજ્યના શિક્ષણને વ્યવહારમાં ક્રિયાન્વિત કરવા ઉદ્યત થતાં વ્યાપાર ક્ષેત્રે કાર્યારંભ કર્યો. એચ. એલ. કૉમર્સ કૉલેજના સહાધ્યાયી એવા ડરણના શ્રી ઈશ્વરભાઈ તથા લોખંડના વેપારના અનુભવી શ્રી દલસુખભાઈ મિસ્ત્રીની ભાગીદારીમાં લોખંડનો વેપાર શરૂ કર્યો. પ્રામાણિક પુરુષાર્થ સાથે વેપાર શરૂ કરતાં ઉત્તરોત્તર સફળતાનાં શિખરો સર કરતાં.

એક નાનકડી દુકાનમાં શરૂ કરેલ **ડી. ઈશ્વરલાલની કંપની.** એ લોખંડના વ્યાપાર ક્ષેત્રે હરણફાળ પ્રગતિ સાધતાં પ્રારંભમાં ભાગીદાર ઈશ્વરભાઈના ઘરના ધાબા ઉપર ખિલાસરી ઈત્યાદિ રાખવામાં આવતી હતી, તેના સ્થાને માલ રાખવા માટે સમયાન્તરે ત્રણ ત્રણ વિશાળ ગોડાઉનો ખરીદવામાં આવ્યાં. ભગવાન શ્રીકૃષ્ણે આર્ષગ્રંથ **'શ્રીમદ્ભગવદ્ગીતા'**માં કહ્યું છે કે **'स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः'** અર્થાત્ 'પોતપોતાના કાર્યમાં લાગેલો પુરુષ સારી સિદ્ધિને પામે છે' તે સૂકિતને આ ત્રણેય ભગીદારોએ મનોમન ગાંઠવાળીને ધ્યેયનિષ્ઠ કઠોર પરિશ્રમ કરીને ચરિતાર્થ કરી. સમયાન્તરે ડી. ઈશ્વરલાલની કપનીં.' એ ઈશ્વરલાલની દુરંદેશિતા, ઉદ્યમશીલતા અને સાહસિકતાના કારણે 'લિંકન ફાર્માસ્યુટિકલ' અને 'શેલાવી પલ્પ ઍન્ડ પેપર મિલ' અને સિમેન્ટના પ્લાન્ટ બનાવવાની કંપનીઓમાં ભાગીદારી પણ કરી હતી. આ ત્રણેય ભાગીદારોએ ભારે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવીને આ કંપની વિકસાવતા રહીને આર્થિક સમૃદ્ધિ હાંસલ કરતાં શૈક્ષણિક - સામાજિક સંસ્થાઓને ઉદારચેતા હૃદયે દાન પણ આપતા રહ્યા – મારા કે તારા વિસ્તાર/ગોળના વિચારથી અનાસકતભાવે અળગા રહીને આ મૂઠી ઊંચેરી ત્રિપુટીનું સખ્ય સમાજજીવન અને વ્યાપારીવર્ગમાં લોકમુખે જીવંત રહ્યું છે. પોતપોતાના પરિવારમાં બીજી-ત્રીજી પેઢીનો વ્યાપારમાં પ્રવેશ થતાં અને પ્રાયઃ ચારદશકથી અધિક સમય સુધી સાથે કામ કરતાં પ્રેમથી છૂટા પડવાનું ડહાપણભર્યું પગલું લીધું. કોઈ પણ પ્રકારના ઊહાપોહ કે મમત્વ સિવાય ત્રણ-ચાર કલાકના વિચાર-વિમર્શ બાદ ત્રણેય ભાગીદારો છૂટા પડ્યા. આ ત્રણેયના પરિવારો વચ્ચે આજે પણ ભાઈચારા સભર સંબંધો જળવાઈ રહ્યા છે, જેના પાયામાં ઉત્તમ સંસ્કારવારસો, મૂકી ઊંચેરી માનવીય સંવેદના અને કોઠાસૂઝ જોવા મળે છે.

પોતાનો નાનોભાઈ વિઠ્ઠલ અને પોતે સર્વ વિદ્યાલયમાં એકાદ ધોરણ આગળ-પાછળ ભણતા હોઈ તેના પ્રતિ વિશેષ પ્રીતિ બંધાઈ હતી. વિઠ્ઠલની ગણિતમાં રસ-રુચિને ધ્યાને લઈ તેને ભૂમિતિમાં પાવરધો કરવાનું શ્રેય તેમના શિરે રહે છે. વધુમાં, કૉલેજ શિક્ષણ બાદ ઈશ્વરભાઈએ જ્યારે લોખંડનો વેપાર શરૂ કર્યો હતો તે સમયગાળામાં વિઠ્ઠલભાઈ વલ્લભવિદ્યાનગરની વિજ્ઞાન કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે નિયુકત થતાં માંડ બે માસ જેટલો સમય ગયો હશે તે વખતે ઈશ્વરભાઈએ વિઠ્ઠલને નોકરી છોડીને અમદાવાદ આવવા આગ્રહ કરતાં વિઠ્ઠલભાઈ પીએચ.ડી. હેતુ રૂપિયા ૨૦૦ ની સ્કૉલરશિપ મંજૂર થતાં પ્રો. પી. સી. વૈદ્યસાહેબના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરવા વિદ્યાનગરમાંથી રાજીનામું આપીને અમદાવાદ પરત થયા. આ બંને ભાઈઓએ અમદાવાદમાં સાથે જ રહેવાનું પસંદ કર્યું. ભાઈઓ વચ્ચેની પરસ્પર પ્રીતિ એક ઉદાહરણ સ્વરૂપ ઘટના જ લેખવી રહી ! થોડોક સમય પસાર થયા બાદ વિઠ્ઠલભાઈ એમ. જી. સાયન્સમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા અને પીએચ.ડી. હેતુ સંશોધનકાર્ય ચાલુ રાખ્યું. યોગાનુયોગ પ્રો. વૈદ્યસાહેબ અમેરિકાની યુનિવર્સિટીમાં જોડાતાં પીએચ.ડી.માં ઝાઝી પ્રગતિ ન થતાં વિઠ્ઠલભાઈએ અમેરિકા જવાનું વિચાર્યું. આ વિચારને ક્રિયાન્વિત કરવામાં ઈશ્વરભાઈ ઉપરાંત તેમના સૌથી મોટાભાઈ શ્રી ત્રિભોવનભાઈએ સક્રિય સહયોગ અને પ્રોત્સાહન પૂરું પાડતાં વિઠ્ઠલભાઈ કેલિફોર્નિયા સ્ટેટ પોલિટેક્નિક યુનિવર્સિટી, બર્કલીમાં પીએચ.ડી. હેતુ જોડાઈ શક્યા, જ્યાં તેમને નોબેલ એવૉર્ડ વિજેતા વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઈનના પુત્ર પ્રોફેસર હાન્સ આલ્બર્ટ આઇન્સ્ટાઈનના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરવાનું સૌભાગ્ય સાંપડ્યું. આવું અસાધ્ય વિદ્યાકીય સૌભાગ્ય ગુજરાતમાંથી ભાગ્યે જ કોઈને સાંપડ્યું હશે.

સ્વ. ઈશ્વરભાઈ એટલે ઈશ્વરભાઈ. પુરુષાર્થની પ્રતિમા. ધંધાકીય વ્યસ્તતા વચ્ચે પણ પોતાના પરિવારનું ઉત્તરદાયિત્વ વત્સલ વડીલ તરીકે નિભાવતા રહ્યા હતા. શ્રી વિઠ્ઠલભાઈના અમેરિકા ગયા પછી માતૃવત્સલા તેમનાં પૂ. ભાભી મંગુબહેન અને મોટાભાઈ ઈશ્વરભાઈએ વિઠ્ઠલભાઈના પરિવાર-તેમનાં પત્ની શ્રીમતી લતિકાબહેન, પુત્ર મિહિર અને પુત્રી હેમાક્ષીને શેરથામાંથી અમદાવાદમાં લઈ આવ્યાં અને પોતાની સાથે રાખ્યાં, એટલું જ નહિ, પરંતુ તેમના ઉછેરમાં એવું તો વાત્સલ્યનું અમીઝરણું વહાવ્યું કે તેઓશ્રી સવાયાં માતા-પિતા બની રહ્યાં. વિઠ્ઠલભાઈનો પરિવાર આ દંપતીનો સ્નિગ્ધ સ્નેહનિર્ઝર પ્રેમ પામવા ભાગ્યશાળી

બન્યો, જેની સ્મૃતિઓ વિઠ્ઠલભાઈ અને શ્રીમતી લતિકાબેન ઋણસ્વીકારની ભાવના સાથે આ લખનારને પ્રસંગોપાત્ત ગર્વભેર વર્ણવતાં રહે છે. થોડાંક વર્ષો બાદ વિઠ્ઠલભાઈએ પોતાનાં પત્ની શ્રીમતી લતિકાબહેન અને પુત્રી હેમાક્ષીને અમેરિકા તેડાવી લીધાં, પરંતુ પુત્ર મિહિર ધોરણ-૧૨ સુધી ઈશ્વરભાઈની સાથે જ રહ્યો. ત્યાર બાદ અમેરિકા જઈ Electronics and Communicationમાં ઉચ્ચડિગ્રી હાંસલ કરતાં અમેરિકામાં નોકરીની સારી ઑફરો મળવા છતાં પોતાના મોટા બાપા પ્રત્યેના પ્રેમ અને લાગણીથી ખેંચાઈને તેમની ઇચ્છાનુસાર 'શેલાવી પલ્પ ઍન્ડ પેપરમિલ્સ'નો વહીવટ સંભાળી લઈ મોટાબાપા અને પૂજ્ય મંગુબાનો લાડકો પુત્ર બની રહ્યા. મોટાભાઈ સ્વ. ત્રિભોવનભાઈના પુત્ર ભગીરથભાઈને પોતાની સાથે વેપાર-ધંધામાં જોડીને તેનું યશોદાયી ઘડતર કરવાનું શ્રેય ઈશ્વરભાઈના શિરે રહે છે.

લોખંડના વહેપારીઓએ પોતાની અનુકૂળતા મુજબ પૈસા મળી રહે તે હેતુસર અમદાવાદમાં 'નવનિર્માણ બૅંક'ની સ્થાપના કરી હતી, પરંતુ ખોટ કરતી હતી. શ્રી ઈશ્વરભાઈએ ૧૯૭૨માં તેનું ચૅરમૅનપદ સંભાળીને સમયાન્તરે કરોડોનો નફો કરતી બૅંક તરીકે પ્રસ્થાપિત કરી આપી. આ બૅંકનું ચૅરમૅનપદ તેમણે ઘણા લાંબા સમય સુધી બિનહરીફ ચૂંટાતા રહીને શોભાવ્યું હતું. પોતે ચૅરમૅન હોવા છતાં કદાપિ બૅંકની ગાડીનો ઉપયોગ કરતા નહિ. બૅંકના કર્મચારીઓ પ્રતિ કુટુંબના વત્સલપિતા સમ તેમના વ્યવહારની સ્મૃતિઓ આજે પણ કર્મચારીઓ વાગોળતા રહે છે.

ઈશ્વરભાઈ અમદાવાદમાં સ્થાયી થયા હોવા છતાં પોતાના વતન શેરથાની સેવા કાજે કૃતસંકલ્પ બની રહ્યા હતા. શેરથાની માધ્યમિક શાળા, બાલમંદિર, સાર્વજનિક પુસ્તકાલય વગેરે જાહેર સંસ્થાઓના વિકાસમાં તેમજ જરૂરતમંદોને વ્યક્તિગત ધોરણે ઉદારચેતા હૃદયે આર્થિક સહયોગ પૂરો પાડતા રહ્યા હતા. સંસ્થાગત દાન ઉપરાંત અનેકવિધ વ્યક્તિઓને આર્થિક મદદ, જેમ કે, કોઈને ભણવા માટે, તો કોઈને રિક્ષા ખરીદી આપવા વગેરે હેતુસર બહુવિધ રીતે ઉપકારી બની રહ્યા હતા. વિશેષ ઉલ્લેખનીય અને પ્રેરણાદાયી બાબત તો એ છે કે ગામના ઠાકોરવાસનાં બાળકો બાલમંદિરમાં આવતાં ન હોવાથી ઠાકોરવાસમાં જ બાલમંદિર માટે બે ઓરડા બંધાવી આપવા ઉપરાંત પૌષ્ટિક આહારની વ્યવસ્થા કરતાં બાળકો તેનો ભરપૂર લાભ લેતાં થતાં ક્રમશઃ પ્રાથમિક અને હાઈસ્કૂલમાં ઠાકોરોનાં બાળકોની સંખ્યા વધવા લાગી હતી. ગામના આરોગ્યની સુખાકારી માટે પ્રતિ સપ્તાહ ડૉકટરને નિમંત્રીને જરૂરી દવાઓ સેવાભાવનાથી પૂરી પાડતા રહ્યા હતા. આ બધું તેઓ મુકભાવે કરતા રહ્યા હતા. હાઈસ્કૂલ શિક્ષણ દરમિયાન તેમણે સાંભળેલી સૂકિત **'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी**ને ખરા અર્થમાં આત્મસાત કરતાં આયખાના અંતિમ સમય સુધી વતન માટે સમર્પિત બની રહ્યા હતા. જીવદયા પ્રેમી અને સાહસિક તો એવા કે કૂવામાં પડી ગયેલ ઘેટાને પાસે ઊભેલો તેનો માલિક તેને બહાર કાઢવા તૈયાર ન થતાં પોતે જાનના જોખમે અવવારું કૂવામાં ઊતરીને તેને બચાવ્યું હતું. પ્રો. વિઠ્ઠલભાઈએ તેમની આ પ્રકૃતિ વિશે નોંધ્યું છે કે, 'મારા મોટાભાઈ ઈશ્વરભાઈનો કોઈ વિરોધી કે વેરી હું જાણતો નથી. કોઈનું દુઃખ જોઈને હચમચી જાય. જાણીજોઈને છેતરાય, જમણા હાથે આપે અને ડાબા હાથને ખબર પણ ન પડવા દે તે જ મારા મોટાભાઈ ઈશ્વરભાઈ.' અને એટલે જ **'ઈશ્વરભાઈ એટલે ઈશ્વરભાઈ.'** આ અમથું કહેવામાં આવતું નથી.

વતન શેરથાની સાથે જ સંસ્કારભૂમિ અને વિદ્યાભૂમિ સર્વ વિદ્યાલય, કડીનું હિત તેમના હૈયે વસેલું રહ્યું હતું, જેની પ્રતીતિ તેમણે અને તેમના નાનાભાઈ પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈએ સાથે મળીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય', ગાંધીનગર માટે 'આઈ. એ. પટેલ (શેરથા) યુનિવર્સિટી ભવન' તથા આ વિશ્વવિદ્યાલયમાં 'એમ. આઈ. પી. એલ. વી. પી. સ્કૂલ ઑફ સોશ્યલ સાયન્સિસ' તેમજ કડીમાં 'અંબાલાલ એચ. પટેલ ઈન્ડોર ગેમ્સ ઍન્ડ મલ્ટીપર્પઝ હૉલ' માટે આપેલ ઘણી મોટી રકમનું દાન થકી થાય છે.

મુ. ઈશ્વરલાલ સમાન નિઃસ્વાર્થ સેવાના ભેખધારીઓ સમાજને સદાકાળ મળતા રહો તેવી ઈશ્વરને પ્રાર્થના.

**- મણિભાઈ પ્રજાપતિ**

प्रासंगिक

# प्रधानमंत्री नरेन्द्र मोदी का उद्बोधन (प्रमुखस्वामी महाराज शताब्दी महोत्सव)

दिनांक - १४-१२-२०२२

जय स्वामिनारायण!

जय स्वामिनारायण!

परम पूज्य महंत स्वामीजी, पूज्य संत गण, गवर्नर श्री, मुख्यमंत्री श्री और उपस्थित सभी सत्संगी परिवारजन, ये मेरा सौभाग्य है कि मुझे इस ऐतिहासिक कार्यक्रम में साक्षी बनने का, साथी बनने का और सत्संगी बनने का सौभाग्य प्राप्त हुआ है। इतने बड़े स्तर पर और एक महिने भर चलने वाला ये कार्यक्रम और मैं नहीं मानता हूँ ये कार्यक्रम सिर्फ संख्या के हिसाब से बड़ा है, समय के हिसाब से काफी लंबा है। लेकिन यहां जितना समय मैंने बिताया, मुझे लगता है कि यहाँ एक दिव्यता की अनुभूति है। यहाँ संकल्पों की भव्यता है। यहाँ बाल वृद्ध सबके लिए हमारी विरासत क्या है, हमारी धरोहर क्या है, हमारी आस्था क्या है, हमारा अध्यात्म क्या है, हमारी परंपरा क्या है, हमारी संस्कृति क्या है, हमारी प्रकृति क्या है, इन सबको इस परिसर में समेटा हुआ है। यहाँ भारत का हर रंग दिखता है। मैं इस अवसर पर सभी पूज्य संतगण को इस आयोजन के लिए कल्पना सामर्थ्य के लिए और उस कल्पना को चरितार्थ करने के लिए जो पुरुषार्थ किया है, मैं उन सबकी चरण वंदना करता हूँ, हृदय से बधाई देता हूँ और पूज्य महंत स्वामीजी के आशीर्वाद से इतना बड़ा भव्य आयोजन और ये देश और दुनिया को आकर्षित करेगा इतना ही नहीं है, ये प्रभावित करेगा, ये आने वाली पीढ़ियों को प्रेरित करेगा।

१५ जनवरी तक पूरी दुनिया से लाखों लोग मेरे पिता तुल्य पूज्य प्रमुख स्वामीजी के प्रति श्रद्धा व्यक्त करने के लिए यहां पधारने वाले हैं। आप में से शायद बहुत लोगों को पता होगा UN में भी, संयुक्त राष्ट्र में भी प्रमुख स्वामीजी का शताब्दी समारोह मनाया गया और ये इस बात का सबूत है कि उनके विचार कितने शाश्वत हैं, कितने सार्वभौमिक हैं और जो हमारी महान परंपरा संतों के द्वारा प्रस्थापित वेद से विवेकानंद तक जिस धारा को प्रमुख स्वामी जैसे महान संतों ने आगे बढ़ाया, वो वसुधैव कुटुम्बकम की भावना आज शताब्दी समारोह में उसके भी दर्शन हो रहे हैं। ये जो नगर बनाया गया है, यहाँ हमारे हजारों वर्ष की हमारी ये महान संत परंपरा, समृद्ध संत परंपरा उसके दर्शन एक साथ हो रहे हैं। हमारी संत परंपरा किसी मठ, पंथ, आचार, विचार सिर्फ उसको फैलाने तक सीमित नहीं रही है, हमारे संतों ने पूरे विश्व को जोड़ने वसुधैव कुटुम्बकम के शाश्वत भाव को सशक्त किया है और मेरा सौभाग्य है अभी ब्रह्मविहारी स्वामीजी कुछ अंदर की बातें भी बता दे रहे हैं। बाल्यकाल से ही एक मेरे मन में कुछ ऐसे ही क्षेत्रों में आकर्षण रहा तो प्रमुख स्वामीजी के भी दूर से दर्शन करते रहते थे। कभी कल्पना नहीं थी, उन तक निकट पहुँचेंगे। लेकिन अच्छा लगता था, दूर से भी दर्शन करने का मौका मिलता था, अच्छा लगता था, आयु भी बहुत छोटी थी, लेकिन जिज्ञासा बढ़ती जाती थी। कई वर्षों के बाद शायद १९८१ में मुझे पहली बार अकेले में उनके साथ सत्संग करने का सौभाग्य मिला और मेरे लिए Surprise था कि उनको मेरे विषय में थोड़ी बहुत जानकारी उन्होंने इकट्ठी करके रखी थी और पूरा समय ना कोई धर्म की चर्चा, ना कोई ईश्वर की चर्चा, न कोई अध्यात्म की चर्चा कुछ नहीं, पूरी तरह सेवा, मानवसेवा, इन्हीं विषयों पर बातें करते रहे। वो मेरी पहली मुलाकात थी और एक-एक शब्द मेरे हृदय पटल पर अंकित होता जा रहा था और उनका एक ही संदेश था कि जीवन का सर्वोच्च लक्ष्य सेवा ही होना चाहिए। अंतिम सांस तक सेवा में जुटे रहना चाहिए। हमारे यहां तो शास्त्र कहते हैं नर सेवा ही नारायण सेवा है। जीव में ही शिव है लेकिन बड़ी-बड़ी आध्यात्मिक चर्चा को बहुत ही सरल शब्दों में समाहित करते। जैसा व्यक्ति वैसा ही वो परोसते थे, जितना वो पचा सके, जितना वो ले सके। अब्दुल कलामजी, इतने बड़े वैज्ञानिक उनको भी उनसे मिलकर के कुछ ना कुछ होता था और संतोष होता था और मेरे जैसा एक सामान्य सोशल वर्कर, वो भी जाता था, उसको

भी कुछ मिलता था, संतोष होता था। ये उनके व्यक्तित्व की विशालता थी, व्यापकता थी, गहराई थी और एक आध्यात्मिक संत के नाते तो बहुत कुछ आप कह सकते हैं, जान सकते हैं। लेकिन मेरे मन में हमेशा रहा है कि वह सच्चे अर्थ में एक समाजसुधारक थे, वे एक reformist थे और हम जब उनको अपने-अपने तरीके से याद करते हैं लेकिन एक तार जो मुझे हमेशा नजर आता है, हो सकता है उस माला में अलग-अलग तरह के मोती हमें नजर आते होंगे, लेकिन अंदर का जो तार है वो एक प्रकार से मनुष्य कैसा हो, भविष्य कैसा हो, व्यवस्थाओं में परिवर्तनशीलता क्यों हो, अतिशान आदर्शों से जुड़ा हुआ हो। लेकिन आधुनिकता के सपने, आधुनिकता की हर चीज को स्वीकार करने वाले हों, एक अदभुत संयोग, एक अद्‌भुत संगम, उनका तरीका भी बड़ा अनूठा था, उन्होंने हमेशा लोगों की भीतर की अच्छाई को प्रोत्साहित किया। कभी ये नहीं कहा हाँ भई तुम है ऐसा करो, ईश्वर का नाम लो ठीक हो जाएगा नहीं, होगी तुम्हारे कमियां होंगी मुसीबत होगी लेकिन तेरे अंदर ये अच्छाई है तुम उस पर ध्यान केंद्रित करो। और उसी शक्ति को वो समर्थन देते थे, खाद पानी डालते थे। आपके भीतर की अच्छाइयाँ ही आपके अंदर आ रही, पनप रही बुराइयों को वहीं पर खत्म कर देंगी, ऐसा एक उच्च विचार और सहज शब्दों में वो हमें बताते रहते थे। और इसी माध्यम को उन्होंने एक प्रकार से मनुष्य के संस्कार करने का, संस्कारित करने का परिवर्तित करने का माध्यम बनाया। सदियों पुरानी बुराइयाँ जो हमारे समाजजीवन में ऊंच-नीच भेदभाव उन सबको उन्होंने खत्म कर दिया और उनका व्यक्तिगत स्पर्श रहता था और उसके कारण ये संभव रहता था। मदद सबकी करना, चिंता सबकी करना, समय सामान्य रहा हो या फिर चुनौती का काल रहा हो, पूज्य प्रमुख स्वामी जी ने समाज हित के लिए हमेशा सबको प्रेरित किया। आगे रहकर के, आगे बढ़कर के योगदान दिया। जब मोरबी में पहली बार मच्छु डैम की तकलीफ हुई, मैं वहाँ volunteer के रूप में काम करता था। हमारे प्रमुख स्वामी, कुछ संत, उनके साथ सत्संगी सबको उन्होंने भेज दिया था और वो भी वहां हमारे साथ मिट्टी उठाने के काम में लग गए थे। Dead bodies का अग्नि संस्कार करने में काम में लगे थे। मुझे याद है, २०१२ में मुख्यमंत्री पद की शपथ लेने के बाद मैं उनके पास गया। आम तौर पर मैं मेरे जीवन के जो भी महत्वपूर्ण पड़ाव आए होंगे, प्रमुख स्वामीजी के पास अवश्य गया हूँ। शायद बहुत कम लोगों को पता होगा, मैं २००२ का चुनाव लड़ रहा था। पहली बार मैं मुझे चुनाव लड़ना था, पहली बार नामांकन भरना था और राजकोट से मुझे उम्मीदवार होना था, तो वहां दो संत मौजूद थे, मैं जब वहाँ गया तो उन्होंने मुझे एक डिब्बा दिया, मैंने खोला तो अंदर एक pen थी, उन्होंने कहा कि प्रमुख स्वामीजी ने भेजा है, आप जब नामांकन में हस्ताक्षर करेंगे तो इस pen से करना। अब वहाँ से लेकर मैं काशी चुनाव के लिए गया।

एक भी चुनाव ऐसा नहीं है, जब मैं नामांकन करने गया। और उसके लिए मुझे हस्ताक्षर करने के लिए पूज्य प्रमुख स्वामीजी के व्यक्ति आकर के खड़े न हो वहां। और जब काशी गया तब तो मेरे लिए सरप्राइज था, उस पेन का जो कलर था, वो बीजेपी के झंडे के कलर का था। ढ़क्कन उसका जो था वो ग्रीन कलर का था और नीचे का हिस्सा औरेंज कलर का था। मतलब कई पहले दिनों से उन्होंने संभाल के रखा होगा और याद कर-करके उसी रंग की पेन मुझे भेजना। यानि व्यक्तिगत रूप से वरना उनका कोई क्षेत्र नहीं था कि मेरी इतनी केयर करना, शायद बहुत लोगों को आश्चर्य होगा सुनकर के। ४० साल में शायद एक साल ऐसा नहीं गया होगा कि हर वर्ष प्रमुख स्वामा जी ने मेरे लिए कुर्ता-पायजामा का कपड़ा न भेजा हो और ये मेरा सौभाग्य है। और हम जानते हैं बेटा कुछ भी बन जाए, कितना भी बड़ा बन जाए, लेकिन माँबाप के लिए तो बच्चा ही होता है। देश ने मुझे प्रधानमंत्री बना दिया, लेकिन जो परंपरा प्रमुख स्वामीजी चलाते थे, उनके बाद भी वो कपड़ा भेजना चालू है। यानि ये अपनापन और मैं नहीं मानता हूँ कि ये संस्थागत पीआरसीव का काम है, नहीं एक अध्यात्मिक नाता था, एक पिता-पुत्र का स्नेह था, एक अतूट बंधन है और आज भी वो जहाँ होंगे मेरे हर पल को वो देखते होंगे। बारीकी से मेरे काम को झांकते होंगे। उन्होंने मुझे सिखाया-समझाया, क्या मैं उसी राह पर चल रहा हूँ कि नहीं चल रहा हूँ वो जरूर देखते होंगे। कच्छ में भूकंप जब मैं volunteer के रूप में कच्छ में काम करता था, तब तो मेरा मुख्यमंत्री का कोई सवाल ही नहीं उठता था। लेकिन वहाँ सभी संत मुझे मिले तो सबसे पहले कि तुम्हारे खाने की क्या व्यवस्था है, मैंने कहा कि मैं तो अपने कार्यकर्ता के यहाँ पहुँच जाऊंगा, नहीं, बोले कि तुम कहीं पर भी जाओ तुम्हारे लिए यहाँ भोजन

रहेगा, रात को देर से आओगे तो भी खाना यहीं खाओ। यानि मैं जब तक भुज में काम करता रहा मेरे खाने कि चिंता प्रमुख स्वामी ने संतो को कह दिया होगा वे पीछे पड़े रहते थे मेरे। यानि इतना स्नेह और मैं ये सारी बातें कोई अध्यात्मिक बातें नहीं कर रहा हूँ जी मैं तो एक सहज-सामान्य व्यवहार की बातें कर रहा हूँ आप लोगों के साथ।

जीवन के कठिन से कठिन पलों में शायद ही कोई ऐसा मौका होगा कि जब प्रमुख स्वामी ने खुद मुझे बुलाया ना हो या मेरे से फोन पर बात न की हो, शायद ही कोई घटना होगी। मुझे याद है, मैं वैसे अभी वीडियो दिखा रहे थे, उसमें उसका उल्लेख था। ९१-९२ में श्रीनगर के लाल चौक में तिरंगा झंडा फहराने के लिए मेरी पार्टी की तरफ से एकतायात्रा की योजना हुई थी। डॉ मुरली मनोहर जी के नेतृत्व में वो यात्रा चल रही थी और मैं उसकी व्यवस्था देखता था। जाने से पहले मैं प्रमुख स्वामीजी का आशीर्वाद लेकर गया था तो उनको पता था कि मैं कहाँ जा रहा हूँ, क्या कर रहा हूँ। हम पंजाब से जा रहे थे तो हमारी यात्रा के साथ आतंकवादियों की भीड़ हो गई, हमारे कुछ साथी मारे गऐ। पूरे देश में बड़ी चिंता का विषय था कहीं गोलियां चली काफी लोग मारे गऐ थे। और फिर वहीं से हम जम्मू पहुंच रहे थे। हमने श्रीनगर लालचौक तिरंगा झंडा फहराया। लेकिन जैसे ही मैंने जम्मू में लैंड किया, सबसे पहला फोन प्रमुख स्वामी जी का और मैं कुशल तो हूं न, चलिए ईश्वर तुम्हें आशीर्वाद दें, आओगे तो फिर मिलते हैं, सुनेंगे तुमसे कुछ क्या हुआ, सहज-सरल। मैं मुख्यमंत्री बन गया, अक्षरधाम के सामने ही २० मीटर की दूरी पर मेरा घर जहाँ सीएम निवास था, मैं वहाँ रहता था। और मेरा आने-जाने का रास्ता भी ऐसा कि जैसे ही निकलता था, तो पहले अक्षरधाम शिखर के दर्शन करके ही मैं आगे जाता था। तो सहज-नित्य नाता और अक्षरधाम पर आतंकवादियों ने हमला बोल दिया तो मैंने प्रमुख स्वामीजी को फोन किया। इतना बड़ा हमला हुआ है, मैं हैरान था जी, हमला अक्षरधाम पर हुआ है, संतो पर क्या बीती होगी गोलियाँ चली, नहीं चली किसको क्या सारी चिंता का विषय था क्योंकि एकदम से धुंधला सा वातावरण था। ऐसी संकट की घड़ी में इतना बड़ा आतंकी हमला, इतने लोग मारे गए थे। प्रमुख स्वामाजी ने मुझे क्या कहा फोन किया तो अरे भई तेरा घर तो सामने ही है, तुम्हें कोई तकलीफ नहीं है ना। मैंने कहा बापा इस संकट की घड़ी में आप इतनी स्वस्थतापूर्वक मेरी चिंता कर रहे हैं। उन्होंने कहा देख भई ईश्वर पर भरोसा करो सब अच्छा होगा। ईश्वर सत्य के साथ होता है यानि कोई भी व्यक्ति हो, ऐसी स्थिति में मानसिक संतुलन, स्वस्थता ये भीतर की गहन आध्यात्मिक शक्ति के बिना संभव नहीं है जी। जब प्रमुख स्वामी ने अपने गुरूजनों से और अपनी तपस्या से सिद्ध की थी। और मुझे एक बात हमेशा याद रहती है, मुझे लगता है कि वो मेरे लिए पिता के समान थे, आप लोगों को लगता होगा कि मेरे गुरू थे। लेकिन एक और बात की तरफ मेरा ध्यान जाता है और जब दिल्ली अक्षरधाम बना तब मैंने इस बात का उल्लेख भी किया था, क्योंकि मुझे किसी ने बताया था कि योगीजी महाराज की इच्छा थी कि यमुना के तट पर अक्षरधाम का होना जरूरी है। अब उन्होंने तो बातों-बातों में योगीजी महाराज के मुंह से निकला होगा, लेकिन वो शिष्य देखिए जो अपने गुरू के इन शब्दों को जीता रहा। योगी जी तो नहीं रहे, लेकिन वो योगीजी के शब्दों को जीता रहा, क्योंकि योगी जी के सामने प्रमुख स्वामी शिष्य थे। हम लोगों को गुरू के रूप में उनकी ताकत दिखती है, लेकिन मुझे एक शिष्य के रूप में उनकी ताकत दिखती है कि अपने गुरू के उन शब्द को उन्होंने जीकर दिखाया तो यमुना के तट पर अक्षरधाम बनाकर के आज पूरी दुनिया के लोग आते हैं तो अक्षरधाम के माध्यम से भारत की महान विरासत को समझने का प्रयास करते हैं। ये युग-युग के लिए किया गया काम है, ये युग को प्रेरणा देने वाला काम है। आज विश्व में कहीं पर भी जाइए, मंदिर हमारे यहाँ कोई नई चीज नहीं है, हजारों साल से मंदिर बनते रहे हैं। लेकिन हमारी मंदिर पंरपरा को आधुनिक बनाना मंदिर व्यवस्थाओं को आध्यात्मिकता और आधुनिकता का मिलन करना। मैं समझता हूँ कि एक बड़ी परंपरा प्रमुख स्वामीजी ने प्रस्थापित की है। बहुत लोग हमारी संत परंपरा के बड़े, नई पीढ़ी के दिमाग में तो पता नहीं क्या-क्या कुछ भर दिया जाता है, ऐसा ही मानते हैं। पहले के जमाने में तो कहावत चलती थी कि मुझे माफ करना सब सत्संगी लोग, पहले से कहा था भई साधु बनना है संत स्वामिनारायण के बनो फिर लड्डु बताते थे। यहीं कथा चलती थी कि साधु बनना है तो संत स्वामिनारायण के बनो मौज रहेगी। लेकिन प्रमुख स्वामी ने संत परंपरा को जिस प्रकार से पूरी तरह बदल डाला, जिस प्रकार से स्वामी विवेकानंदजी ने रामकृष्ण मिशन के द्वारा सन्यस्थ जीवन को सेवाभाव के लिए एक बहुत बड़ा

विस्तार दिया। प्रमुख स्वामीजी ने भी संत यानि सिर्फ स्व के कल्याण के लिए नहीं है, संत समाज के कल्याण के लिए है और हर संत इसलिए उन्होंने तैयार किया, यहाँ पर बैठे हुए हर संत किसी न किसी सामाजिक कार्य से निकलकर के आए हैं और आज भी सामाजिक कार्य उनका जिम्मा है। सिर्फ आशीर्वाद देना और तुमको मोक्ष मिल जाए ये नहीं है। जंगलों में जाते हैं, आदिवासियों के बीच में काम कर रहे हैं। एक प्राकृतिक आपदा हुई तो volunteer के रूप में जीवन खपा देते हैं। और ये परंपरा खड़ी करने में पूज्य प्रमुख स्वामी महाराज का बहुत बड़ा योगदान है। वे जितना समय, शक्ति और प्रेरणा देते थे, मंदिरों के माध्यम से विश्व में हमारी पहचान बने, उतना ही सामर्थ्य वे संतों के विकास के लिए करते थे। प्रमुख स्वामीजी चाहते तो गांधीनगर में रह सकते थे, अहमदाबाद में रह सकते थे, बड़े शहर में रह सकते थे, लेकिन उन्होंने ज्यादातर सहारनपुर में अपना समय बिताना पसंद किया। यहां से ८०-९० किलोमीटर दूर और वहाँ क्या किया उन्होंने संतो के लिए Training Institute पर बल दिया और मुझे आज कोई भी अखाड़े के लोग मिलते हैं तो मैं उनको कहता हूँ कि आप २ दिन के लिए सहारनपुर जाइए संतो की Training कैसी होनी चाहिए, हमारे महात्मा कैसे होने चाहिए, साधु-महात्मा कैसे होने चाहिए ये देखकर के आए और वो जाते हैं और देखकर के आते हैं। यानि आधुनिकता उसमें Languageभी सिखाते है अंग्रेजी भाषा सिखाते हैं, संस्कृत भी सिखाते हैं, विज्ञान भी सिखाते हैं, हमारी spiritual परम्पराऐं भी सिखाई जाती हैं। यानि एक सम्पूर्ण प्रयास विकास कर-कर के समाज में संत भी ऐसा होना चाहिए जो सामर्थ्यवान होना चाहिए। सिर्फ त्यागी होना जरूरी, इतनी सी बात में नहीं त्याग तो हो लेकिन सामर्थ्य होना चाहिए। और उन्होंने पूरी संत परंपरा जो पैदा की है जैसे उन्होंने अक्षरधाम मंदिरों के द्वारा विश्व में एक हमारी भारत की महान परंपरा को परिचित करवाने के लिए एक माध्यम बनाया है। वैसे उत्तम प्रकार की संत परंपरा के निर्माण में भी पूज्य प्रमुखजी स्वामीजी महाराज ने एक Institutional Mechanism खड़ा किया है। वो व्यक्तिगत व्यवस्था के तहत नहीं उन्होंने Institutional Mechanism खड़ा किया है, इसलिए शताब्दियों तक व्यक्ति आएंगे-जाएंगे, संत नए-नए आएंगे, लेकिन ये व्यवस्था ऐसी बनी है कि एक नई परंपरा की पीढ़ियां बनने वाली है ये मैं अपनी आंखों के सामने देख रहा हूं। और मेरा अनुभव है वो देवभक्ति और देशभक्ति में फर्क नहीं करते थे। देवभक्ति के लिए जीते हैं आप, देशभक्ति के लिए जीते हैं जो उनका लगता है कि मेरे लिए दोनों सत्संगी हुआ करते हैं। देवभक्ति के लिए भी जीने वाला भी सत्संगी है, देशभक्ति के लिए भी जीने वाला सत्संगी होता है। आज प्रमुख स्वामी जी की शताब्दी का समारोह हमारी नई पीढ़ी को प्रेरणा का कारण बनेगा, एक जिज्ञासा जगेगी। आज के युग में भी और आप प्रमुख स्वामीजी के डिटेल में जाइए कोई बड़े-बड़े तकलीफ हो ऐसे उपदेश नहीं दिए उन्होंने सरल बातें की, सहज जीवन की उपयोगी बातें बताई और इतने बड़े समूह को जोड़ा। मुझे बताया गया ८० हजार volunteers हैं। अभी हम आ रह थे तो हमारी ब्रहमजी मुझे बता रहे थे कि ये सारे स्वयंसेवक हैं और वो प्रधानमंत्री जो विजिट कर रहे हैं। मैंने कहा आप भी तो कमाल आदमी हो यार भूल गए क्या, मैंने कहा वो स्वयंसेवक हैं, मैं भी स्वयंसेवक हूं, हम दोनों एक दूसरे को हाथ कर रहें हैं। तो मैंने कहा अब ८० हजार में एक और जोड़ दीजिए। खैर बहुत कुछ कहने को है, पुरानी स्मृतियाँ आज मन को छू रहीं हैं। लेकिन मुझे हमेशा प्रमुख स्वामी की कमीं महसूस होती रही है। और कभी उनके पास कोई बड़ा ज्ञानार्थ कभी नहीं किया मैंने, ऐसे ही अच्छा लगता था, जाकर बैठना अच्छा लगता था। जैसे पेड़ के नीचे बैठे थके हुए हो, पेड़ के नीचे बैठते हैं तो कितना अच्छा लगता है, अब पेड़ थोड़े ने हमको कोई भाषण देता है। मैं प्रमुख स्वामी के पास बैठता था, ऐसे ही लगता था जी। एक वट-वृक्ष की छाया में बैठा हूँ, एक ज्ञान के भंडार के चरणों में बैठा हूं। पता नहीं मैं इन चीजों को कभी लिख पाऊंगा कि नहीं लिख पाऊंगा लेकिन मेरे अंतर्मन की जो यात्रा है, वो यात्रा का बंधन ऐसी संत परंपरा से रहा हुआ है, आध्यात्मिक परंपरा से रहा हुआ है और उसमें पूज्य योगीजी महाराज, पूज्य प्रमुख स्वामी महाराज और पूज्य महंत स्वामी महाराज बहुत बड़ा सौभाग्य है मेरा कि मुझे ऐसे सात्त्विक वातावरण में तामसिक जगत के बीच में अपने आप को बचाकर के काम करने की ताकत मिलती रहती है। एक निंरतर प्रभाव मिलता रहता है और इसी के कारण राजसी भी नहीं बनना है, तामसी भी नहीं बनना है, सात्त्विक बनते हुए चलते रहना है, चलते रहना है, चलते रहना है। आप सबको बहुत-बहुत शुभकामनाएं।

जय स्वामिनारायण।

(सौजन्य :https://pib.gov.in/PressReleseDetail.aspx?PRID=1883600)

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર ઇતિહાસની અટારીએથી :

# મારા ભા

જગુભાઈ રામદાસ પટેલ

બાલ્યજીવનમાં ફોઈબાની દેખરેખ નીચે હું મોટો થયેલો. તે વખતે મોસાળ, ફોઈબાનું ઘર તેમજ સરઢવમાં મારી હેરફેર થતી. તેથી સ્થાયી કોઈ પણ વ્યક્તિની અસર મારા ઉપર હતી નહિ. મારી કાશીફોઈ (ભાનીબહેન), મારાં માતા, બહેન, આયાની ગરજ સારતાં. તેઓની માવજત નીચે હું સાત વર્ષનો થઈ ગયો અને પછી મારે સરઢવ રહેવાનું થયું.

સાત વર્ષ પછી મારે ભાનો પરિચય શરૂ થયો. મારાં ફોઈબા મારી કેળવણીમાં ફાળો આપી શકે તેમ નહોતાં. હવે તે જવાબદારી ભાએ સ્વીકારી.

તેઓની લગભગ પાંચ ફૂટ અને સાત ઇંચની ઊંચાઈ હતી. શરીરે સુદૃઢ, પાતળા હતા. શરીરે તેઓ મજબૂત હતા તેના કરતાં તેમનું મન બહુ જ મજબૂત હતું. તેમનો અવાજ તો પ્રચંડ જ હતો. તેઓ દરરોજ રાત્રે મને પાડા-આંક બોલાવતા. બાળાક્ષરી લખાવતા. રાત્રે રામાયણ અને મહાભારતમાંથી વાર્તાઓ કહેતા. હું ભણવામાં પહેલેથી જ બહુ ઉત્સાહી હતો તેથી તેમને બહુ પ્રિય હતો. મને ભણાવવામાં તેમને આનંદ આવતો.

મારા ભા સફેદ ખાદીની ધોતી, ઝભ્ભો અને પાંચ ઇંચની દીવાલની ટોપી પહેરતા. તેમના પગમાં દેશી જોડા, એક હાથમાં સિસમની હાથીદાંતના હાથાની લાકડી અને બીજા હાથમાં રબર જેવી જાડા કપડાંની થેલી તેઓ રાખતા. શરીર ઉપર કરચલીઓ પડી ગઈ હતી. કપાળમાં ચંદનનું લાંબું શિવપંથી તિલક કરતા.

મારા ભાની મારે દોસ્તી હતી. હું મારા બાપુજીથી બીતો, હજુ પણ બીવું જ છું. મારી હૃદયની વાતો હું તેમની આગળ કહી શકતો નહીં. મારે ભાઈ કે બહેન તે વખતે હતાં નહીં. મારી બધી જ લાગણીઓને ઠાલવવાનું અને ઇચ્છા અને આશાઓ પૂરી કરવાનું એ જ અંતિમ સ્થાન હતું. તેઓ મને પંપાળતા. વહાલથી બચીઓ કરતાં અને જ્યારે બહારગામથી આવ્યા હોય ત્યારે ઝોળીમાં મારે માટે ખાવાનું લાવ્યા જ હોય. એમની ઝોળી લેતાં જગુ કોઈ દિવસ નિરાશ થતો નહીં. સારીય જ્ઞાતિની જ્ઞાનભૂખ એ ઝોળીએ ભાંગી હતી તેનો મને તે વખતે ખ્યાલ નહોતો. હું બહુ આનંદથી ખાતો.

રાત્રે જ્યારે હું સૂતો ત્યારે ઘણા દિવસની ભેગી થયેલી વાતો પૂછવા મંડી પડતો. ભા તમે ક્યાં ગયા હતા ? ત્યાંથી વાતો શરૂ થતી. પછી દરરોજની એક વાત પ્રમાણે જેટલા દિવસ ગેરહાજર રહ્યા તેટલા દિવસની વાતોની ઉઘરાણી કરતો અને પઠાણની માફક તે પાછી વ્યાજ સાથે વસૂલ કરતો. તે દિવસે રાત્રે તેમને બાર વાગે જ સૂવા દેતો છતાં તેઓ ખિજાતા નહીં અને વાતો કર્યે જ જતા. મારા બાપુજી મારી વાતોથી કંટાળી જતા અને ખિજાતા એટલે એમની આગળ હું ખાસ બોલી શકતો નહીં. એટલે ભેગું થયેલું બધું જ બોલવાનું ત્યાં જ ઠલવાતું.

દિવસે દિવસે તેમની હૂંફાળી અને સાંસ્કારિક દેખરેખ નીચે મારી ઉમર અને જ્ઞાન વધવા લાગ્યાં. શાળામાં ઘણુંખરું હું પ્રથમ જ રહેતો. ચાલુ અભ્યાસ કરતાં હું હંમેશાં, (ભા પાસેથી આગળથી શીખી લેતો એટલે) આગળ જ રહેતો. જ્યારે પરિણામ બહાર આવે ત્યારે તેઓ ખુશ થતા.

તેઓ બહુ જ ખુશમિજાજમાં રહેતા. તેમને લજ્જાપ્રથા ગમતી નહીં. તેઓ મારી બાને ‘બેટા ગંગા’ કહીને જ બોલાવતા અને તે લાજ કાઢે તો કહેતા, ‘બેટા, તેં શું ખોટું કર્યું છે તે લાજ કાઢે છે ? જે લોકો ખોટું કરે તેઓને શરમાવાનું હોય, તે જ લાજ કાઢે. તું તો મારી દીકરી છે. પિતાની તેના પુત્રોએ લાજ વધારવાની છે. તું તો મારી પુત્રી. તારે લાજ કાઢવાની ન હોય, તારે તો મારી લાજ રાખવાની છે. વધારવાની છે.'' એમ કહી તેઓ તેનો છેડો કાઢી નાખતા.

અમે સાથે જમવા બેસતા. હું બાળપણમાં ખાસ દૂધ જ પીતો. દૂધ એ મારું જીવન હતું. તેઓને મારા પ્રમાણમાં થોડું ઓછું દૂધ મળતું એટલે ધીરે રહીને કહેતા : ‘તું તો વહાલો છે એટલે તને વધુ દૂધ મળે છે. તું એનો દીકરો એટલે તને વધુ દૂધ મળે અને અમે ઘરડા ડોસા. હવે અમારી શી જરૂર?’ મારી પાસેનો વાટકો હું લઈને આપવા

જાઉં એટલે તરત જ એક બચી ભરી દે અને કહે : 'હું તો ગમ્મત કરું છું.' એ મારી બાને કોઈ દિવસ ખોટું લાગવા ન દે.

હું નાનો હતો ત્યારે તે જમાનામાં લોકો કારજ કરતા – મરણ પાછળ જમવાનું. ભાને એ વાત ગમતી નહિ. જોકે મારા ગામમાં તો બહુ જ ભાગ્યે એવું થતું; પરંતુ તેમણે મને એવું સમજાવેલું કે, હું કોઈ દિવસ ત્યાં જાઉં નહીં. સ્વેચ્છાથી તે દિવસે મારી સ્વાર્થવૃત્તિને પોષવા ઘરે મિષ્ટાન્ન થયેલું જ હોય. તેઓ કહેતા : 'જો આ મગન, બિચારો પૈસેટકે ગરીબ છે. મોતીલાલ શેઠનો દેવાદાર છે. તેના બાપ મરી ગયા. હવે તેનું બારમું કરશે. દેવું વધશે. તે દુઃખી થશે. જે લોકો તેનો શીરો ખાય તેને એના દુઃખના ભોગી થવું પડે. બોલ, એ તને ગમે ?' હું જવાબમાં ના કહું અને પછી આ સિદ્ધાંતનો બીજા નાના મિત્રોમાં પ્રચાર કરવા પ્રયત્ન કરતો પણ ખાસ સફળતા પામતો નહિ.

ગામમાં કોઈ માંદું પડ્યું હોય, કોઈની ભેંસને અગર બળદને ખરવા આવ્યો વગેરે પ્રસંગે લોકો માતાની બાધા રાખે, ગરબાની માનતા માને, માતાજીનો થાળ માને. અનાયાસે તેમની ઇચ્છા પૂર્ણ થાય તો માતાએ સારું કર્યું માટે માન્યતા પ્રમાણે માતાને સંતોષ આપે અને નિષ્ફળ જાય ત્યારે કહે : 'હરિનું ધાર્યું થાય એમાં આપણો કાંઈ ઉપાય છે ?' મને ખ્યાલ નથી કે, મારા ઘરની અંદર કોઈ પણ પ્રસંગે કોઈએ કોઈ પણ બાધા રાખી હોય. બાધામાં તેઓ માનતા જ નહીં. તેઓ કહેતા : 'આપણે કાંઈ ફરિયાદ હોય તો આપણે રાજા પાસે જવું જોઈએ. રાજા આપણને દાદ આપશે, કારણ કે તે સૌથી મહાન છે. આપણે સિપાઈને લાંચ આપીશું અને સિપાઈ રાજા પાસે લઈ જશે અને આપણી ફરિયાદ રાજા સાંભળશે એવું શા માટે કરવું ? સીધા રાજા પાસે કેમ ન જવું ? જેથી આપણું કામ વહેલું પતી જાય. માતા, મંદિર સિપાઈઓ જેવાં છે, તેમને શા માટે લાંચ આપવી ? પરમાત્મા ઉપર શ્રદ્ધા કેમ ગુમાવવી ? અને ઈશ્વર તો જગતનો નિયંતા છે. તેને શાની જરૂર છે કે તે તમારા ઘીના દીવા, શ્રીફળ અને થાળથી ખુશ થશે. જે આપવાનું છે તે તો તેનું જ છે. તમે કોણ કે તેને આપી શકો ?' હજારો વર્ષોના વહેમ અને અજ્ઞાનતાના પડને તોડવા માટે આ શબ્દો જાદુઈ અસર કરતા.

મારા ભા જ્યારે બહારગામથી આવતા ત્યારે જે કાંઈ ખાવાનું લાવતા તેમાંથી અમારા પડોશીના દરેક બાળકને થોડો હિસ્સો મળતો જ. તેઓ આમ કરતા તેથી મને જરાય ગમતું નહિ, કારણ કે મારો ભાગ ઓછો થતો. તેમજ કેટલાકની સાથે હું તાત્કાલિક કટ્ટી કરી આવ્યો હોઉં અને તેને ખાવાનું મળે તે મને ન ગમતું; પરંતુ તેઓ મને કહેતા : 'બેટા, જો દરરોજ તમે સાથે રમો છો, તો પછી તમારે સાથે ખાવું જોઈએ. તું એકલો ખાય તે તો સારું ન દેખાય. તેને ખાતો દેખી તે તેના બાપાને રગડશે અને તે બિચારો ક્યાં અત્યારે અંગુર, કેળાં અને મોસંબી લાવી આપશે ?' મને તે સમજાતું અને પાછું મારે માટે શેષમાં રહેતું એટલે તેમની વાતમાં સંમત થતો.

તેઓ હતા ત્યારે અમારે ઘેર સંન્યાસી, મહાત્માઓ, સમાજસુધારકો, કાર્યકરો વગેરે આવતા. તેમનો પરિચય મને થતો. હું જ્યારે લગભગ દસ વર્ષનો હતો ત્યારે દરબાર ગોપાલદાસ વગેરેને રાત્રે પીરસવાનું કાર્ય મેં બજાવ્યું હતું. તેમની પરોણાગત એટલી હદ સુધી થતી કે ઘરમાં મારાં બા વગેરેને મૂંઝવણમાં મુકાઈ જવું પડે. દસ વાગ્યા સુધી કોઈને ખબર ન હોય કે મહેમાન આવવાના છે અને અગિયાર વાગે મોટરમાંથી તેઓ પાંચ-સાત માણસને લઈને ઊતર્યા હોય. બધું પાર ઊતરતું.' મારી બા તેમના આ સ્વભાવને જાણતી. તેથી હંમેશાં તેને તૈયાર જ રહેવું પડતું.

ગામમાં લોકોના છોકરાઓ નાનપણમાં ગૂંથાઈ જતા. તેમનો વિવાહ-સંબંધ નક્કી થતો. તેમને તે રુચતું નહીં. તેઓને જોકે તેમનાં બાળકોને (પુત્રોને) નાની ઉંમરમાં જ પરણાવી દેવાં પડ્યાં હતાં; પરંતુ તેનું ઘણું દર્દ હતું. તેઓ કહેતા : 'નારણ, જો હું મારા પિતાને સમજાવી શક્યો નથી અને તેથી તને નાનપણમાં પરણાવી તારી પ્રગતિને મેં રોકી છે, તેને માટે હું તારો ગુનેગાર છું; પરંતુ બેટા, મારા જેવી ભૂલ તમે ન કરતા. તમારાં બાળકોને ભણાવજો અને મોટી ઉંમરે લગ્ન કરાવજો.

મારા ભાને સાધુસંતો સાથે મહોબ્બત હતી. તેમની સાથે તેઓ મસ્તીમાં આવતા. વેદાંતની ચર્ચા, કબીરની સાખીઓ અને ભજનો લલકારતાં. તેમના મોં ઉપર કોઈ અનેરો જ આનંદ આવતો. તેઓ 'શિવોઽહમ્' બોલતા. 'અહં બ્રહ્માસ્મિ' બોલતા. હું તે વખતે બહુ જ નાનો હતો. મને આમાં સમજણ પડતી નહીં. છતાં તેઓ મને સમજાવવાનું ચૂકતા નહીં.

તેઓ મને કહેતા : 'બોલ તું કોણ છે ?'

હું કહું : 'જગુ'.

'તેઓ કહે : 'જગુ ક્યાં છે તે બતાવ ?'

હું નાક, કાન ઇત્યાદિ બતાવતો.

ત્યારે તેઓ કહે : તે તો નાક છે, કાન છે વગેરે.

જ્યારે હું શરીરને બતાવું ત્યારે હસીને કહેતા : તું તો શિવોઽહમ્ છે. આ શરીર તો પંચભૂતથી બનેલું છે. આકાશ, પૃથ્વી, જળ, તેજ, વાયુ.

હું કહું : 'મને તો કાંઈ દેખાતું નથી ?'

તેઓ પાછા કહે : 'જો આ શરીરમાં હાડકાં છે તે પૃથ્વીનો ભાગ છે. લોહી જે જળનો ભાગ છે, વગેરે.'

વળી પાછા કહે : 'જો આ શરીર પંચભૂતનું બનેલું છે. તે શરીર તે તું નથી. કારણ કે શરીર વધે છે, ઘટે છે. આત્મા વધતો નથી, ઘટતો નથી. તારા શરીરને નામ આપ્યું છે તે વ્યવહારમાં તેને ઓળખવા પૂરતી સંજ્ઞા છે. તેને જગુને બદલે જગદીશ નામ આપ્યું હોત તોપણ તું તેનો તે જ રહેત; અને જો તું શરીર જ હોત તો તું એમ ન કહેત કે, 'ભા મારું શરીર મેલું થયું છે મને નવરાવજો.'

એ રીતે પંચીકરણનો પ્રાથમિક પરિચય તેમણે લગભગ હું બાર વર્ષનો હતો ત્યારે આપેલો.

તેઓ ખાદી પહેરતા અને અમને બધાંને ખાદી પહેરાવતાં. અમારા ઘરમાં રેંટિયો ચાલતો હતો જોકે હાલ પણ અમારા કુટુંબમાં લગભગ સમજદાર દરેક વ્યક્તિને રેંટિયો આવડે જ છે અને તેમણે નાંખેલા સંસ્કાર પ્રમાણે ખાદી પહેરે છે.

૧૯૩૦ની લડતમાં મારા કાકા-નારણકાકાનો દેશપ્રેમનો જુસ્સો એટલો બધો હતો કે તેમનો જુસ્સો કુટુંબમાં એક ચિંતાનો વિષય થઈ ગયેલો. તેઓએ ઘરમાંથી બધા જ વિલાયતી કપડાં કઢાવીને બાળી મૂકેલાં. તેઓને ભાનું વેદાંત ઠીક ઠીક વારસામાં મળેલું. શિવોડહમની બૂમો અને મસ્તીમાં તેઓ રહેતા અને ગામમાં દરેક બાળક, વૃદ્ધ તેમજ યુવાન માણસને તેમને થયેલો વેદાંતજ્ઞાન તેમજ દેશપ્રેમનો પરિચય અનિચ્છાએ પણ કરાવતા. જો તેઓ બાળપણમાં લગ્નજીવનમાં ગૂંથાઈ ન ગયા હોત તો આજે પણ અમારાં વડીલોના કહેવા પ્રમાણે સંન્યાસી થઈ ગયા હોત.

આ તો મારા ભાનો મને મારા ઘરમાં બેસીને બાલ્યાવસ્થામાં થયેલો પરિચય છે.

મારું પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં મારા પિતાજી કડી મુકામે મને મૂકી આવ્યા. હું કડી ગયો; પરંતુ ત્યાંથી પિતાજી વિખૂટા પડ્યા ત્યારે બીજા છોકરાઓની માફક મને રડવું ન આવ્યું. બીજા રડતા, તો હું સમજાવતો અને દોસતી કરી દઈ તેમને અભ્યાસમાં મદદ કરતો. અહીં પણ અભ્યાસની મારી ધગશ અને આવડતને લીધે વિદ્યાર્થીઓમાં અને શિક્ષકોમાં હું પ્રિયપાત્ર બની ગયેલો. મારા ભા મને લગભગ એક મહિનાના કડીના સહવાસ પછી કડી આવેલા ત્યારે મને સમજાયું : ભા કહેવાનો હક્ક મને એકલાને નથી. સંસ્થાની દરેક વ્યક્તિ તેમને ભા કહે છે. દરેકના તેઓ ભા છે. આપણા ઘરના ભા આપણા એકલાના હતા તેથી આપણી સારી સંભાળ રાખતા હતા. એ તો અહીં દરેકના ભા થઈને બેઠા છે એટલે આપણી ઉપર પક્ષપાત ન થાય એ તેમને જોવાનું રહેશે. એટલે સંસ્થામાં હું પૌત્ર મટી એક છાત્ર બન્યો. બધા છાત્રોએ એ મારા હક્ક ઉપર તરાપ મારી મારા ભાને છીનવી લીધા. અલબત્ત, તેથી મને દાદાના વાત્સલ્યની ખોટ જણાઈ; પરંતુ મારા છાત્રો અને મિત્રોમાં 'ભાના જગુ'ના બિરુદથી ઓળખાવા લાગ્યો. ભાની ઓછી થયેલી દેખરેખ મને સાલી નહીં. છાત્રો, મિત્રો અને શિક્ષકોએ તે ખોટ પૂરી કરી અને સંસ્થામાં હું આગળ વધવા લાગ્યો.

લગભગ મને યાદ છે ત્યાં સુધી હું અંગ્રેજી ચોથા ધોરણમાં હતો ત્યારે પોષ સુદ ૭ને રવિવારને દિવસે સવારે સાત વાગે તેઓનો સ્વર્ગવાસ અમદાવાદ મુકામે થયેલો. હું તે વખતે કડી મુકામે હતો. રાત્રે પોપટભાઈ સાહેબે અમદાવાદથી આવી અને અમારા ગૃહપતિસાહેબને સમાચાર આપ્યા અને તેઓએ મને જણાવ્યું ત્યારે મારા દુઃખનો પાર નહોતો. હું ખૂબ રડ્યો. ધરાઈને. તેમણે ભણાવેલા વેદાંતની પરવા કર્યા વિના, આત્મા મટી હું અજ્ઞાની જીવ બનીને ખૂબ રડ્યો અને આજે પણ તેમની યાદ આવે છે ત્યારે આંસુ આવે છે !

તેમના જીવન દરમિયાન હું બાલ્યાવસ્થામાં હતો. તેમનું મૂલ્યાંકન કરવાની મારી શક્તિ નહોતી. જ્યારે હું મોટો થયો ત્યારે કમનસીબે હું તેમને ગુમાવી બેઠો. હું નહીં, પરંતુ કડીની સંસ્થા, કડવા પાટીદાર જ્ઞાતિ અને ગુજરાત આખું એમને ગુમાવી બેઠું છે.

તેમની મુરાદ કન્યાકેળવણી આપવાની, કડીમાં વિદ્યાલય સ્થાપવાની હતી. તેઓ ઘણી વખતે મારી સાથે વાતોમાં કહેતા હતા. વળી તેઓ કહેતા : 'હું મરી જાઉં, ત્યારે મારી પાછળ શ્રાદ્ધ કરશો નહીં. હું કર્મકાંડમાં માનતો નથી. હું જરૂર અમર છું. આત્મામાં આત્મા મળી જશે. મારી પાછળ બારમું કરશો નહીં. નહીંતર મેં જે કાંઈ જિંદગી દરમિયાન કર્યું છે તે બધું તમે ગુમાવશો. મારો પિતૃદ્રોહ કર્યો ગણાશે. તમારી પાસે પૈસા હોય અને તેને વાપરવા હોય તો કોઈ કેળવણીની સંસ્થામાં તેનો સદુપયોગ કરજો. બને તો સરઢવમાં અંગ્રેજી શાળા સ્થાપજો.'

હાલમા શું શું સંભારું ? વધુ સંભારું છું તેમ વધુ ભૂલું છું. 'પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે?'

**જગુભાઈ રામદાસ પટેલ**

**('ભા'ના પૌત્ર)**

(સૌજન્ય : ડૉ. મંગુભાઈ પટેલકૃત 'સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભા' અમદાવાદ : પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ, ૨૦૦૫, પૃ. ૩૨૬-૩૩૧)

# ગુજરાતના પરમ સારસ્વત : ઉમાશંકર જોશી

ડૉ. નરોત્તમ વાળંદ

ઉત્તર ગુજરાતમાં, ઈડરથી ૧૨ ગાઉ દૂર, ડુંગરની તળેટીમાં લગભગ ૨૦૦ ઘરની વસ્તી ધરાવતું, ઢોળાવ અને ચડાવવાળું, બામણા નામે એક ગામ આવેલું છે. એ ગામમાં એક ટેકરા પર ઉગમણા બારણે આવેલું, પથ્થરનું બાંધેલું એક ઘર એ ઉમાશંકરનું અસલ નિવાસસ્થાન, જ્ઞાતિએ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પિતાશ્રી જેઠાલાલ ગકમળજી જોશીને ત્યાં, માતા નવલબેનની કૂખે ઈ. સ. ૧૯૧૧ના જુલાઈની ૨૧મીએ, ઉમાશંકરનો જન્મ થયો. પાંચ ભાઈઓ અને બે બહેનોમાં ઉમાશંકરનો ક્રમ બીજો હતો.

પછાત વસ્તી ધરાવતા વિસ્તારમાં માત્ર ચાર જ ધોરણની પ્રાથમિક શાળા સિવાય નજીકમાં ક્યાંય વિદ્યાસંસ્કાર સાંપડે એવું સ્થાન નહોતું. ચાર ધોરણનું પ્રાથમિક શિક્ષણ પૂરું થયું કે પિતાએ કિશોર ઉમાશંકરને ઈડર ભેગો કરી દીધો. ઊંટ પર બેસીને ભેરુ સમા ગામના ડુંગરા છોડીને એ ઈડર આવ્યો અને ઈ. સ. ૧૯૨૦માં પ્રતાપ હાઈસ્કૂલમાં દાખલ થયો. છાત્રાલયની અવનવી સૃષ્ટિમાં આ ગામડિયો કિશોર વખત જતાં ઠીક ઠીક ગોઠવાઈ ગયો. અહીંની પ્રકૃતિ અને સમાજજીવન ખૂબ પ્રેરણાદાયી નીવડ્યાં. 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા' એવી પંક્તિઓ રચનારને આ ભૂમિએ પ્રેરણાનું સારું એવું ભાથું આપ્યું.

ભણતરનો રસિયો આ વિદ્યાર્થી વર્ગમાં પહેલો નંબર રાખતો. સંસ્કૃત શબ્દોના અર્થ પૂછવાની રમતમાં એનો અભ્યાસ ચાલતો. કવિતા અંગેની સૂઝ હજી આવી નહોતી. છેક અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી છંદમાં લઘુગુરુનો ભેદ પણ સમજાયો નહોતો. ઈડરની શાળામાં અંગ્રેજીનાં છ જ ધોરણ હતાં એટલે ઈ. સ. ૧૯૨૩માં આ વિદ્યાર્થી મૅટ્રિકના અભ્યાસ અર્થે અમદાવાદની પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં દાખલ થયો. આર્થિક સ્થિતિ સારી નહોતી એટલે, અમદાવાદમાં દરિયાપુરમાં આવેલી એ. જી. ચેરિટીઝમાં અરજી કરીને શાળાથી અડધી માસિક ફી રૂ. ૩ની મદદ મેળવી. બાકીની અડધી ફી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ બલુભાઈએ પોતાના તરફથી આપી. આમ, શાળાની ફીનો પ્રશ્ન ઊકલી ગયો. પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ દરિયા જેવી મોટી લાગતી. ઈડરના નવ વિદ્યાર્થીના નાનકડા વર્ગમાં પહેલો નંબર લાવનાર ઉમાશંકરને વર્ગ-પ્રતિનિધિ તરીકે ચૂંટવામાં આવ્યા. એ વખતે જમીન માગ આપે તો સારું, એવી માનસિક સ્થિતિ ઉમાશંકરની થયેલી! મુંબઈ યુનિવર્સિટી દ્વારા લેવાતી મૅટ્રિકની પરીક્ષામાં ૧૯૨૯માં ઉમાશંકર અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ અને યુનિવર્સિટીમાં ત્રીજા નંબરે આવ્યા.

કૉલેજના અભ્યાસ માટે તેઓ ગુજરાત કૉલેજમાં દાખલ થયા. તેમને ત્રણ શિષ્યવૃત્તિઓ મળતી થઈ. એ શિષ્યવૃત્તિની પ્રથમ રકમ મળતાં જ, ચોપડીઓની દુકાને જઈ 'ગીતારહસ્ય', 'કાલેલકરના લેખો' અને 'ઈશુનું બલિદાન' એ પુસ્તકો ખરીદ્યાં. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠના સમૃદ્ધ પુસ્તકાલયમાં ખુલ્લા ઘોડાઓ પર મૂકેલાં પુસ્તકો જોઈને ઉમાશંકરની પુસ્તક-તૃષા શમી અને કેટલાંક પુસ્તકો વાંચી નાંખ્યાં.

સ્વાશ્રયી વિદ્યાર્થી ઉમાશંકરને હૉસ્ટેલમાં રહેવું તો પોસાય તેમ નહોતું, એટલે એક મિત્ર સાથે ભાડાની ઓરડીમાં રહેવા માંડ્યું. હાથે રાંધે, કપડાં ધૂએ અને પાણી પણ ભરે. પાણીની મુશ્કેલી એવી કે આજુબાજુમાંથી ક્યાંય મળે તેમ નહોતું, એટલે છેક એલિસબ્રિજ સ્ટેશનના પ્લૅટફૉર્મ પર આવેલા નળેથી પાણીનું માટલું ભરી લાવવું પડતું. રેલવેનો કડક મિજાજનો ચોકિયાત આ ગામડિયા છોકરાઓને પાણી ભરવા દેતો નહિ, એટલે મોડી રાત્રે, એની નજર ચૂકવીને એ પાણી ભરી લાવતા. કપડાં પણ ખપ પૂરતાં જ સિવડાવેલાં. એક વાર ગજવામાં મૂકેલી ઇન્ડીપેન ખૂલી જતાં બધી શાહી કફની પર ઢળી ગઈ ! શાહી પણ એવી પાકી કે ધોયે ઝટ જાય નહિ, એટલે આખુંયે વરસ કૉલેજમાં એ 'વાદળી વાવટો' ફરકાવતાં જ પસાર કર્યું.

ઈ. સ. ૧૯૨૮ના ઑક્ટોબરની દિવાળીની રજાઓમાં બે મિત્રો સાથે ઉછીના પાંચ રૂપિયા લઈને ઉમાશંકર આબુના પ્રવાસે ગયા. શરદપૂર્ણિમાની રાત્રિએ નખી તળાવને કાંઠે પ્રકૃતિનું અવલોકન કરતા હતા ત્યાં જ એમના હૃદયની ભૂમિમાંથી કાવ્યપંક્તિ સરી પડી. 'સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપ મેળે.' હૃદયમાંથી પ્રગટેલા આ કાવ્યઝરણે એમને દીક્ષા આપી. કૉલેજના મુખપત્રમાં એમની કાવ્યકૃતિઓ છપાવવા લાગી. કોઈ કોઈ વાર તો કાવ્યની સરવાણી સંસ્કૃતમાં પણ ફૂટતી.

એવામાં ૧૯૩૦માં દેશમાં સત્યાગ્રહનો ડંકો પડ્યો. માર્ચની ૧૨મી તારીખે નીકળનારી દાંડીકૂચની આગલી રાત્રે ઉમાશંકર અને તેમના મિત્રો સાબરમતી આશ્રમને બારણે આખી રાત જાગ્યા અને સવારે પૂ. બાપુજી બધા યાત્રિકોને લઈને નીકળ્યા ત્યારે તેઓ તેમની સાથે થઈ ગયા. ૧૯ વર્ષના ઉમાશંકરે અભ્યાસ ઘડીભર બાજુએ મૂકીને સાયમન કમિશનના વિરોધમાં કૉલેજની પ્રથમ વર્ષની સત્રાંત પરીક્ષા ન આપી. તેથી સ્કૉલરશિપ જપ્ત થઈ અને દંડ ભરવો પડ્યો. ઇન્ટરની પરીક્ષા આપી કે તરત સત્યાગ્રહની લડતમાં ઝંપલાવીને ૧૪ અઠવાડિયાંની સજા ભોગવવા યરવડાની જેલમાં ગયા. જેલમાંથી છૂટીને વચગાળામાં કરાંચી મહાસભામાં હાજરી આપ્યા બાદ ગૂજરાત વિદ્યાપીઠમાં આવ્યા. અહીં તેમને કાકાસાહેબ કાલેલકરનો ગાઢ પરિચય થયો. ૨૦ વર્ષની મુગ્ધ વયે ગાંધીજીની અહિંસાનો સંદેશ ગંભીરતાથી અને નિઃસીમ શ્રદ્ધાથી ઝીલીને ઉમાશંકરે પાંચસો જેટલી લીટીનું 'વિશ્વશાંતિ' ખંડકાવ્ય પાંચેક દિવસમાં લખી નાખ્યું ! 'વિશ્વશાંતિ' છપાતાં આ નવયુવાન કવિની સારસ્વત પ્રતિભાને એ વેળાના દુરારાધ્ય ગણાતા સમર્થ વિવેચક નરસિંહરાવ દીવેટિયાએ પ્રસન્નતાથી આવકારી.

૧૯૩૨માં સત્યાગ્રહ ફરી શરૂ થતાં ઉમાશંકર ધરપકડ વહોરીને આઠ માસની વીસાપુરની જેલયાત્રા પામ્યા. આ જેલવાસ તેમને માટે કેળવણીનો ઉત્તમ સમય નીવડ્યો. એ દરમિયાન 'ગંગોત્રી'નાં કાવ્યો અને 'સાપના ભારા'નાં નાટકો સર્જાયાં. પોતે જેલમાં હતા એવામાં પિતાની માંદગીના સમાચાર મળતાં ૧૯૩૪માં જેલમાંથી છૂટીને સીધા પિતાની સેવામાં લાગી ગયા. ત્રણેક માસ પછી એપ્રિલમાં પિતાનું અવસાન થયું. આઘાતમાંથી કળ વળ્યા પછી તેઓ કૉલેજમાં દાખલ થયા. અહીં તેમણે અંગ્રેજી કાવ્યોના પ્રયોગો કર્યા. એ માર્ગે એમની કલમ ચાલુ રહી હોત તો અંગ્રેજીના એક સારા કવિ થઈ શક્યા હોત.

૧૯૩૪ના ઉનાળામાં મુંબઈ આવેલા કવિ ઝવેરચંદ મેઘાણી સાથે તેમને મૈત્રી થઈ, બેઉ જણ 'જન્મભૂમિ' ઑફિસમાં કલાકો સુધી બેસતા. એ વખતે ઉમાશંકરની આર્થિક સ્થિતિ સારી નહોતી એટલે બહુ કડકાઈથી દિવસો પસાર કરતા હતા. મેઘાણીની ચકોર નજરથી આ છૂપું રહી શક્યું નહિ. તેમણે એક સંબંધી પાસેથી રૂ. ૫૦ની લોન ઉમાશંકરને મેળવી આપી. આ દિવસોમાં ઉમાશંકર હૉસ્ટેલની રવિવારની મિજબાની જતી કરીને શનિવારે સાંજે પાર્લા જતા અને ઝીણાભાઈ દેસાઈ કે ઝવેરચંદ મેઘાણી એ બેમાંથી કોઈ એકના ઘરના પરોણા બનતા.

૧૯૩૬માં અર્થશાસ્ત્ર અને ઇતિહાસ સાથે તેઓ બી.એ. (ઑનર્સ) થયા અને ૧૯૩૮માં ગુજરાતી-સંસ્કૃત સાથે એમ.એ.માં પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા. અભ્યાસ દરમિયાન ૧૯૩૬માં તેમણે વિલેપાર્લેની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કર્યું અને ૧૯૩૮માં એમ.એ.નું પરિણામ આવે તે પહેલાં સિડનહામ કૉલેજમાં એક વર્ષ ગુજરાતીના અધ્યાપક તરીકે કામગીરી બજાવી. એમ.એ.માં હતા ત્યારે વચગાળામાં ૧૯૩૭માં તેમણે કર્વે વિદ્યાપીઠનાં સ્નાતક જ્યોત્સ્નાબહેન સાથે લગ્ન કર્યું. એમ. એ.થી પરીક્ષાના આગલા દિવસો દરમિયાન આંખના દર્દથી પીડાઈ રહેલા ઉમાશંકરની સ્થિતિ એવી થયેલી કે વાંચવાનું લગભગ અશક્ય બની ગયેલું. એવા સંયોગોમાં જ્યોત્સનાબહેને પુસ્તકો વાંચી સંભળાવીને સાચા અર્થમાં 'અર્ધાંગના' પદ શોભાવ્યું.

૧૯૩૯માં તેમણે અમદાવાદમાં કાયમી નિવાસ સ્વીકાર્યો અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા)ના સંશોધન વિભાગમાં જોડાયા. રોજના દસ-દસ કલાક સતત પુસ્તકોના પિરામિડ વચ્ચે ઢંકાઈ રહીને પરિશ્રમપૂર્વક 'અખો-એક અધ્યયન' અને 'પુરાણોમાં ગુજરાત' જેવાં પુસ્તકો લખ્યાં અને એ વેળાના સંશોધન વિભાગના અધ્યક્ષ શ્રી રસિકલાલ પરીખની પ્રશંસા પ્રાપ્ત કરી. બહારથી વિદ્યાસભામાં આવતા અતિથિના પરિચય કરાવવાનો અધિકાર તેમણે

ઉમાશંકરને જ સોંપ્યો હતો. ૧૯૪૬ લગીની તેમની વિદ્યાસભામાંની પ્રવૃત્તિ દરમિયાન ઉમાશંકર, કે. કા. શાસ્ત્રી અને ડૉ. સાંડેસરાની ત્રિપુટી સારી જામેલી.

૧૯૪૬માં તેમણે ગુજરાતી વર્નાક્યુલર સોસાયટી છોડી અને ઈ. સ. ૧૯૫૪માં તેઓ ગુજરાત યુનિવર્સિટીમાં 'ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન'ના અધ્યક્ષપદે નિમાયા ત્યાં લગી વ્યવસાયમુક્ત (free lancer) રહ્યા; પરંતુ સાવ નિષ્ક્રિય બેસી ન રહ્યા. તેમણે સંસ્કૃત સાહિત્ય દ્વારા પોતાની સર્જકશક્તિને વધુ તેજસ્વી બનાવી અને સાથોસાથ ગુજરાતના એક પ્રવાસી શિક્ષક તરીકે કાર્ય કર્યું. બાર વર્ષ લગી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષપદે રહ્યા પછી ૧૯૬૬ના નવેમ્બરની ૩૦મી તારીખે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે ચૂંટાઈ આવ્યા.

ઉમાશંકર એક વિશ્વપ્રવાસી કવિ હતા. ૧૯૫૨માં ગાંધીજયંતીને દિને પેકિંગમાં ભરાયેલી વિશ્વશાંતિ પરિષદમાં હાજરી આપવા માટે જનારા પ્રતિનિધિમંડળમાં તેમનો સમાવેશ થયો હતો. ચીનનો ૧૪ દિવસનો પ્રવાસ કરીને પેકિંગથી પાછા વળતાં તેઓ સ્ટીમર દ્વારા નીકળ્યા અને જાવા, બાલી, લંકા વગેરે એશિયાઈ દેશોની મુલાકાત લીધી. ૧૯૫૬માં ભારત સરકાર તરફથી અમેરિકાની યુનિવર્સિટીમાં 'જનરલ એજ્યુકેશન'ના નિરીક્ષણ અર્થે અમેરિકા ગયા અને લંડનમાં ભરાયેલી પી. ઈ. એન.ની આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લીધો. સાથોસાથ ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને ગ્રીસનો પણ પ્રવાસ કર્યો. ૧૯૫૭માં તેમણે ટોકિયોમાં પી. ઈ. એન.ની આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લીધો અને જાપાનનાં અન્ય સ્થળોનો પ્રવાસ કર્યો. ૧૯૬૬માં ભારત સરકારના ઉપક્રમે લેખક-પ્રતિનિધિ તરીકે તેમણે રશિયાનો પ્રવાસ કર્યો. ૧૯૫૪થી સાહિત્ય અકાદમીની કારોબારીના સભ્ય તરીકે અને પછીથી તેના પ્રમુખ તરીકે દોઢેક દાયકાથીય વધુ સમય લગી સેવા આપી. ૧૯૫૫માં નડિયાદમાં ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનમાં સાહિત્ય વિભાગમાં પ્રમુખ બન્યા. ૧૯૫૬માં તેઓ લલિત કલા અકાદમીના સભ્ય થયા. ૧૯૫૭માં કલકત્તાની અખિલ ભારતીય લેખક પરિષદના વિભાગીય પ્રમુખ બન્યા. ૧૯૫૯માં મુંબઈ યુનિવર્સિટીના આમંત્રણથી તેમણે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનો આપ્યાં. ૧૯૬૧માં દિલ્હીમાં રવીન્દ્ર જન્મશતાબ્દી નિમિત્તે યોજાયેલા આંતરરાષ્ટ્રીય મહોત્સવમાં ભાગ લીધો. આ જ વર્ષે કટકમાં ઉડિયાભાષી લેખકોના 'વિષવમિલન'ના પ્રમુખ બન્યા, તેમ કલકત્તામાં નિખિલ ભારત બંગીય સંમેલનના રવીન્દ્ર શતાબ્દી અધિવેશનના ઉદ્‌ઘાટક બન્યા. ૧૯૬૨માં મૈસુરમાં પી.ઈ. એન. અધિવેશનના વિભાગીય પ્રમુખ થયા અને કલકત્તા યુનિવર્સિટીના આમંત્રણથી રવીન્દ્ર સાહિત્ય વિશે વ્યાખ્યાનો આપ્યાં. ૧૯૬૫થી તેઓ નેશનલ બુક ટ્રસ્ટના અને ૧૯૬૬થી કેન્દ્રીય ભાષા સલાહકાર સમિતિના સભ્ય બન્યા. ૧૯૬૬માં પૂના યુનિવર્સિટીના આમંત્રણથી તેમણે રવીન્દ્રકવિતા વિશે વ્યાખ્યાનો આપ્યાં. ૧૯૬૭ના ઑક્ટોબરમાં દિલ્હીમાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા. તા. ૧૨-૪-૧૯૬૮ના રોજ તેમણે કલકત્તામાં મળેલી અખિલ ભારતીય કવિ પરિષદનું અતિથિપદ શોભાવ્યું. સાહિત્યપ્રેમી અને સાહિત્યકારોના ચાહક સદ્‌ગત વડાપ્રધાન નહેરુને ઉમાશંકર માટે સારું માન હતું. રશિયાના વડાપ્રધાન શ્રી નિકેતા ખ્રુશ્ચોફ ભારતની મુલાકાતે આવ્યા ત્યારે તેમના માનમાં યોજાયેલા ભોજન સમારંભમાં હાજરી આપવાને દેશભરમાંથી જે ગણીગાંઠી વ્યક્તિઓને નિમંત્રણ આપવામાં આવેલું તેમાંના એક ઉમાશંકર હતા. તેમને ડૉ. રાધાકૃષ્ણનની બાજુમાં જ બેઠક આપવામાં આવેલી.

ગાંધીયુગના આ સંનિષ્ઠ સાહિત્યકારે સાહિત્યનાં લગભગ બધાં જ ક્ષેત્રે પ્રતિભાનો ઝબકાર બતાવ્યો છે. એમનું મુખ્ય સર્જન કવિતાક્ષેત્રે રહ્યું છે. પ્રાથમિક શાળાનાં પાઠ્યપુસ્તકોથી માંડીને યુનિવર્સિટીના ઉચ્ચ અભ્યાસક્રમ લગી તેમની કવિતા વિસ્તરી છે. આઠ કાવ્યસંગ્રહો, સાત વિવેચનગ્રંથો, નવ સંપાદનો, ત્રણ સંશોધનનાં પુસ્તકો, બે નાટકો, બે નિબંધસંગ્રહો, ત્રણ અનુવાદિત પુસ્તકો, ત્રણ વાર્તાસંગ્રહો અને એક નવલકથા મળીને લગભગ ૪૦ જેટલાં પુસ્તકોની સંખ્યા તેમજ ગુણવત્તાની દૃષ્ટિએ માતબર એમનું સર્જન છે. 'સંસ્કૃતિ' એમનાં ઉચ્ચ કોટિનાં સાહિત્યસર્જનો અવારનવાર પુરસ્કૃત થતાં રહેલાં. ૧૯૩૬માં 'ગંગોત્રી' કાવ્યસંગ્રહને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો. ૧૯૪૪માં 'પ્રાચીના'ને મહિડા પારિતોષિક પ્રાપ્ત થયું છે. ૧૯૬૬માં 'મહાપ્રસ્થાન'ને

'ઉમા-સ્નેહરશ્મિ' પારિતોષિક એનાયત થયું. ૧૯૬૭ના શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ તરીકે 'અભિજ્ઞા'ને 'કવિ ન્હાનાલાલ પારિતોષિક' સાંપડ્યું. 'નિશીથ'ને ભારતીય જ્ઞાનપીઠનો રૂ. ૫૦,૦૦૦નો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો. તે પછી ઉમાશંકરને 'સોવિયેત લૅન્ડ નહેરુ અવૉર્ડ' પણ પ્રાપ્ત થયો.

ઉમાશંકર માત્ર કવિ જ નહોતા, પણ સતત અભ્યાસશીલ સારસ્વત પણ હતા. મરાઠી, હિંદી અને બંગાળી સાહિત્ય તેઓ સીધેસીધું જ વાંચતા. આંતરરાષ્ટ્રીય સીમાએ તેમનું નામ જઈ પહોંચ્યું હતું. ફિલિપાઇન્સના પાઠ્યપુસ્તકમાં તેમનું કાવ્ય પસંદ થાય અને શિકાગોનું કવિતા સામયિક ઉમાશંકરનાં કાવ્યોનો વિશેષાંક યોજે એ ઘટના વિશ્વ સાહિત્યના નકશામાં ગુજરાતનું નામ રોશન કરનારી છે.

એમનું એક ઉજ્જ્વળ પાસું શિક્ષક તરીકેનું છે. તેઓ આજીવન શિક્ષક હતા. 'અમારે શિક્ષકોને માટે તો વર્ગ એ જ સ્વર્ગ' એમ તેઓ કહેતા. એમની બોલવાની ઢબ મિતાક્ષરી, શાંત અને ઠાવકી હતી. કોઈ કુશળ ઝવેરી રત્નમંજૂષામાંથી એક એકથી ચડિયાતાં રત્નો વારાફરતી બહાર કાઢતો જાય એમ તેઓ શબ્દને બરાબર તોળીને, અને અર્થવાહકતાની કસોટીએ ચડાવીને વાક્યો ઉચ્ચારતા. ભાવો હિલોળે ચડે ત્યારે પ્રાસયુક્ત, લયબદ્ધ અને ઉપમાદિ અલંકારોથી શોભતું રઢિયાળું ગદ્ય અનાયાસે એમના વક્તવ્યમાં સરકવા માંડતું. તેઓ સાચા અર્થમાં માનવધર્મી અને સૌજન્યશીલ હતા. ગુજરાત યુનિવર્સિટીની અભ્યાસ સમિતિના સભ્ય અને અધ્યક્ષપદે હતા ત્યારે પોતાનાં પુસ્તકોને અભ્યાસક્રમમાં મૂકવામાંથી નિઃસ્પૃહતાથી બાકાત રાખતા. એમની સિદ્ધાંતનિષ્ઠા એવી કે પોતે ભાંગીને કકડા થવાનું પસંદ કરે, પણ નમે નહિ. બીજા વિશ્વયુદ્ધના સમય દરમિયાન તેઓ સરકારી રેડિયો પર કાર્યક્રમ આપવા જતા નહોતા. ગુજરાતી સાહિત્ય પરિષદના, ૧૯૫૫માં ભરાયેલા ૧૯મા અધિવેશનમાં સમાધાન કરીને પરિષદનું બંધારણ લોકશાહી પ્રણાલિકા અનુસાર સુધારીને સત્તા છોડી હતી. સૌનાં દૃષ્ટિબિંદુનો સમાદર કરવાની ઉમાશંકરની ગુણગ્રાહકતા એવી કે મતભેદ પડે છતાં સામા પક્ષનું કાંઈ સારું જુએ તો તેની કદર કર્યા વિના ન રહે. એમનાં જીવનનાં મૂલ્યાંકનો ઊંચાં હતાં. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ તરીકેનો લગભગ દોઢેક હજારનો પગાર છોડીને તેમણે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદનું, તેથી લગભગ અર્ધી રકમનું માનદ વેતન સ્વીકાર્યું હતું. 'મહાપ્રસ્થાન'ને મળેલું રૂ. ૫૦૦નું પારિતોષિક ગુજરાતી સાહિત્ય પરિષદને તેમણે અર્પણ કરી દીધું. અનુવાદ પાછળ ખર્ચવાની યોજના કરી હતી. આર્થિક સંકડામણ અનુભવતા તેજસ્વી વિદ્યાર્થીની ટર્મ ફી પોતે ભરતા. એવી સહાય અર્થે તેમણે પોતાની રકમમાંથી 'ગંગોત્રી' ફંડ ઊભું કર્યું હતું. તેમની જ્ઞાનસાધના ગંભીર હતી, પરંતુ કુદરત દીધી હાસ્યની બક્ષિસે તેમને સદાયે પ્રફુલ્લિત રાખ્યા હતા. નિવૃત્તિના સમયમાં પણ તેમની જ્ઞાનસાધના અવિરતપણે ચાલુ રહી હતી.

ગુજરાતના આ પરમ સારસ્વતનું, ટૂંકી માંદગી બાદ, તા. ૧૯-૧૨-૮૮ના રોજ ૭૮ વર્ષની વયે મુંબઈની હૉસ્પિટલમાં અવસાન થયું ત્યારે ગુજરાતી સાહિત્યાકાશમાંથી એક તેજસ્વી સિતારો વિલીન થઈ ગયો.

ડૉ. નરોત્તમ વાળંદ પોતાના આશુતોષ અને આશુશેષ ગુરુ કવિ ઉમાશંકર જોશી સાથેનાં સંસ્મરણો વાગોળતાં નોંધે છે કે :

ઈ. સ. ૧૯૫૪માં બી.એ. પરીક્ષામાં ઉજ્જ્વળ પરિણામ પ્રાપ્ત કરવા બદલ મને અમદાવાદની ગુજરાત કૉલેજની 'દક્ષિણા ફેલોશિપ' મળી. દર મહિને રૂ. ૬૦ની શિષ્યવૃત્તિ અને કૉલેજની હોસ્ટેલના સ્વતંત્ર રૂમમાં રહેવાનો લાભ મળ્યો.

ગુજરાત યુનિવર્સિટીમાં સ્થપાયેલા ''ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન''ના ઉપક્રમે એમ. એ. (ગુજરાતી)નો વર્ગ શરૂ થયો. શ્રી ઉમાશંકર જોશી ભવનના અધ્યક્ષ હતા છતાં તેઓ એમ. એ. (ગુજરાતી)ના વર્ગશિક્ષક તરીકે સેવા આપતા હતા. હું અભ્યાસ વિષયક મુશ્કેલીઓના ઉકેલ માટે અવારનવાર તેમના નિવાસ સ્થાને જતો. એ વખતે ઉમળકાભેર મને બેસાડી મને સમજાવે. એક વાર વાતવાતમાં એમને ખબર પડી કે મારી પાસે કેટલાંક પાઠ્યપુસ્તકો ખરીદવાની સગવડ નથી. એટલે તેમણે તેમના અંગત પુસ્તકાલયમાંથી એ પુસ્તકો અભ્યાસ માટે કાઢી આપ્યા.

એક દિવસ અમને ભણાવવા માટે કેટલાક

અધ્યાપકો બહારથી આવવાના હતા. ફેબ્રુઆરી મહિનો એટલે અમારે વિદ્યાર્થીઓ માટે કટોકટીનો વખત. પળેપળની કિંમત ગણાતી. માર્ચમાં વાર્ષિક પરીક્ષા હતી. એ દિવસે એવું બન્યું કે પહેલો પીરિયડ લેનારા અધ્યાપક પીરિયડ પૂરો થતાં પહેલા જ, કાંઈક કામ હોવાથી વહેલા ચાલ્યા ગયા. બીજા પીરિયડના અધ્યાપક આવવાના નહોતા. એટલે ત્રીજા પીરિયડ સુધી રાહ જોતા બેસી રહેવાની વર્ગના કોઈ વિદ્યાર્થીની તૈયારી નહોતી. અમે સૌ વર્ગમાંથી ચાલી નીકળ્યા.

બીજે દિવસે ઉમાશંકરભાઈએ મને તેમની ઑફિસમાં બોલાવ્યો અને કહ્યું : ‘‘ગઈ કાલે પ્રોફેસર... આવેલા ત્યારે વર્ગમાંથી તમારામાંથી કોઈ હાજર નહોતું?’’

મેં તેમને ખરી હકીકત જણાવી અને પરીક્ષાની તૈયારીના દિવસો હોઈ, વાંચવા માટે અમે સૌ ચાલ્યા ગયેલા એવો બચાવ કર્યો.

તેમણે કહ્યું : ‘‘વાંચવું હોય તો આપણે ત્યાં (યુનિવર્સિટીમાં) સમૃદ્ધ પુસ્તકાલય છે. જે અધ્યાપક ઘણે દૂરથી અહીં આવ્યા હોય તેમને ધક્કો પડે તે સારું નહીં. હવે પછીના એમના પીરિયડ વખતે સૌ વિદ્યાર્થીઓ વતી તમે એમની માફી માંગી લેશો.’’

મારે માટે આ કારમી કસોટીનો પ્રસંગ હતો. પીરિયડ છોડીને તો બધા જ વિદ્યાર્થીઓ ચાલ્યા ગયા હતા, પણ મારે જ સૌ વતી માફી માંગવાની ? દલીલ કરવાની હિંમત ન ચાલી. પછી તો પેલા અધ્યાપક સાહેબનો પીરિયડ આવ્યો ને મેં એ દિવસના પીરિયડ વેળાની અમારી બધાની ગેરહાજરી બદલ સૌ વતી માફી માગી લીધી.

થોડાક દિવસો વહી ગયા. અમારે પીરિયડ એક સેમિનારનો હતો. અગાઉથી આપેલા વિષયનો સ્વાધ્યાય-નિબંધ હું તૈયાર કરી લાવેલો, તે મેં વર્ગમાં રજૂ કર્યો. ઉમાશંકરભાઈ ધ્યાનપૂર્વક સાંભળતા હતા. રજૂ કરીને હું બેસવા જતો હતો ત્યાં તેઓ ઊભા થઈને પાસે આવ્યા અને મારો વાંસો થાબડ્યો. એટલેથીય સંતોષ ન થતાં હસ્તધૂનન કરીને અભિનંદન આપ્યા. એ વેળા તેમના મોં પર આનંદ તરવરતો હતો.

એક વાર હું તેમના નિવાસસ્થાને મળવા ગયો ત્યારે પૂનાની ડેક્કન કૉલેજમાં ઉનાળાની રજાઓ દરમિયાન યોજાનારા ભાષાશાસ્ત્રના વર્ગમાં જોડાવાની તેમણે મને સલાહ આપી. દેશના અને વિદેશના કેટલાક અધ્યાપકો ત્યાં આવનાર હતા. મારી આર્થિક સ્થિતિ બહુ સારી ન હતી એટલે મેં ના પાડી. તેમણે તરત જ રહેવા-જમવા સહિત સર્વ ખર્ચની રકમ કાઢી આપી અને ડેક્કન કૉલેજના ભાષાશાસ્ત્રના અધ્યક્ષ પર ખાસ ભલામણ પત્ર લખી દીધો ને મને પૂના મોકલી આપ્યો !

અમારી એમ. એ. (ભાગ-૨)ની વાર્ષિક પરીક્ષા શરૂ થાય તે પહેલાં તો ઉમાશંકરભાઈને થોડાક મહિના માટે ઇંગ્લૅન્ડના શૈક્ષણિક પ્રવાસે જવાનું થયું. એમ. એ.નું પરિણામ આવી ગયું. મને ભરૂચની કૉલેજમાં નોકરી પણ મળી ગઈ. દરમિયાન લંડનથી તેમનો પ્રેમાળપત્ર મળ્યો.

લંડન,
૧૫ જુલાઈ, ૧૯૫૬

પ્રિય ભાઈશ્રી નરોત્તમ,

તમારો પત્ર મળ્યો હતો. તમારો સાચો અભ્યાસકાળ હવે શરૂ થાય છે. અભિનંદનના અધિકારી તમે હંમેશાં રહેશો એવી શ્રદ્ધા છે. શરૂ થતા સત્રથી ક્યાંય તમે જોડાયા કે કેમ તે અંગે જાણવાની ઉત્સુકતા રહે. કાંઈ થયું હોય તો સુંદર. નહિ તોપણ ચિંતા બહુ કરશો નહિ. તમે લખ્યું હતું તે શિષ્યવૃત્તિ માટે અરજી કરવાનો સમય જાણી લઈ, જરૂર લાગે તો અરજી કરી દેશો. પીએચ.ડી.માં જોડાવવાનું પણ થઈ શકશે. હું પાંચમી ઑગસ્ટે અમદાવાદ પહોંચું ત્યારે કાગળથી સમાચાર પહોંચાડશો.... સૌ મિત્રોને સ્નેહ સ્મરણ

**ઉમાશંકર જોશીના સપ્રેમ વં.મા.**

પછી તો અમારો ગુરુ-શિષ્યનો સંબંધ ઠેઠ લગી જળવાઈ રહ્યો. ઉમાશંકરભાઈ સાચા અર્થમાં શીલભદ્ર સારસ્વત હતા. જીવન સમગ્રને કેવું ઉજ્જ્વળ બનાવી શકાય તેનું સર્વોત્તમ ઉદાહરણ તેમનું જીવન અને કવન છે. તેમણે સાહિત્ય અને સંસ્કૃતિ બંનેને આત્મસાત કર્યાં હતાં. તેઓ સાહિત્યના સર્જક હતા તેટલા જ જીવનના મીમાંસક હતા. મારા જેવા અનેક વિદ્યાર્થીઓના એક ગુરુજન તરીકે તારણહાર હતા.

**ડૉ. નરોત્તમ વાળંદ**
૮, પ્રીતમ સોસાયટી-૧, ભરૂચ-૩૯૨૦૦૨,
ફોન - ૦૨૬૪૨ - ૨૨૯૬૯૩

# ભારતના પ્રથમ એટર્ની જનરલ
# શ્રી મોતીલાલ સેતલવાડ

શરદભાઈ શાહ

ગુજરાત જેમના માટે ગૌરવ લઈ શકે તેવા પ્રતિભાશાળી ઍડ્વોકેટ અને મુંબઈના ઍડ્વોકેટ જનરલ તથા ભારતના પ્રથમ એટર્ની જનરલ 'પદ્મવિભૂષણ' શ્રી મોતીલાલ સેતલવાડના જીવન અને કાર્યની વિગતે વાત કરવી છે. તેમની આત્મકથા My Life, Law and other Things'માં ખૂબ જ વિસ્તૃતપણે તેમની જીવનકથા આલેખાઈ છે. તે આધારે આ લેખ તૈયાર કર્યો છે. વકીલો અને ખાસ કરીને યુવાન વકીલોને તેમાંથી પ્રેરણા મળશે તેમ માનું છું. તેમણે સને ૧૯૩૭થી ૧૯૪૨ સુધી મુંબઈ હાઈકોર્ટમાં ઍડ્વોકેટ જનરલ તરીકે કામ કર્યું. સને ૧૯૪૭માં લાહોર અંગે રેડક્લીફ કમિશનમાં કામ કર્યું. ત્યાર બાદ યુનોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. તે પછી સને ૧૯૫૦થી ૧૯૬૨ સુધી ભારતના પ્રથમ એટર્ની જનરલ તરીકે કામ કર્યું. તે દરમિયાન ઘણી નોંધપાત્ર કામગીરી કરી. આ બધી બાબતો અહીં સંક્ષિપ્તમાં વર્ણવી છે. તેઓશ્રી ૯૦ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવી અવસાન પામ્યા હતા.

### જન્મ, બાળપણ અને અભ્યાસ

તેમનો જન્મ ૧૨મી નવેમ્બર, ૧૮૮૪ના રોજ તેમના મોસાળ અમદાવાદમાં થયો હતો. સાત ભાઈબહેનોમાં તે સૌથી મોટા હતા. તેમના પિતાશ્રી ચીમનલાલ સેતલવાડ નામી વકીલ હતા. તેમનાં દાદા અને પ્રદાદા પણ ન્યાયાધીશ હતા. તેમની માતાના પિતાશ્રી અમદાવાદમાં સરકારી વકીલ હતા. આમ બંને પક્ષે વકીલાત તેમને વારસામાં મળી હતી.

તેઓશ્રી નાનપણમાં તોફાની હતા. વારંવાર પડી જતાં તેમને ફ્રેક્ચર પણ થતાં. તેમને સ્કૂલે જવાનું પણ ગમતું નહીં. તેમની સાતેક વર્ષની ઉંમરે તેમના પિતા વકીલાત માટે મુંબઈ ગયા. તેથી મોતીલાલનું પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં ગીરગાંવની સ્કૂલમાં શરૂ થયું. ત્યાર બાદ તે વિલ્સન હાઈસ્કૂલમાં દાખલ થયા. તેમાં સાત વર્ષ અભ્યાસ કર્યો. સને ૧૮૯૯માં તેમણે મૅટ્રિકની પરીક્ષા પાસ કર્યા બાદ તે પછી એલ્ફિસ્ટન કૉલેજમાં દાખલ થયા. તેઓ ૧૯૦૪માં બી.એ. અને ૧૯૦૬માં એલએલ.બી. થયા. તેમણે હાઈકોર્ટમાં Original Sideમાં પ્રેક્ટિશ કરવાનું નક્કી કર્યું. તે માટેની પરીક્ષા તેમણે ખૂબ જ મહેનત કરી સને ૧૯૧૧માં પસાર કરીને વકીલાત કરવાનું શરૂ કર્યું. તે દિવસે તેમની ડાયરીમાં લખ્યું કે આ મારા જીવનનો યાદગાર દિવસ છે. તેમણે વિશેષમાં લખ્યું, 'મારે સખત પરિશ્રમ કરી વકીલાતમાં સફળતા મેળવવી છે. ખુશામત નહીં. અપ્રાણિકતા નહીં, અસત્ય નહીં, મારે માત્ર સીધા માર્ગે ચાલવું છે અને સખત મહેનતના સહારે જ સફળતા પ્રાપ્ત કરવી છે.' મોતીલાલે આ સંકલ્પ જીવનભર પાળ્યો અને જીવનમાં સિદ્ધાંતો અને સખત પુરુષાર્થને આધારે અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી.

### વકીલાતનાં શરૂઆતનાં વર્ષો અને સફળતાના ઉત્તુંગશિખરે

મોતીલાલના પિતાશ્રી સર ચીમનલાલ સેતલવાડ નામી વકીલ હતા. તેમની પાસે ઘણું કામ હતું, પરંતુ મોતીલાલનો વિકાસ થાય તે હેતુથી તેમણે મોતીલાલને સૂચન કર્યું કે ભૂલાભાઈ દેસાઈની ચેમ્બરમાં જોડાવવું. ભૂલાભાઈની પ્રેક્ટિસ ધીખતી હતી અને ડ્રાફ્ટિંગમાં તે માસ્ટર ગણાતા હતા. મોતીલાલ સને ૧૯૧૨માં ભૂલાભાઈની ચેમ્બરમાં જોડાયા.

શરૂઆતનાં વર્ષોમાં સ્વતંત્ર રીતે કામ ચલાવવા મળતું નહીં, પરંતુ સિનિયરના કામો સંભાળવાનાં રહેતાં હતાં. ફી પણ ઘણી ઓછી મળતી, પરંતુ મોતીલાલ નવરાશના સમયનો સદુપયોગ વાંચન-લેખનમાં કરતા. Bombay Chronicle નામના દૈનિકમાં કોર્ટના કેસોનું રિપોર્ટિંગ કરતા હતા અને તેનાથી આવક પણ થતી હતી. તેઓ પિતાશ્રી સાથે રહેતા તેથી આર્થિક મૂંઝવણ નહોતી,

પરંતુ ઘણી વાર તેમને થતું કે વકીલાતના બદલે નોકરી કરું, પરંતુ પિતાશ્રીએ સલાહ આપી કે ધીરજ રાખો અને વકીલાત જ કરો.

એક વખત સરસ તક મળી ગઈ. ભૂલાભાઈ બીજા કેસમાં રોકાયેલા હતા તેથી તેમણે એક કેસ ચલાવવા મોતીલાલને કહ્યું. ચીફ જસ્ટિસની કોર્ટમાં તે કેસ ચાર દિવસ ચાલ્યો. મોતીલાલે ખૂબ મહેનત કરી કેસ ચલાવ્યો. પરિણામ લાભમાં આવ્યું. ભૂલાભાઈએ ફીનો ચેક અને આશીર્વાદ આપ્યાં. પછી તો આત્મવિશ્વાસ વધ્યો અને ઘણા કેસો ચલાવ્યા. ન્યાયાધીશો પણ તેમનાં કામની પ્રશંસા કરવા લાગ્યા.

સને ૧૯૧૯ પછી તો ઉત્તરોત્તર ખૂબ જ પ્રગતિ થઈ અને સને ૧૯૩૭ સુધીમાં તો તે ટોચના ક્રમના વકીલ બની ગયા. ૧૯૨૦માં તેમણે વિવિધ પ્રકારના કેસો ચલાવ્યા. સામાન્ય રીતે તે સેસન્સ કોર્ટમાં જતા નહીં, પરંતુ એક કેસમાં તેમના કુટુંબીભાઈના આગ્રહથી રોકાયા અને ટ્રાયલ કોર્ટનો અનુભવ લીધો. સને ૧૯૨૧માં તેમણે રાજકોટ જઈ કેસ ચલાવ્યો. જૂનાગઢ અને માણાવદર રાજ્યના રાજવીઓ વચ્ચે તકરાર હતી. મોતીલાલને રોજની રૂપિયા ૧૦૦૦ની ફી મળતી. જ્યુડિશિયલ કમિશનર સમક્ષ કેસ ચાલતો હતો અને ઘણા આરામથી કેસની પ્રક્રિયા ચાલતી. મજાની વાત તો એ હતી કે Barlee નામના અંગ્રેજ જ્યુડિશિયલ કમિશનર હતા. તે હંમેશાં તેમનાં બે પાળેલાં કૂતરા સાથે કોર્ટમાં બેસતા હતા. મોતીલાલ તો અચરજ પામ્યા, પણ પછી ટેવાયા ! તેમણે ધારદાર દલીલો કરી.

મોતીલાલે દીવાની, ફોજદારી અને અન્ય કેસો ચલાવી સારી નામના પ્રાપ્ત કરી. તેથી સને ૧૯૨૫ પછી ઘણા જુનિયર વકીલો તેમની સાથે જોડાયા. ૧૯૨૮માં બકનેલ સ્ટીમરશિપ કું.નો કેસ ચલાવ્યો. તે કેસ આખું સત્ર ચાલ્યો અને તેમાં ૨૧૫ કલાક ગયા. તે કેસમાં મહમદઅલી ઝીણાના જુનિયર તરીકે તેમણે કામ કર્યું. ઝીણાની દલીલો ધારદાર અને અસરકારક રહેતી, પરંતુ કાયદાના ઊંડાણમાં તે બહુ જતા નહીં. તેથી કાયદાના પ્રશ્નો ઊભા થાય ત્યારે મોતીલાલ વિસ્તૃત નોટ બનાવી ઝીણાને આપતા. પરિણામે ઝીણા ખૂબ અસરકારક રજૂઆત કરતા. ઝીણાએ કેસ પૂરો થયા પછી મોતીલાલને ખૂબ જ અભિનંદન આપ્યાં. બીજો એક કેસ અલ્હાબાદ બૅન્કનો હતો. તેમાં ખૂબ મોટી રકમ સંડોવાયેલી હતી. શ્રી કણિયા (જે પછીથી ભારતની સુપ્રીમકોર્ટના પ્રથમ ચીફ જસ્ટિસ થયા તે) અને મોતીલાલ સામસામે હતા. બંને પક્ષકારોએ તે બંનેને કમિશનર તરીકે નીમ્યા. બૅન્ક વતી નામી વકીલ શ્રી ટેલરે રજૂઆત કરી અને ગ્રાહકો વતી શ્રી ભૂલાભાઈ દેસાઈએ રજૂઆત કરી. પછી મોતીલાલ અને કણિયાએ રિપોર્ટ તૈયાર કર્યો. જેનો કોર્ટ દ્વારા સ્વીકાર થયો.

આમ વિવિધ પ્રકારના કેસોનો અનુભવ મેળવી ૧૯૨૯ સુધી તો મોતીલાલે એક કાબેલ વકીલ તરીકે નામના પ્રાપ્ત કરી. તેથી ડિસેમ્બર ૧૯૨૯માં બૉમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ માર્ટેને મોતીલાલને બોલાવી હાઈકોર્ટ જજ તરીકે જોડાવવા જણાવ્યું. મોતીલાલે વિચારણા માટે સમય માગ્યો. ખૂબ વિચારણાને અંતે તેમને લાગ્યું કે ન્યાયાધીશની કામગીરી તેમને અનુકૂળ પડશે નહીં. ફેબ્રુઆરી ૧૯૩૦માં તેમણે ચીફ જસ્ટિસને વિનયપૂર્વક જણાવ્યું કે તેઓ ન્યાયમૂર્તિ તરીકે જોડાઈ શકશે નહીં. ચીફ જસ્ટિસ નાખુશ થયા.

૧૯૩૦થી ૧૯૩૭ દરમિયાન મોતીલાલની વકીલાત ખૂબ જ વ્યાપક પ્રમાણમાં ખીલી ઊઠી. તેમણે વિવિધ પ્રકારના કેસો ચલાવી મુંબઈના વકીલોમાં અગ્રસ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. પરિણામે તેમને ઍડ્વોકેટ જનરલ થવા આમંત્રણ પ્રાપ્ત થયું. તે હકીકત જોઈએ તે પહેલાં મોતીલાલે વૅકેશનમાં હીલ સ્ટેશન પર જઈ આનંદ માણ્યો તેની વાત જોઈ લઈએ.

મોતીલાલનો એ નિયમ રહેતો કે વૅકેશનમાં આરામ કરવો અને મોટા ભાગે હીલ સ્ટેશન પર સમય વીતાવવો. અંગ્રેજ ન્યાયાધીશો અને અંગ્રેજ વકીલો લાંબું વૅકેશન ભોગવતા. મોતીલાલ પણ બેથી ત્રણ મહિના કુટુંબ સાથે વિવિધ સ્થળોએ આનંદ માણતા. તે દાર્જીલિંગ, ઊટી અને કાશ્મીર જતાં. તક મળે ત્યારે ઇંગ્લૅન્ડ પણ જતા. સને ૧૯૨૯માં મોતીલાલે વૅકેશનના ત્રણ મહિના યુરોપમાં ગાળ્યા. ૧૯૩૬માં સાડા ત્રણ મહિના કાશ્મીરમાં વિતાવ્યા. શ્રીનગર, પહેલગાંવ, ગુલમર્ગમાં રહી ભરપૂર આનંદ માણ્યો. ત્યાર પછી ઑક્ટોબર માસમાં તેમણે મથુરા, બનારસ, અલ્હાબાદ

અને હરદ્વારનો પ્રવાસ કર્યો. ડિસેમ્બરમાં દક્ષિણ ભારતમાં મદ્રાસ, તીરવન્નાપાલી, મદુરાઈ, રામેશ્વરમ્, ત્રિવેન્દરમ્, કન્યાકુમારી વગેરેનો પ્રવાસ કર્યો. ધાર્મિક પ્રવાસ તેમની માતા સાથે અને માતા માટે કર્યા.

જે વૅકેશનમાં તે પ્રવાસ ન કરે તે વૅકેશનમાં મુંબઈમાં જૂહુના દરિયાકાંઠે કોટેજ ભાડે રાખીને રહેતા હતા. તેથી તેમણે ૧૯૩૪માં જૂહુ બીચ પાસે ૨૫૦૦૦ ચો. વારનો પ્લોટ વેચાતો રાખ્યો અને તેમાં સરસ મજાનો બંગલો બનાવવાનો વિચાર કર્યો. તે વખતે જૂહુ વીક ઍન્ડ માટે અથવા વૅકેશન માટે યોગ્ય ગણાતું હતું. તેથી મોતીલાલે ૧૨૫૦૦ ચો. વાર જગ્યા તેમની બહેન અને અન્ય સગાંઓને આપી અને બાકીના ૧૨૫૦૦ વારમાં તેમણે સુંદર બંગલો અને બાગ બનાવ્યા. તે બંગલાનું નામ 'નિરાંત' આપ્યું. પછી તો તે બંગલામાં જ રહેવા લાગ્યા અને ત્યાંથી જ કોર્ટમાં જવા-આવવા લાગ્યા.

જીવન આનંદમાં વીતતું હોય ત્યારે ક્વચિત્ અણધારી તકલીફ પણ આવી પડતી હોય છે.. ૧૯૩૬માં મોતીલાલ વિચાર કરતા હતા કે ભગવાનની કેવી અપાર કૃપા છે. બાવન વર્ષની ઉંમરે તો જાણે સ્વર્ગનું સુખ હોય તેમ લાગે છે. વકીલાતમાં ટોચના ક્રમે છે. ઉમદા પિતા અને પ્રેમાળ માતા હયાત છે. ભાઈઓ અને બહેનોનો અપાર સ્નેહ મળે છે. સુશીલ અને સમજદાર પત્ની છે. ૧૫ વર્ષની દીકરી અને ૩ વર્ષનો પુત્ર છે. આર્થિક સંપન્નતા છે. આવું વિચારતા હતા ત્યાં કુદરતે કસોટી કરી. ૧૯૩૩ની શરૂઆતમાં તેમનાં પત્નીને ડાબી છાતીમાં ગાંઠ થઈ. મુંબઈમાં ડૉ. દેશમુખે ઑપરેશન કર્યું. ગાંઠની તપાસ કરતા કૅન્સરની ગાંઠ માલૂમ પડી. લંડનમાં સ્પેશિયાલિસ્ટની સલાહ લેતાં લંડન જઈ સારવાર કરાવવા સૂચન કર્યું. ફેબ્રુઆરી ૧૯૩૭માં કુટુંબીજનો, મિત્રોની શુભેચ્છા સાથે લંડન ગયા. છાતીમાં અસરકર્તા ભાગ પર ૩૩ નીડલ રાખવામાં આવી. નાનકડું ઑપરેશન પણ થયું. છ મહિના સારવાર કરાવી ભારત પરત આવ્યા. લંડનથી નીકળ્યા ત્યારે મનમાં ઘણી શંકા-કુશંકા હતી. ભારત પરત ફર્યા ત્યારે ખૂબ જ આત્મવિશ્વાસથી આવ્યા. તાત્કાલિક સારવાર અને શ્રેષ્ઠ સારવારનો સારો લાભ થયો. તે પછી સંપૂર્ણ સ્વસ્થતાથી તેમનાં પત્ની વિમલાબહેન બીજાં ૩૦ વર્ષ જીવ્યાં. પ્રભુએ આ કસોટીમાંથી પાર પાડ્યા.

### ઍડ્વોકેટ જનરલ તરીકે નિયુક્તિ

ઍડ્વોકેટ જનરલનું પદ પ્રતિષ્ઠા અને જવાબદારીવાળું પદ છે. ૧૯૩૦ની આસપાસમાં મુંબઈમાં હંમેશાં ઇંગ્લૅન્ડ બારના અંગ્રેજ વકીલો જ એડવોકેટ જનરલ તરીકે નીમાતા હતા. સૌથી પહેલા ભારતીય વકીલ જમશેદજી કાંગા ઍડ્વોકેટ જનરલ તરીકે નીમાયા. તેમની ૬૦ વર્ષની ઉંમર થતાં તેમણે તે પદ ઉપરથી રાજીનામું આપ્યું. ૧૯૩૫માં મુંબઈ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ Beaumont હતા. તે ખૂબ જ કુશળ અને અસાધારણ બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા, પરંતુ કૉંગ્રેસની ચળવળના કારણે ભારતીય વકીલો માટે તેમને પૂર્વગ્રહ હતો. તેથી ઍડ્વોક્ટ જનરલનું નામ સૂચવવાનું આવ્યું ત્યારે તેમણે પહેલું નામ અંગ્રેજ વકીલ Kempનું અને બીજું નામ મોતીલાલનું સૂચવ્યું. પરિણામે Kemp પાંચ વર્ષ માટે ઍડ્વોકેટ જનરલ નીમાયા.

પરંતુ બે વર્ષ બાદ ૧૯૩૭માં ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા એક્ટ અન્વયે ચૂંટણીઓ થઈ. કૉંગ્રેસની ગવર્નમેન્ટ આવી. તેમણે નક્કી કર્યું કે ભારતીય વકીલને ઍડ્વોકેટ જનરલ બનાવીએ. કનૈયાલાલ મુનશી Kempને મળ્યા અને સરકારની ઇચ્છાની જાણ કરી. Kemp ખૂબ જ સજ્જન હતા. તેમણે કહ્યું હું રાજીનામું આપી દઉં છું. તમે તમારી પસંદગીની વ્યક્તિને જરૂરથી નીમો. મુનશીએ મોતીલાલને વિનંતી કરી. મોતીલાલે તેનો સ્વીકાર કર્યો. તેમની નિમણૂક ઍડ્વોકેટ જરનલ તરીકે ૧૯૩૭માં થઈ.

મોતીલાલ સૌપ્રથમ Kempને મળ્યા. તેમની શુભેચ્છા અને આશીર્વાદ માટે જણાવ્યું. કેમ્પે શુભેચ્છાઓ પાઠવી અને કામગીરી અંગે ખ્યાલ આપ્યો. મોતીલાલે પૂછ્યું, 'તમને લાગે છે કે આ જવાબદારી હું વહન કરી શકીશ? કેનેથ કેમ્પે જવાબ વાળ્યો, 'હું કરી શક્યો તો તમે કેમ ના કરી શકો ? તમે મારાથી વધુ સારી રીતે કરી શકશો.'

મોતીલાલે બધાની શુભેચ્છાઓ સાથે કામગીરી શરૂ કરી. ભૂલાભાઈ દેસાઈએ પાર્ટીનું આયોજન કર્યું. સરદાર પટેલે આનંદ વ્યક્ત કરી મોતીલાલને શુભેચ્છા પાઠવી. બૉમ્બે લૉ જનરલે પ્રશંસાના પુષ્પો પાથર્યાં. ચીફ જસ્ટિસ Beaumont અને અન્ય ન્યાયાધીશોએ પત્ર લખી અભિનંદન પાઠવ્યાં. ન્યાયમૂર્તિ Blackwell દ્વારા

પત્રમાં જણાવ્યું કે બેન્ચ અને બાર તમારી નિમણૂકથી ખુશ છે. તમને આ પદ માટે ઑફર થઈ અને તમે તેનો સ્વીકાર કર્યો તે આનંદની વાત છે.

મોતીલાલે સાડાચાર વર્ષ આ પદ પર કામ કર્યું. તેમણે તેમની જવાબદારી ખૂબ મહેનતથી અને કુશળતાથી નિભાવી. સને ૧૯૩૫ પહેલાં બંધારણીય પ્રશ્નો ખાસ નહોતા. ૧૯૩૫નો ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા એક્ટ અમલમાં આવ્યા પછી બંધારણીય પ્રશ્નો ઉપસ્થિત થયા. મોતીલાલનો બંધારણનો કે તેને લગતા કાયદાનો ઊંડો અભ્યાસ નહીં, પરંતુ તેમને તે બાબતે વિશેષ અભ્યાસ કર્યો અને તેમાં તેમની ઑફિસનાં જુનિયર શ્રી જી. એન. જોષી, જે બંધારણીય કાયદાના નિપુણ હતા, તેમની મદદ મળી.

મોતીલાલની કામગીરી વિવિધ પ્રકારની હતી. લેટર્સ પેટન્ટ અપીલના કામોની સાથે સર્ટિફિકેટ આપવાની જવાબદારી પણ હતી. વળી, બંધારણીય બાબતો માટે સરકારને અભિપ્રાયો આપવાના રહેતા અને કોર્ટમાં બંધારણીય બાબતોના કેસ પણ ચલાવતા રહેતા. તે વખતે 'બહેરામજી જીજીભોય કેસ'ના નામથી જાણીતો કેસ પણ તેમણે ચલાવ્યો. આ સમય દરમિયાન સરકાર દ્વારા પ્રોહિબિશન અન્વયે કાયદા ઘડવામાં આવતા. તે કોર્ટમાં પડકારવામાં આવતા. મોતીલાલ કોર્ટમાં સરકારનું દૃષ્ટિબિંદુ અસરકારક રીતે રજૂ કરતા. જોકે ચીફ જસ્ટિસ Beaumontના ગળે તે ઊતરે નહીં તે માનતા કે કાયદા દ્વારા નહીં, પરંતુ લોકોને યોગ્ય શિક્ષણ આપીને જ નશાનું દૂષણ દૂર કરી શકાય.

### ઍડ્વોકેટ જરનલ તરીકે રાજીનામું

મોતીલાલે તેમની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવી અને કોર્ટો અને વકીલોમાં પ્રશંસા મેળવી છતાં પાંચ વર્ષની મુદ્દતમાં છ માસ જેટલો સમય બાકી હતો ત્યારે તેમણે ઍડ્વોકેટ જરનલના પદ પરથી રાજીનામું આપ્યું. ૧૯૪૨ની સાલ હતી. Quit India મૂવમેન્ટ પુરજોશથી ચાલતી હતી. સંખ્યાબંધ લોકોને પકડવામાં આવ્યા અને જેલમાં ધકેલવામાં આવ્યા. કૉંગ્રેસ સરકારે રાજીનામું આપ્યું. મોતીલાલે અનુભવ્યું કે લોકો સ્વાતંત્ર્ય અંગે માગણી કરે છે તે વાજબી છે, છતાં સરકાર હજારો વ્યક્તિઓને પકડે છે અને જેલમાં પૂરી દે છે તે યોગ્ય નથી. તે સક્રિય રીતે રાજકારણમાં નહોતા. તેમને લાગ્યું કે સરકારના પગલાંને સમર્થન ન આપવું જોઈએ. તેથી તેમણે ગવર્નરને પત્ર લખી રાજીનામું મોકલી આપ્યું. તેમાં તેમણે સ્પષ્ટ લખ્યું કે સરકારે જે નીતિ અખત્યાર કરી છે તે જોતાં તેઓ તેમનું પદ સંભાળી શકે તેમ નથી. ગવર્નરશ્રીએ બીજા દિવસે પ્રત્યુત્તર વાળી જણાવ્યું કે તેઓ દુઃખ સાથે રાજીનામાનો સ્વીકાર કરે છે. તેમણે જણાવ્યું કે બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી કામગીરી સંભાળવા વિનંતી છે. મોતીલાલે તેનો પ્રત્યુત્તર વાળી તે વાત સ્વીકારી.

થોડા દિવસ બાદ ચીફ જસ્ટિસ Beaumontની ઑફિસમાં મોતીલાલને બોલાવ્યા. તેઓ નારાજ હતા અને ગુસ્સાથી મોતીલાલને કહ્યું, 'તમે રાજીનામું આપતા પહેલાં મને જાણ કેમ ન કરી ?' મોતીલાલે વિવેકપૂર્વક પણ મક્કમતાથી જણાવ્યું, 'મને તે જરૂરી લાગ્યું નહીં, કારણ કે મારી નિમણૂક સરકારશ્રીએ કરેલી છે, આપે નહીં. આ પછી મોતીલાલના પિતાશ્રી ચીમનલાલ સેતલવાડે કહ્યું, 'રાજીનામું આપતા પહેલાં મને પૂછવું તો હતું?' મોતીલાલ ચૂપ રહ્યા, પરંતુ મનમાં તો બોલી ઊઠ્યા, 'તમને પૂછ્યું હોત તો તમે રાજીનામું આપવા દેત નહીં.'

૫૮ વર્ષની ઉંમરે રાજીનામું આપ્યું ત્યારે મોતીલાલને ભાવિના ગર્ભમાં શું છુપાયેલું છે તેની ક્યાં ખબર હતી?

### ચીફ જસ્ટિસ થવા જણાવાયું

૧૯૪૨ની શરૂઆતની વાત છે. મોતીલાલે ઍડ્વોકેટ જનરલ તરીકે રાજીનામું આપ્યું નહોતું. રાજીનામું આપ્યા પહેલાંની આ વાત છે. ચીફ જસ્ટિસ Beaumontનો નિવૃત્તિનો સમય હતો. તેથી નવા ચીફ જસ્ટિસ માટે વિચારણા ચાલતી હતી. ચીફ જસ્ટિસ Beaumont એ મતના હતા કે અંગ્રેજ વકીલ કે ન્યાયાધીશને મુખ્ય ન્યાયમૂર્તિ બનાવવા જોઈએ, પરંતુ ગવર્નર સર રોજર લુમલે એ મતના હતા કે કોઈ ભારતીયને આ સ્થાન આપવું જોઈએ. શ્રી હરિદાસ કણિયા મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ હતા, પરંતુ ચીફ જસ્ટિસને તેમની સાથે બનતું નહીં. તેથી તેમના નામની વિચારણા સંભવિત નહોતી. ગવર્નરે મોતીલાલનું નામ સૂચવ્યું અને જણાવ્યું કે ઇંગ્લૅન્ડમાં ઍડ્વોક્ટ જનરલને ચીફ જસ્ટિસનું પદ આપવામાં આવે છે. Beaunont તો

ભારતીયને બનાવવા માગતા નહોતા, પરંતુ ગવર્નરના કહેવાથી મોતીલાલને પૂછવાનું સ્વીકાર્યું. તેમણે મોતીલાલને બોલાવ્યા અને ચીફ જસ્ટિસ થવા સંમતિ આપવા જણાવ્યું. મોતીલાલે તેમની વાત શાંતિથી સાંભળી અને જણાવ્યું કે 'આ જગ્યા માટે શ્રી કણિયા સર્વથા યોગ્ય છે. તે મારા મિત્ર પણ છે. તેમનો હક ડુબાવી હું ચીફ જસ્ટિસ બનવા સંમત નથી.'

ચીફ જસ્ટિસે કહ્યું, 'તમે સંમત થાઓ નહીં તોપણ આ પદ તેમને મળવાનું નથી.' મોતીલાલે કહ્યું, 'તેમ છતાં હું તે સ્વીકારી શકું નહીં. વળી, મને ન્યાયાધીશની કામગીરી અનુકૂળ આવશે નહીં. હું વકીલાતમાં ઊંડો રસ ધરાવું છું. સ્વાભાવિક રીતે ચીફ જસ્ટિસે વધુ આગ્રહ કર્યો નહીં.

મોતીલાલના પિતાશ્રી ચીમનલાલ આ જાણી નારાજ થયા. તેમના મિત્ર શ્રી જયકર, જે પ્રિવિ કાઉન્સિલના સભ્ય હતા. તે પણ નારાજ થયા. બંનેએ મોતીલાલને બોલાવ્યા અને કહ્યું કે મુંબઈ હાઈકોર્ટમાં પ્રથમ વખત ભારતીય વ્યક્તિ ચીફ જસ્ટિસ બને તેમ છે તો તેમણે આ ગૌરવભર્યા સ્થાનને સ્વીકારવું જોઈએ. તે બંનેએ કહ્યું કે ચીફ જસ્ટિસની વિનંતીને માન આપવું તેમની ફરજ છે. મોતીલાલ મક્કમ રહ્યા અને વિનયપૂર્વક પોતાનું મંતવ્ય સ્પષ્ટ કર્યું.

મોતીલાલ ચીફ જસ્ટિસ થયા હોત તો થોડા સમયે નિવૃત્ત થાત. એટર્ની જનરલ ન બની શકત અને ભવિષ્યમાં જે ઉજ્જ્વલ કામગીરી કરી તે ન કરી શક્યા હોત.

### ફરી પાછા પ્રાઈવેટ પ્રેક્ટિસમાં

૧૯૫૦માં મોતીલાલ એટર્ની જનરલ થયા તે પહેલાં ૧૯૪૨થી ૧૯૪૯ના આઠ વર્ષની કામગીરી બે વિભાગમાં વહેંચી શકાય. ૧૯૪૨થી ૧૯૪૬ દરમિયાન તેમણે પ્રાઈવેટ પ્રેક્ટિસ દરમિયાન વૈવિધ્યસભર કામગીરી નીભાવી. ૧૯૪૭-૧૯૪૮ અને ૧૯૪૯માં બે મહત્ત્વની જવાબદારી નિભાવી. તે વિગતવાર જોઈએ.

સૌ પ્રથમ ૧૯૪૨થી ૧૯૪૬ના વર્ષોની કામગીરી જોઈએ. ઍડ્વોકેટ જનરલ તરીકે મુક્ત થવા છતાં ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી તેમની અપીલો ચલાવવા તેમને વિનંતી થઈ. તે કામગીરી તેમને ચાલુ રાખી. વળી તે ફેડરેલ કોર્ટ દિલ્હીમાં વિશેષ જવા લાગ્યા. કરાંચીમાં જઈ કેસ ચલાવ્યો જે ત્રણ અઠવાડિયાં ચાલ્યો. તેઓ લાહોર હાઈકોર્ટમાં પણ પ્રથમ વખત ગયા અને ઇન્કમટેક્સ અંગેનો કેસ ચલાવ્યો. ત્યાં શ્રી મહેરચંદ મહાજન સાથે મિત્રતા થઈ. શ્રી મહેરચંદ મહાજન પછીથી ભારતની સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ બન્યા હતા. મોતીલાલે અલ્હાબાદમાં પણ કેસો ચલાવ્યા. ત્યાં ડૉ. કૈલાસનાથ કાત્જુ સાથે મિત્રતા થઈ. કૈલાસનાથ કાત્જુ સક્રિય રાજકારણમાં હતા, સમર્થ વકીલ હતા અને પછીથી વેસ્ટ બંગાલના ગવર્નર પણ થયેલા. કૈલાસનાથે મોતીલાલને તેમની જીવનકથા લખવા આગ્રહ કરેલો. જે વિનંતી ઘણા વર્ષો બાદ સને ૧૯૭૦માં મોતીલાલે સ્વીકારેલી.

૧૯૪૪માં મોતીલાલ કેસ ચલાવવા દિલ્હી ગયેલા ત્યારે લૉ મેમ્બર એ. કે. રૉય તેમને મળ્યા અને ફેડરલ કોર્ટમાં ઍડ્વોકેટ જનરલ ઑફ ઇન્ડિયા તરીકેનું પદ સંભાળવા જણાવ્યું. મોતીલાલને તે માટે મુંબઈ છોડવું પડે તેમ હતું. તેમણે દરિયાકાંઠે જૂહુના બંગલામાં રહેવાનું ખૂબ ગમતું હતું. તેમણે આ દરખાસ્તનો સ્વીકાર કર્યો નહીં.

૧૯૪૫માં મોતીલાલને મુંબઈ ધારાગૃહ માટે કૉંગ્રેસ પાર્ટી દ્વારા ચૂંટણી લડવાનું કહેવામાં આવ્યું. મોતીલાલે તે બાબતને બે કારણોસર ઇન્કાર કર્યો. એક તો ભૂલાભાઈ દેસાઈ, જેમના માટે તેમને ખૂબ માન હતું. તેમની જગ્યાએ ચૂંટણી લડવાની હતી એટલે કે કૉંગ્રેસ પાર્ટીએ ભૂલાભાઈને ફરીથી ટિકિટ આપી નહીં અને બીજુ પોતે સક્રિય રાજકારણમાં જોડાવવા માગતા નહોતા.

૧૯૪૨થી ૧૯૪૬ના વર્ષોમાં મોતીલાલે દેશના વિવિધ રાજ્યોમાં અને દિલ્હીની ફેડરલ કોર્ટમાં નોંધપાત્ર કામગીરી કરી, પરંતુ ૧૯૪૭થી ૧૯૪૯ના વર્ષો જુદા પ્રકારની કામગીરીથી યાદગાર વર્ષો બની ગયા.

### લાહોર પાર્ટિશન ટ્રિબ્યુનલ

જુલાઈ ૧૯૪૭માં લાહોર પાર્ટિશન ટ્રિબ્યુનલ સમક્ષ તેમણે ભારત-પાકિસ્તાનની હદ નક્કી કરવાની હતી. જાણીતા વકીલ અને પાર્લમેન્ટના સભ્ય સર સેસીલ રેડક્લીફના ચૅરમૅનપદે કમિશનની રચના થઈ. પંજાબ બે ભાગમાં વહેંચાયું હતું. લાહોર માટે ભારત અને પાકિસ્તાનનો દાવો હતો.

આ માટે બાઉન્ડ્રી કમિશન નીમાયું. તેમાં રેડક્લીફ ઉપરાંત પંજાબ હાઈકોર્ટના ત્રણ ન્યાયમૂર્તિઓ

દીનમહંમદ, મહાજન અને તેજાસિંગ હતા.

મોતીલાલ જુલાઈ ૧૯૪૭માં લાહોર ગયા. લાહોરમાં મુસ્લિમોની બહુમતી હતી, પરંતુ હિંદુઓ સુખી અને અગ્રસ્થાને હતા. લાહોર આર્યસમાજનું મથક હતું. ઔદ્યોગિક અને સાંસ્કૃતિક બાબતોમાં હિંદુઓનું પ્રભુત્વ હતું. કેળવણીના મોટા ભાગના મથકો હિંદુઓનાં હતાં. લાહોરના અગ્રણી બક્ષી ટેકચંદ અને ઘણાં અન્ય આગેવાનો સાથે મોતીલાલે રાતદિવસ ચર્ચા કરી બધી માહિતી એકઠી કરી. હિંદુ અને શીખ ભેગા મળી બધી તૈયારી કરતાં. તે પછી લાગ્યું કે ભારતનો મજબૂત કેસ છે. સુનાવણી પહેલાં રેડક્લીફ લાહોર આવ્યા. તે મોતીલાલને મળ્યાં અને જણાવ્યું કે તે અન્ય કામના દબાણને કારણે સુનાવણીમાં હાજર રહી શકે તેમ નથી. તેથી ત્રણ સભ્યો સમક્ષ સુનાવણી થશે અને તેમના રિપોર્ટના આધારે તેઓ નિર્ણય કરશે. મોતીલાલે રેડક્લીફને હાજર રહેવા જણાવ્યું, પરંતુ તેમના માટે તે શક્ય નહોતું.

સુનાવણી ત્રણ ન્યાયમૂર્તિઓ સમક્ષ થઈ. આ સુનાવણી ૨૧ જુલાઈ, ૧૯૪૭થી ૩૧ જુલાઈ ૧૯૪૭ સુધી ચાલી. કૉંગ્રેસ તરફથી મોતીલાલે, મુસ્લિમ લીગ તરફથી જાફરઉલ્લાખાને અને શીખ તરફથી હરનામસિંગે દલીલો કરી. મોતીલાલની દલીલો ખૂબ જ ઉચ્ચ કક્ષાની અને સુંદર થઈ. લાહોરના હિંદુઓ ખૂબ જ ખુશ થયા. ડૉ. ગોપીચંદ ભાર્ગવ જે કૉંગ્રેસ પાર્ટીના આગેવાન હતા, તેમણે બક્ષી ટેકચંદ દ્વારા રૂ. ૫૦,૦૦૦/- ફી તરીકે મોતીલાલને મોકલ્યા. મોતીલાલે તે લેવાનો ઇન્કાર કર્યો અને જણાવ્યું કે તેમણે તેમની ફરજ બજાવી છે. લાહોરના હિંદુઓ અને શીખોએ જાહેર કાર્યક્રમ કરી મોતીલાલનું સન્માન કર્યું. ડૉ. ગોપીચંદ ભાર્ગવે કહ્યું કે છેલ્લા ચોવીસ દિવસ મોતીલાલ લાહોરમાં રહ્યા અને આપણી સાથે ચર્ચા કરી ખૂબ જ સુંદર રજુઆત કરી છે. તેમણે ફી લેવાનો ઇન્કાર કર્યો છે. આપણે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તે મહાન પિતાના મહાન પુત્ર છે.

લાહોરથી દિલ્હી થઈ મોતીલાલ મુંબઈ ગયા. દિલ્હીમાં તે સરદાર પટેલ અને રાજગોપાલાચારીને મળ્યા અને કેસની હકીકત જણાવી. તે જવાહરલાલને પણ મળ્યા. આ તેમની જવાહરલાલ સાથે પહેલી મુલાકાત હતી. સરદાર પટેલ પણ સાથે હતા. મુલાકાત પૂરી થઈ ત્યારે જવાહરલાલે સરદારને કહ્યું કે, મોતીલાલને ભારત તરફથી યુનાઇટેડ નેશન્સમાં રજુઆત કરવા જણાવો. સરદારે મોતીલાલને આ વાત કરી. સરદારે કહ્યું યુનાઇટેડ નેશન્સમાં સાઉથ આફ્રિકામાં રહેતા ભારતીયોના પ્રશ્નો અંગે રજુઆત કરવાની છે. તમે તેમાં જાઓ તો અમને ગમશે. મોતીલાલે તરત જ તેમની સંમતિ દર્શાવી.

લાહોર કેસનું પરિણામ ભારત તરફે ન આવ્યું. મોતીલાલ જણાવે છે કે એ ન્યાયિક નિર્ણય નહોતો, પરંતુ રાજકીય નિર્ણય હતો. કલકત્તા અને લાહોર માટે ભારત અને પાકિસ્તાનની રજુઆત હતી. બંને ભારતમાં રાખવા યોગ્ય નહીં રહે તેમ માની ગુણદોષ પર નહીં, પરંતુ રાજકીય રીતે નિર્ણય કરવામાં આવ્યો. જોકે લાહોરમાં મુસલમાનોની વસતી વધુ હતી, પરંતુ અન્ય બાબતો ભારત તરફે હતી. તેનો વિચાર થયો નહીં તેથી મોતીલાલને દુ:ખ થયું.

**યુનાઇટેડ નેશન્સમાં કામગીરી**

લાહોર પછી યુનાઇટેડ નેશન્સમાં મોતીલાલને કાર્યવાહી કરવાની આવી. ૧૯૪૭થી ૧૯૪૯ના સમય દરમિયાન તેમણે ઘણો સમય અમેરિકામાં એ કાર્યવાહીના અનુસંધાનમાં ગાળ્યો.

૧૯૪૭માં તે તેમના પત્ની સાથે ન્યૂયૉર્ક ગયાં. ઍરક્રાફ્ટમાં તકલીફ થતા ચાર દિવસે પહોંચ્યાં.. તેમના ડેલિગેશનના લીડર વિજ્યાલક્ષ્મી પંડિત હતાં તથા ફઝલઅલી, બી. આર. સેન, અને સર મહારાજસિંગ અન્ય સભ્યો હતાં. મોતીલાલને ફઝલઅલી સાથે સારી મિત્રતા થઈ, જે જિંદગીભર ટકી. ફઝલઅલી પછીથી આસામના ગવર્નર પણ થયા હતા. જનરલ ઍસેમ્બલીમાં ૬૦ દેશોના પ્રતિનિધિ હતા. વિજ્યાલક્ષ્મી પંડિતે તેમાં પ્રભાવશાળી વક્તવ્ય આપ્યું હતું. રજુઆત કરી હતી અને ભારતના નાગરિકો માટે અનુકૂળ નિર્ણય થયો હતો. મોતીલાલને આ માટે ખૂબ અભિનંદન પ્રાપ્ત થયાં અને તેમની ભારોભાર પ્રશંસા થઈ.

અમેરિકામાં હતા ત્યારે મોતીલાલને તેમના પિતાશ્રીની માંદગીના સમાચાર મળતાં તે નવેમ્બર ૧૯૪૭માં ભારત પાછા ફર્યા. તેમના પિતાશ્રી ખૂબ જ બીમાર હતા છતાં તેમણે ખૂબ જ વિગતથી અને રસપૂર્વક યુનાઇટેડ નેશન્સની અને પોતાની કામગીરીની વાતો સંભળાવી. ત્યાર બાદ ૧૦ ડિસેમ્બર ૧૯૪૭ના રોજ ચીમનલાલ સેતલવાડનું અવસાન થયું. તે ખૂબ જ નામી

વકીલ હતા. ૨૮ વર્ષની ઉંમરે મુંબઈ ધારાસભામાં ચૂંટાયા હતા. ૧૧ વર્ષ સુધી મુંબઈ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર હતા. ૬૦ વર્ષ સુધી લિબરલ પોલિટિશિયન તરીકે કાર્યરત હતા. મોતીલાલના વિકાસમાં તેમનો અગ્ર ફાળો હતો. મોતીલાલના તે આદર્શ હતા.

૨૦મી ડિસેમ્બરે જવાહરલાલ નહેરુએ અંગત પત્ર લખી મોતીલાલને કાશ્મીર પ્રશ્ન અંગે માહિતગાર કર્યા અને જણાવ્યું કે યુનોમાં આ પ્રશ્ને તમારી સેવાઓની જરૂર પડશે. મોતીલાલે તે અંગે સંમતિ દર્શાવી. પરિણામે ૮મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ મોતીલાલ ન્યૂયૉર્ક ગયા. ત્યાં જઈ કાશ્મીરના કેસનો વિગતવાર અભ્યાસ કર્યો. પછી જુદા જુદા દેશના ડેલિગેટ્સને મળીને તે અંગેનો ખ્યાલ આપ્યો અને તેમના ટેકા માટે વિનંતી કરી. યુનોમાં પાકિસ્તાન વતી ઝફરુલ્લાખાને સાડા છ કલાક રજુઆત કરી. તેમાં એકની એક વાતનું વારંવાર પુનરાવર્તન હતું. ત્યાર બાદ મોતીલાલે મુદ્દાસર ખૂબ જ અસરકારક રજુઆત કરી. આ અંગેની રજુઆતો અને પ્રક્રિયા બે મહિના સુધી ચાલી, પરંતુ આપણે જાણીએ છીએ કે યુનો તરફથી સંતોષકારક કે અસરકારક નિર્ણય લેવાયો નહીં.

ન્યૂયૉર્ક ઉપરાંત સ્વિટ્ઝર્લૅન્ડ અને પૅરિસ જવાનું પણ થયું. ૧૯૪૮માં યુનાઇટેડ નેશન્સની જરનલ એસેમ્બલી પૅરિસમાં યોજાઈ. નહેરુ અને સર ગિરજાશંકર બાજપાઈ પણ પૅરિસ ગયા હતા. જનરલ એસેમ્બલીના ચૅરમૅન ઇવાટની વિનંતીથી નહેરુએ જનરલ એસેમ્બલીમાં સુંદર વક્તવ્ય આપ્યું હતું. જેનાથી બધા પ્રભાવિત થયા હતા. નહેરુએ મોતીલાલને એકલાને બોલાવી તેમની સાથે એક કલાક સુધી વિગતવાર ચર્ચા કરી હતી અને ભારતનું દષ્ટિબિંદુ સ્પષ્ટ કર્યું હતું. તેમજ જુદા જુદા આંતરરાષ્ટ્રીય પ્રશ્નો વિશે માહિતગાર કર્યા હતા. મોતીલાલને આ બાબતે ખૂબ જ શીખવાનું મળ્યું હતું.

મોતીલાલે ૧૯૪૯ સુધી યુનોમાં વિવિધ કામગીરી કરી અને બીજા ડેલિગેટ્સ સાથે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. તેમણે પોતાની વ્યસ્ત કાનૂની પ્રેક્ટિસના ભોગે દેશહિતમાં કામ કર્યું.

**જીવનનો નવો વળાંક - એટર્ની જનરલ તરીકે નિયુક્તિ**

૧૯૪૭માં આઝાદી મળી અને ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારત પ્રજાસત્તાક રાજ્ય બન્યું. તે જ દિવસે એટલે કે ૨૬-૧-૫૦ના રોજ ભારતની પ્રથમ સુપ્રીમકોર્ટ અસ્તિત્વમાં આવી. તેમાં મોતીલાલ ચીમનલાલ સેતલવાડને પ્રથમ એટર્ની જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

ડિસેમ્બર ૧૯૪૯ સુધી મોતીલાલને કોઈ કલ્પના પણ નહીં કે તેમના નામની દરખાસ્ત થશે. તે ૬૫ વર્ષના હતા અને મુંબઈમાં રહેતા હતા, પરંતુ ફેડરલ કોર્ટના ચીફ જસ્ટિસ શ્રી હરિદાસ કણિયાએ બે નામનું સૂચન કર્યું હતું. એક શ્રી એસ. એમ. બોઝ અને બીજું શ્રી મોતીલાલ સેતલવાડ. આખરી નિર્ણય જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલે લેવાનો હતો. તેમણે મોતીલાલ પર પસંદગી ઉતારી.

૧૫ ડિસેમ્બર, ૧૯૪૯ના રોજ લૉ સેક્રેટરી શ્રી સુંદરમે પત્ર લખી મોતીલાલને એટર્ની જનરલનું પદ સ્વીકારવા જણાવ્યું. મોતીલાલને મુંબઈ છોડવું નહોતું. તે દ્વિધામાં હતા. તેથી થોડા દિવસ સુધી જવાબ આપ્યો નહીં. તેથી સુંદરમે બીજો પત્ર લખ્યો. મોતીલાલે જવાબ આપ્યો. તેમણે જણાવ્યું કે તે આ પદ બે વર્ષ માટે સંભાળવા સંમત છે, પરંતુ પછી તો એવું બન્યું કે તે એટર્ની જનરલ તરીકે વિવિધ કામગીરીમાં એવા તો ઓતપ્રોત થયા કે ૧૩ વર્ષ સુધી એટલે કે ૭૮ વર્ષની ઉંમર સુધી આ પદ સંભાળ્યું. તે દરમિયાન અને પછી ૧૯૫૦થી ૧૯૬૮ સુધી સુપ્રીમકોર્ટ બાદ એસોસિયેશનના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી. તેમનાં ૧૪ વર્ષના સમય દરમિયાન લૉ કમિશન, મુંદ્રા સ્કેન્ડલ, વર્લ્ડ કોર્ટ વગેરે કામગીરી પણ સંભાળી. એટર્ની જનરલ તરીકે નિવૃત્ત થયા બાદ વકીલાતમાં ખૂબ સક્રિય રહ્યા અને ૮૫ વર્ષની ઉંમર સુધી સક્રિય કામગીરી કરી. તેમને ભારત સરકાર દ્વારા પદ્મવિભૂષણનું સન્માન પણ પ્રાપ્ત થયું હતું.

(એટર્ની જનરલ બન્યા પછીની તમામ કામગીરી અંગે વિસ્તૃત લેખ લખી વિગતે વાત કરવી છે. આ લેખમાં ૧૯૮૪માં તેમનો જન્મ થયો ત્યારથી માંડી ૧૯૫૦માં તે એટર્ની જરનલ બન્યા. તે હકીકત સમાવી છે. આવતા અંકમાં લેખાંક-૨ રજૂ કરી બાકીની હકીકતો જણાવીશું.)

**શરદભાઈ શાહ**
મહેસાણા
મો. ૯૪૨૯૭ ૩૬૩૬૫

# સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓની કેન્દ્ર સરકાર અવહેલના કરે છે?

ડૉ. એમ. આર. ગોસાઈ, ભાવાનુવાદ : ડંકેશ ઓઝા

સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ભારતના નાગરિકો અને ભારતની અન્ય અદાલતો તથા સરકારોને પણ બંધનકર્તા હોય છે. તેથી કેન્દ્ર સરકારે પણ દેશની સૌથી મોટી અદાલતના ચુકાદા અને આદેશોને અનુસરવું રહ્યું. જોકે વાસ્તવમાં તેથી વિપરીત જોવા મળે છે. ભારત સરકાર કેટલીક વાર પોતાને અનુકૂળ ન લાગતા ચુકાદાઓનું પાલન કરવાનું ટાળે છે. વળી સર્વોચ્ચ અદાલત પણ આવા સમયે પોતાની પાસે પર્યાપ્ત સત્તાઓ હોવા છતાં આવી બાબતોમાં સરકાર વિરુદ્ધ આગળ વધતાં અચકાય છે. સરકાર કદાચ પોતાને રાજકીય રીતે અને વહીવટીતંત્રમાં સર્વોચ્ચ હોવાને કારણે પોતે લાભપ્રદ સ્થિતિમાં છે એમ માને છે. બીજી તરફ અદાલત પાસે પોતાના આદેશોનો અમલ કરાવવા માટેનું કોઈ અલગ તંત્ર નથી. આમ સરકાર વિવિધ રીતે ચુકાદા અને આદેશો પરત્વે અમલવારી બાબતે ઉપેક્ષા સેવે છે તે જોઈ શકાય છે.

ચાલુ વર્ષે મુખ્યમંત્રીઓ અને વડી અદાલતોના મુખ્ય ન્યાયાધીશોની એક બેઠકમાં મુખ્ય ન્યાયમૂર્તિ રમન્નાએ એમ કહેલું કે સરકાર સર્વોચ્ચ અદાલતના આદેશોનું પાલન કરતી નથી. સર્વોચ્ચ અદાલત અને રાજ્યની વિવિધ વડી અદાલતોમાં સરકાર સામે અદાલતની અવમાનના કરવાના સંખ્યાબંધ કેસો સર્વોચ્ચ અદાલતમાં પડતર છે. તે દર્શાવે છે કે ન્યાયિક આદેશોની અવગણના તો. થઈ જ રહી છે. પોતાને પ્રતિકૂળ લાગતા આદેશો બાબતે અમલવારી ન કરવાનું સરકારનું વલણ રહ્યું છે.

આપણે આવા કેસોની થોડીક વિગતો જોઈએ જેમાં અદાલતના આદેશ છતાં સરકારે તેનો અમલ ન કર્યો હોય. સર્વોચ્ચ અદાલતે જેમની સામે અદાલતમાં કેસ પુરવાર થયા નથી કે આખરી ચુકાદા આવ્યા નથી એવા લાંબા સમયથી જેલમાં બંધ રખાયેલા કેદીઓને કેટલીક શરતો પરિપૂર્ણ કરતા હોય તો. જામીન પર છોડી મૂકવા અંગેના ચુકાદા આપ્યા છે. વળી ભારતમાં બાળમજૂરી વિરુદ્ધના ચુકાદા બાબતે પણ સરકાર ઢીલું-પોચું વલણ અખત્યાર કરી ને અદાલતના આદેશોનું પાલન કરતી નથી. દેહ વેચવા મજબૂર બનતી મહિલાઓ બાબતે સર્વોચ્ચ અદાલતે કેટલુંક માર્ગદર્શન પૂરું પાડ્યું છે જેને સરકાર ધ્યાને લેતી નથી. ન્યાયાધીશોની નિમણૂક અંગેના ૧૯૯૩ના કેસના ચુકાદા બાબતે સરકાર ઝીણવટપૂર્વક તેનો અમલ કરતી નથી. કૉલેજિયમના નિર્ણયોમાં સરકાર દખલ કરે છે એ તો હવે ખાનગી રહ્યું નથી. કૉલેજિયમ દ્વારા નિમણૂક માટે જે ન્યાયાધીશોનાં નામ સરકારને મોકલાય છે તેમની ત્વરિત નિમણૂક કરવામાં ભારત સરકાર ઠાગાઠૈયા કરે છે. નિમણૂક આપવાની પ્રક્રિયા વિલંબિત બનાવે છે આમ કરવું એ આડકતરો અવરોધ જ છે. ન્યાયમૂર્તિ કુરેશીને સર્વોચ્ચ અદાલતમાં ન બેસાડવામાં આવે તે માટે કારોબારીએ સીધી રીતે આડખીલી બનવા જેવું કર્યું છે. પોલીસ એન્કાઉન્ટર બાબતે સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શક સૂચનાઓને અભરાઈએ ચડાવી દેવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતે એકથી વધુ વાર કહ્યું છે કે સજા વિના જેલમાં રખાવેલા કેદીઓને જામીન પર છોડવાનું યોગ્ય છે. આમછતાં આવા ૭૬ ટકા કેદીઓ જેલમાં બંધ છે. સર્વોચ્ચ અદાલતની વિચારણા મુજબ તો આ બધાને ક્યારનાય છોડી મૂકવા જોઈતા હતા; પણ અદાલતના આદેશો તરફ પર્યાપ્ત ધ્યાન અપાતું નથી. દેશની મહત્ત્વની સમસ્યાઓ અંગે સર્વોચ્ચ અદાલત જે વિચારે છે તે કેન્દ્ર સરકાર કાને ધરતી નથી. વળી, આજકાલ વહીવટ પણ વધુ ને વધુ પેચીદો અને વ્યાપક બનતો જાય છે.

૨૦૧૨માં સર્વોચ્ચ અદાલતે ભારત સરકારને સ્પષ્ટ સૂચના આપી છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સર્વસંમતિ ન હોય તોપણ નદીઓ જોડવાનો પ્રકલ્પ અમલમાં મૂકવામાં આવે. હકીકતમાં આવી મહાકાય યોજના માટેનો ખર્ચ ૫,૬૦,૦૦૦ કરોડ રૂપિયા થતો હતો. એક દાયકો વીતી ગયો હોવા છતાં આ યોજના અમલમાં મુકાઈ નથી. કેન્દ્ર સરકાર દેશની મોટામાં મોટી અદાલતે આપેલા ચુકાદા બાબતે અમલ કરવાની સ્થિતિમાં નથી. એ જ રીતે શબરીમાલા ચુકાદાથી ચોક્કસ વયજૂથની મહિલાઓને મંદિરમાં પ્રવેશ આપવાનો હતો તેની અમલવારી પણ સરકારે કરી નથી. ઑગસ્ટ, ૨૦૨૨માં N.D.T.V. ચૅનલ પર 'પ્રાઇમ ટાઈમ શૉ'માં રવીશકુમાર સાથેના સંવાદમાં સરકારના ગૃહમંત્રીએ સ્પષ્ટપણે જાહેરમાં અદાલતના હુકમનો વિરોધ કર્યો. વર્ષ ૨૦૨૧માં દિલ્હીની ઉચ્ચ અદાલત અને સર્વોચ્ચ અદાલતે આદેશ કર્યો હતો કે કોવિડના દર્દીઓ માટે અત્યંત જરૂરી એવા ઑક્સિજન સિલિન્ડર દિલ્હી સરકારને પૂરા પાડવામાં આવે. કેન્દ્ર સરકારે ન્યાયિક આદેશની અવગણના કરી. દિલ્હી સરકાર જ્યારે ફરીથી દિલ્હીની વડી અદાલત સમક્ષ આ વાત લઈને આવી. ત્યારે, અદાલતે કેન્દ્ર સરકારને ચેતવણી આપી કે તમારી સામે અદાલતના અનાદરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આવું કહ્યા બાદ ન્યાયિક આદેશોની અમલવારી કરવામાં આવી.

૧૯૬૬માં પંજાબ અને હરિયાણા વચ્ચે જળવિવાદ ઊભો. થયો. સર્વોચ્ચ અદાલતે વારંવાર પંજાબ સરકારને સહકાર આપવાનું કહેવા છતાં તે સંમત ન થઈ. આજે ૨૦૨૨માં પણ એ સ્થિતિ છે. કેટલીક વખત એવું પણ બને છે કે કેન્દ્ર સરકાર સર્વોચ્ચ અદાલતના આદેશનો આંશિક અમલ કરે છે, એનું એક ઉદાહરણ જોઈએ. બિલ્કિસબાનુ કેસમાં અદાલતે કેન્દ્ર સરકારને આદેશ આપેલો કે ભોગ બનેલા કુટુંબને રૂપિયા ૫૦ લાખનું વળતર ચૂકવવામાં આવે, તેને સલામત ઘર પૂરું પાડવામાં આવે, અને કુટુંબના એક સભ્યને નોકરી આપવામાં આવે એવો આદેશ ૨૦૧૯માં કરાયો હતો. ૨૦૨૨માં ગુજરાતની અદાલતમાં ગુજરાત સરકાર વિરુદ્ધ આદેશની અવગણનાની કાર્યવાહી શરૂ થઈ અને તેને ઉચ્ચ અદાલતોના આદેશનો અમલ કરવા જણાવાયું.

આવા જ અન્ય એક કેસમાં કૉલેજના ૩૦૦ અધ્યાપકોને પેન્શનનો લાભ આપવાના આદેશો કરવામાં આવ્યા હતા. ત્રણ-ચાર મહિના વીતી જવા છતાં વહીવટી પ્રક્રિયાના બહાને અરજદારને હજુ તે લાભ અપાયા નથી. એમ. સી. મહેતા વિરુદ્ધ કેન્દ્ર સરકાર (૨૦૦૪) કેસમાં સર્વોચ્ચ અદાલતે સરકારને કહેલું કે રહેઠાણના વિસ્તારોમાંથી ચાલતા ઉદ્યોગો અન્યત્ર લઈ જવામાં આવે. જેનો અમલ આજદિન સુધી થયો નથી. તેને ઘણાં વર્ષો વીતી ગયાં છે. બાબરી મસ્જિદ તૂટતાં પહેલાં ઉત્તર પ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી કલ્યાણસિંહે સર્વોચ્ચ અદાલતને સોગંદનામા પર આ ખાતરી આપેલી કે તે કોઈ પણ સંજોગોમાં એને તૂટવા નહિં દે; છતાં એવું બન્યું કે એ માળખાને ગેરકાયદેસર તોડી પાડવામાં આવ્યું. અદાલતના અનાદરની કાર્યવાહી ચાલી. ૧૯૯૪માં તેમને અદાલતે એક દિવસની સજા કરી.

વર્ષ ૨૦૧૦માં સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને આદેશ કર્યો કે સરકારી ગોદામોમાં સારી વ્યવસ્થાના અભાવે અનાજ સડી જાય છે, જેથી તેનું ગરીબ પ્રજાને વિતરણ કરવામાં આવે. સરકારે આમ કરવાની અદાલતને ચોખ્ખી ના ભણી. વર્ષ ૨૦૨૧માં તત્કાલીન મુખ્ય ન્યાયમૂર્તિએ સરકારને પેગાસસ કેસમાં સોગંદનામું રજૂ કરવા જણાવ્યું. સરકારે તેમ કરવાનું ના કબૂલ્યું. જ્યારે સર્વોચ્ચ અદાલતે પેગાસસ કેસની તપાસ માટે કમિટીની નિમણૂક કરી, ત્યારે પણ સરકારે તેમાં સહકાર ન આપ્યો. મુખ્ય ન્યાયમૂર્તિએ દિલગીરીપૂર્વક આ વાત જાહેર કરી.

વર્ષ ૨૦૧૪માં કેન્દ્રીય મંત્રીમંડળના મંત્રી નિહાલચંદ મેઘવાળ સામે અદાલતે ધરપકડનો આદેશ આપેલો. ત્યારે પોલીસે અહેવાલ રજૂ કર્યો કે મંત્રી મળી આવતા નથી! ઉચ્ચ અદાલતોમાં ન્યાયધીશોની નિમણૂક બાબત અંગેની સત્તા સરકાર પાસેથી લઈને અદાલતને સોંપવામાં આવી તો તે સરકારને ગમ્યું નહિ. સરકારે ૯૯મો બંધારણીય સુધારો પસાર કર્યો અને પોતાની સત્તા બરકરાર રાખી. અંતે સર્વોચ્ચ અદાલતની પીઠે સુનાવણી બાદ સરકારી ઠરાવનો અસ્વીકાર કર્યો અને સત્તા સર્વોચ્ચ અદાલતના કૉલેજિયમને સોંપી. ભૂતકાળમાં, ૧૯૫૦ની આસપાસ સર્વોચ્ચ અદાલતે કેટલાક ચુકાદાઓ આપીને સસ્તામાં ખાનગી જમીન

સંપાદિત કરવા સામે અસંમતિ દર્શાવી હતી. તત્કાલીન સરકારે ૧૯૫૧માં બંધારણમાં નવમું પરિશિષ્ટ દાખલ કર્યું અને જણાવ્યું કે એ પરિશિષ્ટમાં મુકાયેલી બાબતો અદાલતના આદેશથી પર રહેશે.

આમ, સરકાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અમલમાં મૂકવામાં ઉત્સાહી જણાઈ નથી. પોતાને અનુકૂળ લાગતા ન હોય તેવા આદેશો બાબતે શાસનનો પ્રયાસ ઠાગાઠૈયાનો જ રહ્યો છે. ૧૯૮૫માં તત્કાલીન સરકારને શાહબાનું કેસનો ચુકાદો રાજકીય રીતે અનુકૂળ નહિ લાગેલો. સરકારે તેને ઊલટાવી નાખવા મુસ્લિમ મહિલા એક્ટ - ૧૯૮૬ ઘડી કાઢ્યો. વળી, ૨૦૧૮માં સાંસદ મનોજ તિવારીએ કેટલીક દુકાનોના સીલ તોડી કાઢ્યા. આ સીલ સર્વોચ્ચ અદાલતે નિમેલી સમિતિએ કર્યા હતા. સાંસદે તો સમિતિ વિરુદ્ધ પણ આક્ષેપો કર્યા. સર્વોચ્ચ અદાલતે તેમની સામે અદાલતના અનાદરની પ્રક્રિયા શરૂ કરી; પરંતુ આશ્ચર્યજનક રીતે જ્યારે સાંસદ માફી માગવા તેયાર ન થયા ત્યારે તેમને છોડી મુકાયા. સૌથી ઊંચી અદાલતે તદ્દન ખોટો દાખલો બેસાડ્યો.

૨૦૧૬માં મુંબઈની વડી અદાલતે ધાર્મિક સ્થળોએ ગેરકાયદે મુકાયેલાં અને અવાજનું પ્રદૂષણ ફેલાવતાં લાઉડ સ્પીકરો સામે આદેશ કર્યો. આ ન્યાયિક આદેશનો પોલીસે પૂરો અમલ ન કર્યો. ૧૯૭૫માં અલ્હાબાદની વડી અદાલતે તત્કાલીન વડાપ્રધાનને ગેરલાયક ઠેરવતો ચુકાદો આપ્યો. તેઓ સર્વોચ્ચ અદાલત સમક્ષ ગયા. જેણે થોડી રાહત પૂરી પાડી પરંતુ તેમને સંતોષ ન થયો. અદાલતના આદેશોને બાજુ પર કરી દેવા તેઓએ રાષ્ટ્રીય કટોકટી લાદી. ૨૦૧૬માં સર્વોચ્ચ અદાલતે ભારત સરકારને જણાવ્યું કે ન્યાયાધીશોની નિમણૂક અંગેનો મુસદ્દો ફરી ઘડવામાં આવે. એને પણ છ વર્ષ વીતી ગયા છે સરકારે તેનું પાલન કર્યું નથી.

વર્ષ ૨૦૧૮માં સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને હુકમ કર્યો કે, 'મનરેગા' યોજના હેઠળ કામ કરતા શ્રમિકોને સમયમર્યાદામાં તેમના વેતનની ચૂકવણી કરવામાં આવે. સ્વરાજ અભિયાનને કરેલી અદાલત સમક્ષની યાચિકા સન્દર્ભે આ આદેશ કરવામાં આવ્યો હતો. અદાલતના આદેશ છતાં ૨૦૧૮થી ૨૦૨૨ સુધીમાં તેની અમલવારી થઈ નથી અને આજે પણ શ્રમિકોને સમયસર વેતન ચૂકવાતું નથી.

આ બધાં ઉદાહરણો પરથી જોવા-જાણવા મળે છે કે સરકાર પોતાને પ્રતિકૂળ લાગતા ચુકાદા/આદેશો બાબતે નિષ્ઠાપૂર્ણ અમલ કરતી નથી. તેનું વલણ શક્ય હોય ત્યાં સુધી ઉપેક્ષા કરવાનું અને અમલવારી ટાળવાનું જ રહ્યું છે. કારોબારી શક્ય હોય ત્યાં અદાલતના આદેશને ઊલટાવી નાખવા નવો કાયદો કરતાં પણ અચકાતી નથી. જો કે બધા કિસ્સાઓમાં તેમ કરવું, પણ શક્ય હોતું નથી. એવા સંજોગોમાં સરકાર અદાલતના અનાદરની કાર્યવાહી લાંબા સમય સુધી ચાલે, વિલંબિત રીતે ચાલે, એવી વ્યૂહરચના અપનાવતી રહે છે. એ પણ શક્ય ન બને ત્યારે આદેશનો અંશતઃ અમલ કરવામાં આવે છે અને પૂરો અમલ કરવામાં આવતો નથી. રાજકીય કારોબારી એવા રસ્તા શોધી કાઢે છે કે જેથી અદાલતી ચુકાદાનો અમલ ન કરવો પડે. અદાલતો પણ આવી વેળાએ બહુ કડક બનવાનું પસંદ કરતી નથી. અદાલતો પણ જાણે છે કે પોતે નાણાકીય રીતે સ્વતંત્ર નથી. પોતાના આદેશોનો અમલ કરાવવાનું અલગ તંત્ર પોતાની પાસે નથી, એ તો સરકાર પાસે જ હોય છે. આમ અદાલતો રાજકીય કારોબારી સાથે સંબંધો બગાડવાને બદલે વ્યવહારુ રીતે સૌજન્ય દાખવે છે.

કાયદા મંત્રી રિજ્જુ એક વખત સર્વોચ્ચ અદાલતને કહેતા હતા કે બંધારણીય રીતે સ્વતંત્ર સત્તાએ પણ અન્ય બંધારણીય સંસ્થાના હિતનો વિચાર કરવો જોઈએ. પોતાના ચુકાદાના અમલ માટે વ્યવહારુ અને સમજભર્યો અભિગમ અપનાવવો જોઈએ. માત્ર સત્તાવાહી અવાજને વળગી ન રહેવું જોઈએ. ટૂંકમાં કહીએ તો આ બહુ નાજુક સ્થિતિ હોય છે. નટ બજાણિયા દોરડા પર ચાલતી વખતે જે રીતે બૅલેન્સ જાળવે છે એના જેવું જ કંઈક, આખરે તો પ્રજામાંથી ન્યાયતંત્રને ઉચ્ચ પ્રકારનો મજબૂત નૈતિક ટેકો સાંપડવો જોઈએ. માત્ર બંધારણીય સત્તા પર્યાપ્ત નથી. પ્રજાનો મજબૂત ટેકો પ્રાપ્ત હોય અને તે ન્યાયતંત્રના પક્ષે હોય તો રાજકીય સરકાર અદાલતના આદેશની અવગણના કરવાની હિંમત સુધ્ધાં ન કરી શકે. લોકશાહીમાં પ્રજાનો અસંતોષ વહોરવાની તાકાત ચૂંટણી આધારિત સરકારોમાં કદી હોતી નથી.

**ડૉ. એમ. આર. ગોસાઈ, કડી**
**મો. ૯૪૨૭૫ ૪૩૬૮૪**

વિશ્વ સાહિત્યની અટારીએથી :

# ગુગી વા થીઓંગ : ૧૯૩૮ - (કેન્યા)

## (Ngugi wa Thiong'o)

આફ્રિકન સાહિત્યના ધ ગ્રાન્ડ ઑલ્ડ મેનનું અતિ સન્માનનીય બિરૂદ પામેલા એવા નવલકથાકાર અને શિક્ષણવિદ ગુગી વા થીઓંગનો જન્મ ૫મી જાન્યુઆરી ૧૯૩૮ના રોજ કેન્યાના કિયામ્બુ (Kiambu) ખાતે થયો હતો. તેમના બાળપણ થી લઈને યુવાવસ્થાની વય સુધી તેમનો દેશ માઉ-માઉ નવજાગૃતિ (Mau Mau Uprising)ના નામે ઓળખાતી આઝાદીની લડાઈમાં ગળાડૂબ હતો. આવા સમયે તેમનું કુટુંબ કેવી રીતે અલિપ્ત રહી શકે? ગુગીના ભાઈ મવાંગી (Mwangi) Kenya Land and Freedom Armyમાં સક્રિય રીતે જોડાયેલા હતા. તેમનું કુટુંબ આઝાદીના લડવૈયાઓ સાથે જોડાયેલું છે તેવા આરોપ હેઠળ તેમની માતાને પણ થોડાક સમય માટે પોલીસ દ્વારા પ્રતાડિત કરવામાં આવ્યાં હતાં.

શરૂઆતમાં મિશન સ્કૂલમાં અને પછી માઉ-માઉ નવજાગૃતિ દરમિયાન ગીકુયુ (Gikuyu)ની ખાનગી શાળામાં ગુગીએ શિક્ષણ મેળવ્યું હતું. ૧૯૫૫થી ૧૯૫૯ દરમિયાન તેમણે એલાયન્સ હાઈસ્કૂલ ખાતે અને ત્યાર બાદ ૧૯૬૪ સુધી યુગાન્ડાના કમ્પાલા ખાતે મેકેરે વિશ્વવિદ્યાલય (Mekere University)માં ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. અંગ્રેજી વિષયમાં સ્નાતક થયા બાદ છ એક મહિના સુધી નૈરોબીના ડેઈલી નેશન (Daily Nation) માટે પત્રકારિતા ક્ષેત્રે કામ કર્યું હતું; જે બાદ ગુગી ઇંગ્લૅન્ડની યુનિવર્સિટી ઑફ લીડ્સમાં સાહિત્યના અભ્યાસ માટે ગયા. ૧૯૬૭માં તેઓ કેન્યા પરત ફર્યા અને જાન્યુઆરી ૧૯૬૯ સુધી નૈરોબી યુનિવર્સિટી કૉલેજમાં અંગ્રેજી વિભાગમાં અધ્યાપન કાર્ય કર્યું હતું. અલબત્ત, અહીં પણ તેમનો કાર્યકાળ બહુ લાંબો ચાલ્યો નહી. તેમના આ ટૂંકા કાર્યકાળ દરમિયાન વિદ્યાર્થીઓની હડતાળના સમર્થનમાં ગુગીએ રાજીનામું આપ્યું. ત્યાર બાદ ૧૯૭૦થી ૧૯૭૧ દરમિયાન ગુગીએ અમેરિકાની ઈલિનોઈસ નોર્થ વેસ્ટર્ન યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા તરીકે સેવા આપી, અને પછી નૈરોબી યુનિવર્સિટી કૉલેજમાં ફરીથી અધ્યાપન કાર્ય શરૂ કર્યું. તેમની આ બીજી ટર્મમાં તેઓ અંગ્રેજી વિભાગના કાર્યકારી અધ્યક્ષ તરીકે પણ નિમણૂક પામ્યા. ડિસેમ્બર ૧૯૭૭માં કેન્યાની સરકાર દ્વારા સરકાર વિરોધી પ્રવૃત્તિઓના જૂઠા આરોપ હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી હતી અને એક વર્ષ સુધી તેમને અટકમાં રાખવામા આવ્યા હતા. અલબત્ત, તેમની સામે થયેલા આરોપો ક્યારેય પણ ઔપચારિક રીતે પુરવાર નહોતા થયા. પરંતુ એવું માનવામાં આવે છે કે તેમના વતન લીમુરુ (Limuru)માં ખેડૂતો અને કામદારોની રાજકીય સભાનતા વધારવાના હેતુથી પુખ્ત સાક્ષરતા અભિયાનમાં તેમની કથિત સંડોવણી તેમની જેલયાત્રામાં પરિણમી હતી.

ગુગીના બાલ્યાવસ્થા અને યુવાનીનું કેન્યા એક ગુલામ બ્રિટિશ વસાહત (૧૮૯૫-૧૯૬૩) હતું. યુગાન્ડાની સ્વતંત્રતાની ઊજવણીના ભાગરૂપે ૧૯૬૨માં કમ્પાલાના નેશનલ થિયેટર ખાતે તેમના નાટક **ધ બ્લૅક હર્મિટ (The Black Hermit)**ના નાટ્યપ્રદર્શન સાથે ગુગીએ પૂર્વ આફ્રિકામાં સાહિત્યિક ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું. ટ્રેવર વ્હિટોક (Trevor Whittock) નામક તેમના પ્રોફેસરના શબ્દોમાં આ નાટક દ્વારા ગુગીએ સમગ્ર આફ્રિકા ખંડના પ્રશ્નોને વાચા આપવાનો પ્રયાસ કર્યો છે. અત્યંત પ્રચુર સાહિત્યિક સમયગાળામાં ગુગીએ આઠ ટૂંકી વાર્તાઓ, બે એકાંકી નાટકો, બે નવલકથાઓ અને સન્ડે નેશન માટે As I see It શીર્ષક હેઠળ નિયમિત લેખો લખ્યા. આ નવલકથાઓ પૈકી ૧૯૬૪માં પ્રકાશિત થયેલી Weep Not Child વિવેચકોની ભરપૂર પ્રશંસા પ્રાપ્ત કરી શકી. તેમની બીજી અને ત્રીજી નવલકથા અનુક્રમે The River Between (૧૯૬૫) અને A Grain of Wheat (૧૯૬૭) ગુગીની સર્જનાત્મક

વિચારધારામાં મહત્ત્વનો વળાંક દર્શાવે છે. નૈરોબી ખાતેના તેમના કાર્યકાળ દરમિયાન ગુગી આફ્રિકામાં અંગ્રેજી વિભાગમાં ચાલતી રાજનીતિના કેન્દ્રમાં હતા. આફ્રિકાના વિશ્વવિદ્યાલયોમાં 'અંગ્રેજી સાહિત્ય વિભાગ'ને બદલે તેમણે ફક્ત 'સાહિત્ય વિભાગ' જેવો generic શબ્દ જ હોવો જોઈએ એવું એ સ્પષ્ટપણે માનતા હતા, જેથી આફ્રિકન સાહિત્યનો અભ્યાસ અન્ય ભાષા અને દેશના સાહિત્યની સાપેક્ષમાં કરી શકાય. તેમણે તબાન લો લિયોંગ (Taban Lo Liyong) અને અવુર અન્યુમ્બા (Awuor Anyumba) સાથે મળીને અંગ્રેજી વિભાગની નાબૂદી પર On the Abolition of English Department શીર્ષકથી ઘોષણા કરી જે પાછળથી પોસ્ટ-કોલોનિયલ થિયરીનું વિચાર કેન્દ્ર બન્યું. તેમના શબ્દોમાં, *'If there is need for a 'study of the historic continuity of a single culture,' why can't this be African? Why can't African literature be at the centre so that we can view other cultures in relationship to it?'* (જો એક જ સંસ્કૃતિના ઐતિહાસિક સાતત્યનો અભ્યાસ કરવાની જરૂર છે, તો આ આફ્રિકન કેમ ન હોઈ શકે ? શા માટે આફ્રિકન સાહિત્ય કેન્દ્રમાં ન હોઈ શકે કે જેથી આપણે અન્ય સંસ્કૃતિઓને તેની સાથેના સંબંધમાં જોઈ શકીએ ?) આ લખાણ તેમના સાહિત્યિક નિબંધોના પ્રથમ ગ્રંથ Homecomingમાં છે, જે ૧૯૬૯માં છાપવામાં આવ્યું હતું. ૧૯૬૭માં A Grain of Wheat નામની નવલકથાના પ્રકાશન બાદ ગુગીએ અંગ્રેજીમાં લખવાનું છોડીને ગીકુયુ ભાષામાં લખવાનું શરૂ કર્યું. એટલુંજ નહીં, પરંતુ પોતાનું નામ James Ngugi બદલીને Ngugi wa Thiong'o રાખ્યું.

વર્ષ ૧૯૭૭ ગુગીના જીવન અને કારકિર્દીમાં નાટકીય વળાંક લઈને આવ્યું હતું. દસ વર્ષના અંતરાલ બાદ તેમની પ્રથમ નવલકથા Petals of Blood તે વર્ષના જુલાઈમાં પ્રકાશિત થઈ હતી. આઝાદ દેશના નાગરિકો નવ-સંસ્થાનવાદ વ્યવસ્થામાં કેટલું દુઃખી અને નિરર્થક જીવન જીવી રહ્યા છે તેનું તાદ્રશ વર્ણન અહી જોવા મળે છે. આઝાદ દેશની જે પરિકલ્પના દેશવાસીઓએ કરી હતી તેનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિમાં પોતાના દેશવાસીઓ ને જોઈને ગુગી દ્રવિત થઈ ઊઠે છે. આ પુસ્તકને કેન્યા ઉપરાંત વિદેશમાં પણ અભૂતપૂર્વ પ્રશંસા પ્રાપ્ત થઈ હતી. Kenya Weekly Reviewએ આ કૃતિને 'બૉમ્બ શેલ અને લંડનના સન્ડે ટાઇમ્સે સત્તા કેવું વરવું સ્વરૂપ અને આકાર લઈ શકે છે તે આ કૃતિમાં સ્પષ્ટપણે જોવા મળે છે તેમ કહીને યુરોપિયન વાચકગણને આ લેખકથી માહિતગાર કરાવ્યા. તે જ વર્ષે ગુગી વા મેરી (Ngugi wa Mirii) સાથે મળીને Ngaahika Ndeenda (I Will Marry when I Want), નામનું વિવાદાસ્પદ નાટક, Kamirithu Educational and Cultural Center, Limuru ખાતે એક ઑપન ઍર થિયેટરમાં કામદારો અને ખેડૂતોના કલાકારો સાથે રજૂ કરવામાં આવ્યું હતું. આ વિવાદાસ્પદ નાટકમાં કામદારો અને ગામના ખેડૂતોએ ભાગ ભજવ્યો હતો. આ નાટકે કેન્યાના રાજકારણ અને સમાજમાં રહેલી અસમાનતાઓ અને અન્યાય ઉપર કુઠારાઘાત કર્યો હતો. પરંતુ કેન્યાના આપખુદ શાસક આને શી રીતે સહન કરી શકે? અંતે ૩૧ ડિસેમ્બર, ૧૯૭૭ના રોજ ગુગીની ધરપકડ કરવામાં આવી હતી અને Kamiti Maximum Security Prisonમાં કોઈ આરોપ વિના કેદ કરવામાં આવ્યા. તેમના આ અનુભવો અને સંસ્મરણો Detained: A Writer's Prison Diary (૧૯૮૨)માં જોવા મળે છે. કામિટિ મેક્સિમમ જેલમાં જ ગુગીએ સર્જનાત્મક લેખનની તેમની પ્રાથમિક ભાષા તરીકે અંગ્રેજીને છોડી દેવાનો નિર્ણય લીધો અને પોતાની માતૃભાષા ગીકુયુમાં લખવા માટે પ્રતિબદ્ધ થયા. ગુગી કદાચ વિશ્વના સૌ પ્રથમ લેખક હશે જેમણે જેલના ટૉઇલેટ પેપર ઉપર નવલકથા લખી હતી જે ૧૯૮૨માં Devil on the Cross શીર્ષકથી પ્રકાશિત થઈ.

એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ દ્વારા તેમને Prisoner of Conscience જાહેર કર્યા પછી ડિસેમ્બર ૧૯૭૮ના રોજ આંતરરાષ્ટ્રીય ઝુંબેશોએ તેમને મુક્તિ અપાવી. જો કે, મોઈ સરમુખત્યારશાહીએ તેમને દેશની કૉલેજો અને યુનિવર્સિટીઓમાં નોકરી મેળવવા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. પરંતુ જરાપણ વિચલિત થયા વગર ગુગીએ તેમની

લેખન અને થિયેટરની પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી જેને મોઈ સરમુખત્યારશાહીએ પોતાના માટે ખતરારૂપ ગણ્યા. જ્યારે ગુગી Devil on the Crossના પ્રકાશન અને પ્રસાર  માટે બ્રિટનમાં હતા, ત્યારે તેમના જીવનને મોઈ સરમુખત્યારશાહી તરફથી ખતરો છે એની માહિતી મળી, પ્રથમ બ્રિટનમાં (૧૯૮૨-૧૯૮૯), અને પછી યુ.એસ. (૧૯૮૯-૨૦૦૨)માં તેઓ રહ્યા. તે સમય દરમિયાન પણ  મોઈ સરમુખત્યારશાહીએ તેમને લંડન અને અન્ય દેશોમાંથી હાંકી કાઢવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. ૧૯૮૬માં હરારેમાં થયેલી એક કૉન્ફરન્સમાં તેમની હત્યાના પ્રયાસને ઝિમ્બવેની સુરક્ષા ટુકડી દ્વારા નિષ્ફળ કરવામાં આવ્યો હતો. તેમની આગામી ગીકુયુ નવલકથા Matigari ૧૯૮૬માં પ્રકાશિત થઈ હતી. નવલકથાનું મુખ્ય પાત્ર વાસ્તવિક જીવંત વ્યક્તિ હોવાનું વિચારીને સરમુખત્યાર મોઈએ તેમની ધરપકડ માટેનું વૉરંટ જારી કર્યું હતું; પરંતુ આ પાત્ર કાલ્પનિક હોવાનું જાણવા પર તેમણે નવલકથાની જ  'ધરપકડ' કરી હતી. કેન્યાની પોલીસ દેશની તમામ બુકશૉપ અને પ્રકાશકોના વેરહાઉસમાં ગઈ અને નવલકથાની તમામ નકલો જપ્ત કરવામાં આવી હતી. લગભગ એક દશકા સુધી આ નવલકથા કેન્યાના પુસ્તકાલયો અને દુકાનોમાં જોવા મળી નહોતી. એટલું જ નહીં સરમુખત્યારશાહીએ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાંથી ગુગીના પુસ્તકો જપ્ત કરીને તેના અભ્યાસ અને વાંચન ઉપર પ્રતિબંધ મૂક્યો.

દેશનિકાલ દરમિયાન (૧૯૮૨-૧૯૯૮) ગુગીએ કેન્યામાં રહેલા રાજકીય કેદીઓની મુક્તિ માટેની લંડન સ્થિત સમિતિ સાથે કામ કર્યું, જેણે કેન્યામાં લોકશાહી અને માનવ અધિકારોના કારણને સમર્થન આપ્યું. વચ્ચે, તેઓ Byreuth University (૧૯૮૪)માં વિઝિટિંગ પ્રોફેસર હતા; અને રાઈટર ઇન રેસિડેન્સ, Borough of Islington, London (૧૯૮૫) માટે અને Dramatiska Institute, Stockholm, Swedenમાં ફિલ્મનો અભ્યાસ કરવા માટે સમય કાઢ્યો. ૧૯૮૮ પછી ગુગી Yale University (૧૯૮૯-૧૯૯૨) ખાતે અંગ્રેજી અને તુલનાત્મક સાહિત્યના વિઝિટિંગ પ્રોફેસર બન્યા. ત્યાર બાદ તેઓ ન્યૂ યૉર્ક યુનિવર્સિટી (૧૯૯૨-૨૦૦૨)માં તુલનાત્મક સાહિત્યના પ્રોફેસર બન્યા, જ્યાંથી તેઓ University of Irvinમાં તેમના હાલના સ્થાને ગયા. જ્યારે ગુગી તેમની પત્ની જીરી (Neeri) સાથે બાવીસ વર્ષના દેશનિકાલ પછી ૨૦૦૪માં કેન્યા પાછા ફર્યા, ત્યારે તેમના પર ભાડૂતી બંદૂકધારીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સદનસીબે તેઓ પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યા હતા.

ગુગીના પુસ્તકોનો ત્રીસથી વધુ ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો છે. તેમની કૃતિઓ સંશોધનો, વિવેચનાત્મક મોનોગ્રાફ્સ અને નિબંધોનો વિષય બની રહે છે. ગુગીની નવલકથાઓનું મુખ્ય વિષય-વસ્તુ ગુલામીથી આઝાદી તરફના સંક્રમણમાંથી ઉદ્ભવતી મૂંઝવણ અને તેમની નવી સમન્વયાત્મક સંસ્કૃતિને ફરીથી એકીકૃત કરવા અને પુનર્જીવિત કરવાના પ્રયાસોમાં રહેલી છે. A Grain of Wheat નામની નવલકથા માઉ માઉ યુદ્ધના વિનાશ પછી પોતાને ફરીથી એકીકૃત કરવા અને તેમની પ્રાથમિકતાઓને ફરીથી ગોઠવવાનો ગિકુયુ ગામના સભ્યોના પ્રયાસ ઉપર આધારિત છે. ગુગીની નવલકથાઓ ઝડપી પરિવર્તનના આ સમયગાળા દ્વારા સર્જાયેલી સમસ્યાઓને ખૂબ જ સ્પષ્ટતા સાથે દર્શાવે છે. આમ, સમકાલીન આફ્રિકન નવલકથાકારોની જેમ ગુગીનું સાહિત્ય પણ સંપૂર્ણપણે પોલિટિકલ છે. સાહિત્ય સર્જનની સાથે સાથે તેમણે વિશ્વભરમાં અસંખ્ય યુનિવર્સિટીઓમાં એક પ્રતિષ્ઠિત વક્તા તરીકે સાહિત્ય, સમાજ અને રાજકારણ ઉપર વ્યાખ્યાનો આપ્યા છે, જેમાં મુખ્યત્વે નીચેનાનો સમાવેશ થાય છેઃ ન્યૂઝીલૅન્ડમાં ઓકલેન્ડ યુનિવર્સિટી ખાતે Robb Lectures (૧૯૯૬); ઑક્સફર્ડ યુનિવર્સિટી ખાતે આયોજિત Clarendon Lectures (૧૯૯૬); કેમ્બ્રિજ ખાતે Ashby Lecture (૧૯૯૯); અને હાર્વર્ડ ખાતે MacMillan Stewart Lectures (૨૦૦૬). સાહિત્યમાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ તેમને અનેકવિધ ઇનામ, પુરસ્કાર અને વિશ્વની અગિયાર જેટલી અગ્રગણ્ય યુનિવર્સિટીઓ દ્વારા  માનદ ડૉક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી છે.

Further Reading:-

Thiong'o, Ngugu Wa. *The River Between*, Heinemann Books, 1965.

— *Detained: A Writer's Prison Diary.* Heinemann Books, 1982.
— *I Will Marry When I want.* Heinemann Books, 1982.
— *Homecoming: Essays on African and Caribbean Literature, Culture and Politics.* Lawrence Hill Books, 1983.
— *Decolonising the Mind: The Politics of Language in African Literature.* James Currey, 1986.
— *Devil of the Cross.* Heinemann Books, 1987.
— *Weep Not, Child.* Heinemann Books, 1988; Macmillan, 2005.
— *Grain of Wheat.* Heinemann Books, 1989.
— *Petals of Blood.* Heinemann Books, 1991.
— *Writers in Politics.* Heinemann Books, 1997.
— *Matigiri: A Novel.* Africa World Press, 1998.
—. *Wizard of the Crow.* Pantheon Books, 2006.
— *Dreams in a Time of War: A Childhood Memoir.* Anchor Books, 2011.
— *In the House of the Interpreter: A Memoir.* Pantheon Books, 2012.
— *Birth of a Dream Weaver: A Writer's Awakening.* New Press, 2016.
— *Secret Lives and Other Stories.* Vintage Classics, 2018.
—. *Minutes of Glory and Other Stories.* New Press, 2019.

**ડૉ. મનીષ વ્યાસ**
એલ.ડી. આર. પી. એન્જિનિયરિંગ કૉલેજ
સેક્ટર-૧૫, ગાંધીનગર.
૯૪૨૮૦૪૭૪૬૩

**શિક્ષક સ્વયં સાચો વિદ્યાર્થી છે**

પ્રત્યેક શિક્ષક, શિક્ષક થતાં પહેલાં અડધો વિદ્યાર્થી હોય છે, પણ શિક્ષક થયા પછી તેને પૂર્ણ વિદ્યાર્થી થવું પડતું હોય છે. સફળતા માટેની આ અનિવાર્ય શરત છે. ભણતી વખતે, પૂરું ધ્યાન આપે ન આપે તોપણ કદાચ ચાલે, ધ્યાન આપવા છતાં પૂરું ન પણ સમજાયું હોય. અધૂરા જ્ઞાને પણ સારી રીતે ઉત્તીર્ણ થઈ શકાય. પણ ભણાવતી વખતે તો પૂરું ધ્યાન આપવું જ પડે. વિષયને પૂરો સમજવો જ પડે, એટલું જ નહિ, જેને એક શેર જ્ઞાન વ્યક્ત કરવું હોય તેણે ઓછામાં ઓછા દશ શેરનો સ્ટોરેજ કરવો પડે. જેના મગજમાં પાશેર નથી તે શેરનો પિરિયડ શું લઈ શકવાનો હતો ? આવા શિક્ષકને ૪૦ મિનિટ ખેંચતાં આંખે પાણી આવી જશે. સાહેબની અક્ષમતાની પરખ તરત જ વિદ્યાર્થીઓને થઈ જશે અને તેની સાથે જ સાહેબનું વ્યક્તિત્વ – આદરમાન કે અહોભાવ સમાપ્ત થઈ જશે. એટલે એક સાચા શિક્ષકને પૂર્ણ શિક્ષક થવા માટે પૂર્ણ વિદ્યાર્થી થવું અનિવાર્ય છે. પહેલાં તે પોતે જાતે વધુ તૈયારી કરશે અને પોતાના વિષય પર પ્રભુત્વ મેળવશે, તો જ તે સફળ શિક્ષક થઈ શકશે. ખરેખર જે વિષયોનાં ગૂઢ તત્ત્વો ભણતી વખતે નહોતાં સમજાયાં તે જ તત્ત્વો ભણાવતી વખતે સમજાવા લાગશે. પોતે જ પોતાના પ્રત્યે આશ્ચર્યચકિત થતો રહેશે કે : અહો ! આનો અર્થ આવો હતો !! આ જ કારણસર મનુ મહારાજે કહ્યું કે વ્યક્તિમાત્ર આજન્મ વિદ્યાર્થી છે. મરણપર્યંત તે ભણ્યા જ કરતી હોય છે. અનંત વિદ્યાનો કદી અંત નથી હોતો. જ્ઞાનની ક્ષિતિજો અનંત છે. જ્ઞાનના ક્ષેત્રમાં પૂર્ણતાનો દાવો કરનાર કાં તો અહંકારી હશે અથવા દંભી હશે. સાચો જ્ઞાનીભક્ત કદી પૂર્ણતાનો દાવો ન કરે. સમુદ્રની યાત્રા કરનારો સમુદ્રની અમાપતા તથા અગાધતાને સમજી શકે, ખાબોચિયાને સેવનાર તો બે દોહરા ગોખી લઈને પણ પૂર્ણતાનો ઢોલ વગાડવા લાગે. એટલે જ કહું છું કે એક સાચો શિક્ષક હંમેશાં વિદ્યાર્થીભાવમાં રહેતો હોય છે.

– **સ્વામી સચ્ચિદાનંદ** 'આપણે અને સમાજ પૃ. ૮-૯)

# આદર્શ શિક્ષક સદા `વિદ્યાર્થી' હોય છે

તુલસીભાઈ પટેલ

પ્રજ્ઞેશ એસ.એસ.સી.માં અભ્યાસ કરે છે. અભ્યાસમાં તેને ખરેખર રસ-રુચિ છે. મને અવારનવાર મળે છે, ને પોતાની મૂંઝવણ વિશે વાત કરે છે.

એક દિવસે એણે મને કહ્યું, 'અમારા ગણિતના સર વર્ગમાં બરાબર ભણાવતા નથી. ફરિયાદ કરીએ તો કહે છે કે, મારા ઘરે આવો. ટ્યૂશન રાખવા માટે આડકતરું દબાણ કરે છે. અંગ્રેજીના સરે તો એમના ટ્યૂશનિયાઓને વધારે માર્ક્સ આપ્યા. ટ્યૂશન નહીં રાખનારને નપાસ કર્યા. વિજ્ઞાનના સર ભાગ્યે જ પિરિયડ લે છે. કહે છે, 'ચિંતા કરશો નહીં. પરીક્ષાખંડમાં હું જ સુપરવાઈઝર હોઈશ. તમને જવાબો લખાવી દઈશ.'

પ્રજ્ઞેશ આ પરિસ્થિતિથી અકળાઈ ગયો છે. એક વાર એણે પોતાની મૂંઝવણ મારી સમક્ષ રજૂ કરી અને પૂછ્યું : 'શિક્ષકમાં ખરેખર કયા ગુણો હોવા જોઈએ, આદર્શ શિક્ષક કોને કહેવાય ?'

સવાલ સાંભળીને મારું મન ચગડોળે ચડી ગયું. આદર્શ શિક્ષકના ગુણો વિશે મનોમંથન શરૂ થયું. અહીં એનો નિષ્કર્ષ, શિક્ષણજગતને ઉપયોગી થશે એ ભાવનાથી રજૂ કરું છું. મારી દષ્ટિએ આદર્શ શિક્ષકમાં નીચેના ગુણો આવશ્યક ગણાય.

### શિક્ષણકાર્યમાં ખરેખર રસ હોય

શિક્ષકને પોતાના શિક્ષણના વ્યવસાયમાં ખરેખર રસ-રુચિ હોવાં જોઈએ. આ ક્ષેત્રે એણે સ્વ-ખુશીથી પસંદ કર્યું હશે તો તે ઉત્સાહપૂર્વક શિક્ષણકાર્ય કરશે. ભણાવવામાં એને જરાયે કંટાળો નહીં આવે; બલકે આનંદ આવશે. આપણા વરિષ્ઠ કવિશ્રી ઉમાશંકર જોશીએ કહ્યું હતું તે પ્રમાણે એ 'વર્ગને જ સ્વર્ગ' માનશે. એને જે દિવસે ભણાવવાનું નહીં મળે તે દિવસે એ બેચેની અનુભવશે. રજાના દિવસે પણ એને મનમાં થશે કે, 'આજે જો શાળામાં જવાનું હોત તો કેવું સારું!' તો સમજવું કે એને પોતાના વ્યવસાયમાં ખરેખર રસ છે. શિક્ષણપ્રવૃત્તિ એના માટે ધંધો નહીં પણ ધર્મ બની રહેશે. આજે કેટલાક લોકો બીજા કોઈ વ્યવસાયના વિકલ્પે શિક્ષણના ક્ષેત્રમાં જોડાયા છે તેઓ નાછૂટકે આ ક્ષેત્રમાં આવ્યા હોઈ દિલચોરી અને કામચોરી કરતા હોય છે.

### જ્ઞાનભૂખ હોય

શિક્ષણનું કાર્ય જ્ઞાન પ્રાપ્ત કરવું એ વિદ્યાર્થીઓમાં તેનું વિતરણ કરવું તે છે. જો તેનામાં જ્ઞાનભૂખ હશે તો વાચન-ચિંતનમાં એને કંટાળો આવશે નહીં, બલકે જ્ઞાન પ્રાપ્ત કરવામાં એને આંનદ આવશે. શિક્ષકના વ્યવસાયમાં જોડાયા પછી પણ નવું-નવું જાણવા માટે તે સદા ઉત્સુક રહેશે. પોતાના વિષયમાં પ્રગટ થતાં નવાં નવાં પુસ્તકો તથા સામયિકોના સંપર્કમાં રહેશે. સાચો શિક્ષક જાણે છે કે જ્ઞાનની કોઈ સીમા નથી. જ્ઞાનનો કદી અંત આવતો નથી, એટલે પોતાના વિષયમાં છેલ્લામાં છેલ્લા જ્ઞાનથી પરિચિત રહેવા પ્રયત્નશીલ રહેશે. વિદ્યાનું ક્ષેત્ર અનંત હોવાથી સાચો શિક્ષક સદા વિદ્યાર્થી હોય છે. દશકાઓ અગાઉ જેઓ આ ક્ષેત્રમાં જોડાયા છે તેમણે સમજવું જોઈશે કે, આજે જ્ઞાનના ક્ષેત્રમાં નિત્ય નૂતન સંશોધનો થતાં રહે છે. આજે દર દશ વરસે દુનિયા ડબલ બદલાઈ જાય છે. તે વિશે શિક્ષકે સતર્ક રહેવું ઘટે અને અદ્યતન જ્ઞાન-પ્રવાહોથી અવગત રહેવું જોઈએ. આજે નોકરીમાં જડબેસલાક સલામતી હોઈ કેટલાક શિક્ષકો નવા પ્રવાહોથી પરિચિત રહેવાની પરવા કરતા નથી. પરિણામે આજનો વિદ્યાર્થી up-to-date હોય છે. એમને out of date શિક્ષકો ભણાવતા હોય છે. શિક્ષણજગતની આ વિડંબના છે. શિક્ષકે યાદ રાખવું જોઈશે કે, Only a burning lamp can make other lamp burn.

### વિદ્યાર્થીના માનસિક સ્તરનો પરિચય હોય

વિદ્યાર્થીની માનસિક કક્ષા તથા તેનાં લાગણી-આવેગોને સમજ્યા વિના સફળ શિક્ષક થઈ શકાય નહીં.

શિક્ષકે તેનું તમામ સંચિત જ્ઞાન પીરસી દેવાનો લોભ કરવો જોઈએ નહીં. પાંડિત્ય-પ્રદર્શન કરવું જોઈએ નહીં, પરંતુ વિદ્યાર્થીનું માનસિક સ્તર તથા વિષયના હેતુઓ ધ્યાનમાં રાખીને આવશ્યક એટલા જ જ્ઞાનનું વિતરણ કરવાનું છે. એટલા માટે શિક્ષકે શૈક્ષણિક મનોવિજ્ઞાન (Educational psychology)થી અવશ્ય પરિચિત રહેવું જોઈએ. જ્ઞાનવિતરણના કાર્યમાં તે ખૂબ ઉપકારક સિદ્ધ થશે.

### વિદ્યાર્થી પ્રત્યે વાત્સલ્યભાવ

સંતાન પ્રત્યે માતા-પિતાને હોય એની લાગણી અને પ્રેમ શિક્ષકમાં વિદ્યાર્થી પ્રત્યે હોવાં જોઈએ. એમાંયે માતાની મમતા, ઋજુતા અને સંવેદનશીલતા જો શિક્ષકમાં હોય તો તે વિદ્યાર્થીની મૂંઝવણો, સમસ્યાઓ સારી રીતે સમજી શકશે, ને એના સંદર્ભમાં વિદ્યાર્થી સાથે વ્યવહાર કરશે. વિદ્યાર્થી પ્રત્યે સમભાવ અને સહાનુભૂતિ ધરાવનાર શિક્ષક વિદ્યાર્થીઓના હૃદયમાં સ્થાન પામે છે. શિક્ષક જો બાળમનોવિજ્ઞાન તથા સામાન્ય મનોવિજ્ઞાન વિશે સહજ સૂઝ ધરાવતો હશે તો વિદ્યાર્થીપ્રિય બને છે ને સફળતા પ્રાપ્ત કરે છે. આ સંદર્ભમાં આચાર્ય વિનોબાજીએ યોગ્ય જ કહ્યું છે કે, શિક્ષકનું કાર્ય એ માતાનું ક્ષેત્ર છે, માટે શિક્ષક તરીકે બહેનોને અગ્રીમતા આપવી જોઈએ.

### ચારિત્ર્ય : પાયાનો ગુણ

'ચારિત્ર્ય' વ્યાપક અર્થ ધરાવતો શબ્દ છે. એની અંદર અનેક ગુણોનો સમાવેશ થાય છે. આમ તો માનવમાત્ર માટે ચારિત્ર્યનો ગુણ પરમ આવશ્યક ગણાય, તેમ છતાં શિક્ષક માટે તો તે અનિવાર્ય ગણાય; કેમ કે વિદ્યાર્થી પોતાના શિક્ષકને 'આદર્શ' (Role Model) માનતો હોય છે અને એનું સહજ રીતે જ અનુકરણ કરતો હોય છે. શિક્ષકના આચાર-વિચાર વર્તન-વ્યવહારમાંથી વિદ્યાર્થી ઘણું ગ્રહણ કરતો હોય છે માટે શિક્ષકનું આચરણ દૃષ્ટાંતરૂપ હોવું ઘટે. આચાર્ય વિનાબોજી કહેતા કે, 'આચાર એ જ પ્રચારનું સર્વશ્રેષ્ઠ સાધન છે.' યાદ રાખો કે, શિક્ષક કેવળ માહિતી-વિતરક નથી. એના કરતાં એનું કાર્ય અનેકગણું મોટું છે. આજે શિક્ષણક્ષેત્રમાં જે ખામીઓ જોવા મળે છે, તેનું મૂળ ચારિત્ર્યની કટોકટીમાં છે. ચારિત્ર્યના અભાવે શિક્ષણની ઇમારતને આજે લૂણો લાગ્યો છે. 'રાષ્ટ્રનું ભાવિ વર્ગખંડોમાં ઘડાય છે.' એ સાચું, પરંતુ એથી ય વધુ સાચું એ છે કે ચારિત્ર્યવાન શિક્ષક જ ઉત્તમ નાગરિકો તૈયાર કરીને રાષ્ટ્રના ઘડતરમાં અણમોલ ફાળો આપી શકે છે.

ચારિત્ર્ય બાબતે કેટલાક શિક્ષકો એવી દલીલ કરતા હોય છે કે શિક્ષક પણ સામાજિક પ્રાણી છે, એટલે સમાજનાં અન્ય ક્ષેત્રોમાં ચારિત્ર્ય બાબતે જે સ્તર છે, એથી વિશેષ શિક્ષકનું સ્તર ન હોય એ સ્વાભાવિક છે, પરંતુ ખાસ યાદ રાખવું ઘટે કે સમાજના અન્ય વ્યસવસાય અને શિક્ષકનો વ્યવસાય એકસમાન નથી. શિક્ષક એ સમાજરૂપી ગાડીનો ડ્રાઇવર છે. શરાબી શેઠ પણ ઇચ્છે છે કે એની ગાડીનો ડ્રાઇવર તો શરાબી ન જ હોય. ચારિત્ર્યહીન વ્યક્તિએ શિક્ષણનું ક્ષેત્ર ટાળવું ઘટે.

### અખિલાઈનો ઉપાસક હોય

આ સંસારમાં અનેક પ્રકારની વિચારધારાઓ અસ્તિત્વ ધરાવે છે. અનેક ધર્મ અને સંપ્રદાયો પ્રચલિત છે, પરંતુ કોઈ સંપૂર્ણ નથી. દરેકમાં કંઈ ને કંઈ અપૂર્ણતા હોય છે. પરિપૂર્ણ કશું નથી, માટે કોઈ એક જ મત કે સંપ્રદાયને વળગી રહીને એનો પ્રચાર-પ્રસાર કરવાનું શિક્ષકને પોસાય નહીં. વિવિધ વાડાઓ અપૂર્ણ અને ખંડિત હોય છે, પરંતુ શિક્ષક અખંડિતતા અને અખિલાઈનો ઉપાસક હોવો ઘટે. માટે એની વિચારવૃત્તિ પૂર્વગ્રહમુક્ત અને સર્વાશ્લેષી હોવી જોઈએ. શિક્ષક જે કંઈ રજૂ કરે છે, તે સેંકડો નિર્દોષ મસ્તિષ્કો ઝીલતાં હોય છે. આથી એકાંગી વિચાર-પ્રચારમાં શિક્ષકે સાવધ રહેવું જોઈએ. ઋગ્વેદનો મંત્ર 'અમને સર્વ દિશાઓમાંથી શુભ વિચાર પ્રાપ્ત થાઓ.' એ શિક્ષકનો જીવનમંત્ર હોવો જોઈએ.

### અર્થલોભ ન હોય

શિક્ષક માટે શિક્ષણની પ્રવૃત્તિ એ આર્થિક ઉપાર્જન માટેનો માત્ર ધંધો નથી, પરંતુ પવિત્ર ધર્મ છે. આજીવિકા વિના ચાલે નહીં એ વાત સ્વીકાર્ય, પરંતુ એને જે વેતન પ્રાપ્ત થાય તેનાથી એને પૂર્ણ સંતોષ હોવો જોઈએ. વળી, આજે તો શિક્ષકનાં વેતનમાં સારો સુધારો થયો છે. કદાચ અન્ય વ્યવસાયિકોને એની ઈર્ષા થતી હશે ~ આર્થિક

લોભને કારણે આજે લોકો જીવનનાં ઉદાત્ત મૂલ્યોને અભરાઈએ મૂકવા લાગ્યા છે. શિક્ષકને પણ એનો ચેપ લાગે એ ઉચિત નથી. (અલબત્ત, આજે ખાનગી શાળાઓ વધી ગઈ છે. વળી એ શિક્ષકોનું અતિશય શોષણ કરે છે, જે શિક્ષણજગતની બહુ મોટી શરમ છે. એને વિશે અલગ ચર્ચા થવી જોઈએ. અહીં આપણે માત્ર જનરલ ચર્ચા કરી રહ્યા છીએ.) ખરી વાત એ છે કે વિદ્યાવ્યાસંગતી પ્રાપ્ત થતાં નિજાનંદની તોલે અન્ય કોઈ આનંદ આવે નહીં. આ આત્માનંદ એ શિક્ષકની બહુ મોટી ઉપલબ્ધિ છે. આ હકીકતની પ્રતીતિ જો શિક્ષકને થાય તો અર્થલોભ માટે થઈને એ કદાપિ વિદ્યાકીય આનંદનું બલિદાન આપશે નહીં. લેખના આરંભમાં પ્રવેશે અકળામણની જે વાત કરી છે તે મહદંશે શિક્ષકોના અર્થલોભમાંથી પેદા થયેલી છે.

આદર્શ શિક્ષકના ગુણોની યાદી ઘણી લાંબી થઈ શકે, પરંતુ આટલા પાયાના ગુણો જો શિક્ષકમાં સંક્રાન્ત થાય તો શિક્ષણને લાગુ પડેલી ગંભીર બીમારીઓનો અંત આવે. આજે આવા આદર્શ શિક્ષકોનો દુકાળ છે, એ જ આપણા આજના શિક્ષણનાં દૂષણોનું મૂળ છે, એ કહેવાની જરૂર છે ખરી ?'

**પ્રો. તુલસીભાઈ પટેલ**

B, ૨૦૬, વ્રજભૂમિ ઍપાર્ટમેન્ટ, ફાલ્ગુન સોસાયટી પાછળ, જોધપુરગામ રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫ - મો. ૯૯૯૮૦૮૯૬૩૩

# પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ બ્રિટનના મિનિસ્ટર બેરોનેસ સ્કોટના વરદહસ્તે 'અહિંસા ઍવૉર્ડ'થી વિભૂષિત

બ્રિટનની પાર્લમેન્ટના 'વિલ્સન હૉલ'માં બ્રિટનના મિનિસ્ટર ઑફ ફેઈથ બેરોનેસ સ્કોટના વરદ્હસ્તે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને ૧૬ નવેમ્બર, ૨૦૨૨ના રોજ **અહિંસા-ઍવૉર્ડ** એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે પાર્લમેન્ટના સભ્ય અને સંસ્થાના ચૅરમૅન શ્રી ગેરથ થૉમસ અને ડૅપ્યુટી ચૅરમૅન પદ્મશ્રી અને પાર્લમેન્ટના એમ.પી. બોબ બ્લૅકમનની સાથે બર્મિંગહામ યુનિવર્સિટીના પ્રોફેસર, વિવિધ ફેઈથના અગ્રણીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મિનિસ્ટર બેરોનેસ સ્કોટે કહ્યું કે અગાઉ નેલ્સન મંડેલા, દલાઈ લામા અને આચાર્ય મહાપ્રજ્ઞ જેવી વ્યક્તિઓને અપાયેલો આ ઍવૉર્ડ વૈશ્વિક સંવેદના અને કમ્પેશન વધારવાનું કામ કરનાર ડૉ. કુમારપાળ દેસાઈને આપતાં આનંદ અનુભવું છું. શ્રી કુમાર શાહે ઍવૉર્ડના સાયટેશનનું પઠન કરતાં કહ્યું કે પ્રત્યેક ક્ષેત્રમાં માનવીય મૂલ્યોને દૃષ્ટિમાં રાખીને કાર્ય કરનાર બહુમુખી પ્રતિભાને અમે આજે વધાવીએ છીએ. સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, ફિલોસૉફી અને એન્સાયક્લોપીડિયાના કાર્ય દ્વારા એમણે મેળવેલી યશસ્વી સિદ્ધિ યાદગાર બની રહી છે. જ્યારે આ ઍવૉર્ડ સ્વીકારતાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે અહિંસા એ માત્ર આધ્યાત્મિક શક્તિ નથી, પણ સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રને પ્રભાવિત કરતી શક્તિ છે. વર્તમાન વિશ્વના માનવઅસ્તિત્વ માટે અહિંસા આવશ્યક છે. ક્યાં તો માનવજાતિ અને સમગ્ર બ્રહ્માંડ નષ્ટ થઈ જશે અથવા તો એ અહિંસા દ્વારા વૈશ્વિક એકતા અને માનવબંધુતાનું સર્જન કરશે. અગાઉ વિશ્વશાંતિ માટે કાર્ય કરનાર નેલ્સન મંડેલા, આચાર્ય મહાપ્રજ્ઞજી, કિંગ્સ ચાર્લ્સ ધ વર્ડની હરોળમાં મળેલા આ ઍવૉર્ડનો આનંદ સાથે સ્વીકાર કરું છું, જોકે હકીકતમાં એનાથી હું નવી પ્રેરણા અને મોટીવેશન અનુભવું છું. જ્યારે ઉપસ્થિત શ્રમણી-પ્રતિભા મહાપ્રજ્ઞજીએ કહ્યું કે કુમારપાળ દેસાઈનું સન્માન એ જ્ઞાનના પ્રકાશનું સન્માન છે. આ સમયે બર્કિંગહામ યુનિવર્સિટીમાં 'ધર્મનાથ સ્વામી ચેર ઇન જૈન સ્ટડીઝ'નું એમ.ઓ.યુ. કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન ડૉ. મેહુલ સંઘરાજકાએ કર્યું હતું અને આભારવિધિ શ્રી જયસુખભાઈ મહેતાએ કરી હતી. ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત અવૉર્ડ 'ઑલ પાર્ટી જૈન પાર્લમેન્ટ ગ્રૂપ' દ્વારા એનાયત થયો છે. આ ગ્રૂપમાં ઇંગ્લૅન્ડની જૈન અને જૈનેતર ૩૩ સંસ્થાઓ/સંગઠનો જોડાયેલાં છે. સામાન્યતઃ આ અવૉર્ડ 'અહિંસા દિન'ની ઉજવણી નિમિત્તે ૨ ઑક્ટોબરના દિને એનાયત કરવામાં આવે છે.

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**ચંદ્રાવલોકન (સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન અને રોમાંસ) / સી. ડી. મોદી 'ચંદ્રધન'.** ગુરુગ્રામ : બીગફૂટ પબ્લિકેશન, 2022. xii+475 p. કિં. રૂ. 599

મા અંબાના દર્શનાર્થે ભારદરવી પૂર્ણિમાના દિવસોમાં દૂર-સુદૂર વિસ્તારોમાંથી પગપાળા જવાનો ભારે મોટો મહિમા રહ્યો છે, જેમાં સમાજના વિવિધ વર્ગોના પ્રબુદ્ધ બૌદ્ધિકો સહિત ભક્તિભાવ સાથે હરખાતા હૈયે જોડાતા હોય છે. આ યાત્રા દરમિયાન ભક્તિભાવભર્યું અને ઉત્સાહી વાતાવરણ જળવાઈ રહે તે હેતુસર પદયાત્રીઓ પોત-પોતાનાં સમૂહોમાં રાસ-ગરબા, ભજનો, ગીતો, અંતાક્ષરી ઈત્યાદિ પ્રવૃત્તિઓનું આયોજન કરતાં રહે છે. પ્રસ્તુત ગ્રંથ એ મા અંબાની પદયાત્રા દરમિયાન કાવ્યરસિક જૂથ દ્વારા આયોજિત અંતાક્ષરીમાંથી પ્રસ્ફૂટિત થયેલ વિચારબીજનું વટવૃક્ષ છે. આ વિશે પ્રથમદર્શી આધાર તરીકે લેખકનું મંતવ્ય : ''ભાદરવી પૂનમના મા અંબાજીના મેળા પ્રસંગે.... રસ્તો કાપવા અમે અંતાક્ષરી રમવાનું શરૂ કર્યું. પરંતુ ચૌદશના ખિલેલા ચંદ્રની નિખરેલી ચાંદનીથી પ્રભાવિત થઈને અમે ફકત ચંદ્ર-ચાંદનીના શબ્દોવાળા જાણતાં ગીતો ગાવાનું ચાલુ કર્યું... ચંદ્ર-ચાંદની પરના વિવિધ મૂડનાં ગીતો ગાવા સાંભળવાના આનંદપ્રદ અનુભવ પછી એવું વિચાર્યું કે આવા ગીતોનો વધુ સંગ્રહ કરી એકાદ લેખ લખવો... પછી તો ચંદ્રનાં ગીતોનો સંગ્રહ થતો ગયો... વિવિધ ઓડિયો-વીડિયો માધ્યમોમાં સાંભળીને વધુમાં વધુ ગીતો નોંધાતાં ગયાં.'' આવા ગીતોના સંગ્રહમાં પત્ની, દીકરા-દીકરી અને તેમનાં બાળકોનોય સાથ મળતો રહ્યો' ધ્યાનાર્હ બની રહે છે.

આપણે સૌ જાણીએ છીએ કે ચંદ્ર-ચંદ્રમા (Moon, Lunar) એ પૃથ્વીનો એક કુદરતી ઉપગ્રહ છે, કે જેને આપણે પૃથ્વી ઉપરથી જોઈ શકીએ છીએ. લેખકે પ્રસ્તુત ગ્રંથના પ્રારંભમાં ખગોળીય ઉપગ્રહ તરીકે ચંદ્રનો સંક્ષેપમાં પરિચય કરાવતાં પૃથ્વીથી તેનું ૩૮૪૪૦૦ કિલોમીટર અંતર, તેનો વ્યાસ, ભ્રમણકાળ, તેની સપાટી ઉપરનું તાપમાન, ચંદ્રના વિવિધ નજારાઓ અને તેને ઓળખાવતાં વિશિષ્ટ નામો, જેમ કે Moon, Moonlets, Moonlits, Lunar eclips, New Moon, Super Moon, Black, Moon, Blue Moon વગેરે અંતર્ગત ૧૩ જેટલા સ્વરૂપોનો સંક્ષેપમાં પરિચય કરાવ્યો છે. વધુમાં પૃથ્વીના અન્ય ૭ જેટલા ઉપગ્રહો હોવાનું નોંધ્યું છે. આ સાથે જ મેઘ ધનુષની માફક જવલ્લે જ દેખાતો 'મુન બો' એટલે શું તે સમજાવીને તે સમગ્ર વિશ્વમાં ફકત ૬ વખત અને આ પૈકી ૧ વખત કર્ણાટક (ભારત)માં જોવામાં આવ્યો છે તે સંબંધી જાણી અજાણી રસપ્રદ વિગતો દર્શાવી છે. વધુમાં, અહીં 'મિશન મૂન' શીર્ષક હેઠળના પ્રકરણમાં રશિયા, અમેરિકા, ભારત વગેરે દેશો દ્વારા ચંદ્રનો તાગ મેળવવા હાથ ધરવામાં આવેલા પ્રયાસોની ઝાંખી કરાવી છે, જેમ કે, સૌપ્રથમ રશિયા દ્વારા તા. ૪ ઑક્ટોબર, ૧૯૫૭ના રોજ ચંદ્ર ઉપર અવકાશયાન મોકલવું, જ્યારે અમેરિકાના અવકાશયાત્રી કમાન્ડર નીલ આર્મસ્ટ્રોંગ દ્વારા સૌ પ્રથમ વખત તા. ૨૦ જુલાઈ, ૧૯૬૯ના રોજ ચંદ્રની ધરતી ઉપર ડગલાં ભરવાં, ભારતની ઈસરો સંસ્થા દ્વારા 'ચંદ્રયાન' મોકલવાના પ્રયાસો વગેરે.

અહીં સ્પષ્ટતા કરવી રહી કે લેખકનો મૂળભૂત હેતુ ચંદ્રનો ખગોળીય અભ્યાસનો નહીં, પરંતુ સવિશેષતઃ હિન્દી ફિલ્મો અને કંઈક અંશે ગુજરાતી ભાષા-સાહિત્ય, ધર્મ-દર્શન, જ્યોતિષ સમાજજીવન વગેરેમાં કેવો પ્રભાવ રહ્યો છે અને તે કેવા સ્વરૂપોમાં અભિવ્યક્તિ પામ્યો છે તે સમજાવીને તદ્વિષયક હિન્દી ફિલ્મીગીતો, બિનફિલ્મી ગીતો, શાયરીઓ વગેરે ગ્રંથસ્થ કરવાનો રહ્યો છે. ઉલ્લેખ કરવો રહ્યો કે આપણામાં એક કહેવત છે કે 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ.' 'અગ્નિપુરાણ'માં પણ કહ્યું છે કે **'अपारे काव्यसंसारे कविरेकः प्रजापतिः'** આ ન્યાયે થોડુંક ચિંતન કરીએ તો આગળ ઉપર નિર્દેશ કર્યા મુજબ સૌ પ્રથમ વખત માનવે ૧૯૬૯માં ચંદ્રની ધરતી ઉપર પગ મૂક્યો હતો. પરંતુ આપ સૌને એ જાણીને આશ્ચર્ય થશે કે ફ્રેંચ નવલકથાકાર જુલે વર્ને 'From the Earth

to the Moon' (૧૮૬૫) અને 'Arround the Moon' (૧૮૭૦) તથા અંગ્રેજી નવલકથાકાર એચ. જી. વેલ્સે 'The First Men in the Moon' (૧૯૦૧)માં આ સર્જકોએ પોતાની ઉર્વર કલ્પનાઓના બળે અવકાશયાત્રીઓ ચંદ્ર ઉપર જતા હોવાની કલ્પના કરી છે. આ ઉપરાંત ૧૯૬૯ પૂર્વે ૧૯૦૨ થી ૧૯૬૭ સુધીની સાહસિક ચંદ્રયાત્રાની ફિલ્મોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં એક તમિલ અને એક હિન્દી ફિલ્મનો પણ સમાવેશ થાય છે. આ બધી બાબતોની નોંધ લેવાનું લેખક ચૂકયા નથી, જેમાં તેમની જાગરૂકતા અને દૂરંદેશિતાનાં દર્શન થાય છે.

લેખકે પૃથ્વીના ઉપગ્રહ ચંદ્ર વિશેની વૈજ્ઞાનિક માહિતી સંક્ષેપમાં વર્ણવ્યા બાદ વિશ્વની વિવિધ જનજાતિઓમાં ચંદ્ર વિશે પરંપરાગત માન્યતાઓ, દંતકથાઓ અને આ પૈકી હિંદુ અને જૈન ધર્મની માહિતી વિસ્તારથી વર્ણવી છે. આ સાથે મંત્ર-તંત્ર, આરતી-સ્તવન વગેરે પણ અહીં નોંધ્યા છે. અહી જ્યોતિષશાત્રની દૃષ્ટિએ ચંદ્રનું મહત્ત્વ સમજાવતાં ઉચ્ચ અને નીચના ગ્રહો, ગ્રહોનાં બળ, ગ્રહોની શાંતિ, મિત્ર-શત્રુ અને સમ ગ્રહો, ગ્રહોની યુતિ અને ફળકથન વિશેની વિગતોમાં લેખકની ગહન અભ્યાસનિષ્ઠા અને રસ રુચિનાં દર્શન થાય છે. ત્યાર બાદનાં ૪ પ્રકરણો - પ્રકરણ ૮થી ૯માં ફકત ૨૫ પૃષ્ઠોમાં ગુજરાતી ભાષા-સાહિત્ય અંતર્ગત કવિતા, નવલકથા, નિબંધો, પ્રવાસ વર્ણનો, બાળસાહિત્ય વગેરેમાં ચંદ્રનો કઈ રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે તે વિશે કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોશી, ભોળાભાઈ પટેલ, પ્રવીણ દરજી વગેરેનાં ચંદ્ર વિશેનાં વર્ણનોની ખૂબ જ સંક્ષેપમાં વાત કરી છે. જોકે અમૃતલાલ વેગડનાં નર્મદા મૈયાની પરિક્રમા વિશેનાં ૩ પુસ્તકોમાં અભિવ્યકત ચંદ્રનાં વિવિધ સ્વરૂપોની અહીં વિગતે ચર્ચા કરવામાં આવી છે, જેમાં તેમનું ગહન વાંચન-ચિંતન સ્પષ્ટ ઊપસી આવે છે. પ્રકરણ- ૯માં ચંદ્ર આધારિત બહુઆયામી નામોની વિસ્તૃત યાદી **'ચંપકચંદ્રનામકોશ'**ની ગરજ સારે છે.

અહીં વર્ણિત માહિતીના સ્તર અને કદને ધ્યાને લેતાં લેખકનાં રસ અને રુચિ સવિશેષતઃ ચંદ્ર આધારિત હિન્દી ફિલ્મી ગીતો અને બિનફિલ્મી ગીતોનો સારવર્તી અભ્યાસ - વિશ્લેષણ અને યથાસંભવ ઉપલબ્ધ ફિલ્મી ગીતોના સંકલનનો રહ્યો હોવાથી ગ્રંથનાં કુલ ૪૭૫ પૃષ્ઠોમાંથી ૪૧૭ પૃષ્ઠો આ હેતુસર ફાળવવામાં આવ્યાં છે. અહીં ચંદ્ર આધારિત ફિલ્મી ગીતોને વિવિધ વિભાગોમાં વર્ગીકૃત કરીને સંબંધિત વિભાગ-વિષયનાં ગીતો વિશે રસદર્શી અને તુલનાત્મક વિશ્લેષણ કર્યા બાદ સંબંધિત વિષયનાં ગીતોનું સંકલન કરીને રજૂ કરવામાં આવ્યાં છે. અલબત્ત, ક્વચિત્ પૂરું ગીત ન આપતાં પંક્તિ કે પંક્તિઓ આપી છે. સંભવ છે કે આખું ગીત સુલભ ન થયું હોય. અને આ સાથે જ અહીં પ્રત્યેક ગીતના ફિલ્મનું નામ, ફિલ્મ પ્રસારણના પ્રારંભનું વર્ષ અને પાર્શ્વગાયકનું નામ દર્શાવવામાં આવ્યું છે. ઉદા. તરીકે 'વો દિન યાદ કરો'. (ફિલ્મ) હમરાહી વર્ષ (૧૯૬૩), (પાર્શ્વગાયક) મોહમ્મદ રફી, લતા મંગેશકર. અહીં સંકલિત ગીતોને ૧. મનોરંજન, ૨. સંબંધ સેતુ અને લોરી ગીતો, ૩. મેધાવી મોહક, ૪. હમસફર, સંદેશવાહક, ૫. અજોડ સૌંદર્યના પ્રતીક, ૬. વિવિધ ચંદ્રકળાઓનું મહત્ત્વ, ૭. સાક્ષી- મિલન, ૮. વિરહની વેદના, ૯. ફિલ્મીગીતોમાં સંનિહિત તત્ત્વચિંતન વગેરે વિષયો હેઠળ વર્ગીકૃત કરીને રજૂ કરવામાં આવ્યાં છે. આ પ્રત્યેક વિભાગમાં કયા ફિલ્મના ગીતમાં સૌથી વધુ વખત ચંદ્ર કે ચાંદનીનો ઉલ્લેખ છે તે પણ રસપૂર્વક તારવી આપવામાં આવ્યું છે, તેમજ તદ્‌વિષયક સાર-સંકલન-વિશ્લેષણ સોદાહરણ અને રસપ્રદ કરવામાં આવ્યું છે. આ બધાં જ હિંદી ફિલ્મોના ગીતોના અભિનયનાં કલાકારો, ગીતોના ગાયકો, ગીતકારો અને સંગીતકારો પૈકી પુરુષ અને મહિલા કલાકારોની પ્રત્યેક વિભાગની અકારાદિક્રમમાં વિસ્તૃત યાદીઓ અહીં સુલભ કરાવી આપી છે. આ સાથે જ બિનફિલ્મી હિંદી ગીતોનું સંકલન પ્રકરણ-૨૧માં આપ્યું છે. અંતિમ પ્રકરણમાં હિંદી ફિલ્મોમાં ચંદ્ર/ચાંદની આધારિત ગીતોની કાળક્રમાનુસાર અર્થાત્ ૧૯૩૭થી ૨૦૧૯ સુધીની યાદી આપવામાં આવી છે, ઉદા. તરીકે : વર્ષ ૧૯૩૭; ફિલ્મ : જીવનપ્રભાત, ગીત : બને ચાંદનીકા પલના ઝૂલે ચાંદસા લલના. આ સૂચિમાં ૮૪૦ જેટલાં ફિલ્મોનાં ૧૦૭૦ જેટલાં ચંદ્ર આધારિત ગીતોની યાદી સમાવિષ્ટ છે. આ પૈકી વર્ષ ૧૯૬૧, ૬૩, ૬૪ અને ૬૭માં સૌથી વધુ અર્થાત્ ૨૬-૨૬ પ્રસારિત ફિલ્મોમાં ચંદ્ર આધારિત ગીતો છે, જ્યારે વર્ષ ૧૯૪૦, ૪૧ અને ૨૦૧૦માં પ્રસારિત થયેલ ફિલ્મો પૈકી ૧-૧ ફિલ્મમાં ચંદ્ર આધારિત ગીતો છે.

સમગ્રતયા પ્રસ્તુત ગ્રંથ એ તેના લેખક/સંપાદકની રસ-રુચિ અને અભ્યાસનિષ્ઠાનો પ્રતીતિકારક છે. આટલા

વિશાળ ફલક ઉપર છેક ૧૯૩૭ થી ૨૦૧૯ સુધીનાં હિંદી ફિલ્મી ગીતો અને તેમાં ચંદ્ર આધારિત ગીતોની શોધ અને સંકલન ભારે પુરુષાર્થ માગી લે તેવું વિદ્યાકીય કાર્ય છે. ચંદ્ર વિશેની બહુઆયામી અને બહુપરિમાણીય માહિતી એકસાથે પ્રસ્તુત કરવાનો નિજ રસથી ઉદ્‌ભવેલો દૂરંદેશિતાશીલ પ્રયાસ શ્લાઘનીય બની રહે છે. અને ખાસ તો, ગુજરાતી ભાષામાં આ પ્રકારનો આ પ્રથમ પ્રયાસ છે. હિંદી ભાષામાં પણ હિન્દી ફિલ્મી ગીતોમાં ચાંદ/ચાંદની આધારિત ફિલ્મોનો કોઈ સંગ્રહ જોવામાં કે સાંભળવામાં આવ્યો નથી. આ દૃષ્ટિએ લેખક/સંપાદક કાવ્યરસિકોના અભિનંદનના અધિકારી બની રહે છે. આ સાથે જ આ ગ્રંથની કેટલીક મર્યાદાઓ એ છે કે ફિલ્મી કે બિનફિલ્મી ગીતોના કોઈ સ્રોત (ફિલ્મનું નામ, વર્ષ અને પાર્શ્વગાયક સિવાય) કે જેના આધારે અહીં ગીતો ઉતારવામાં આવ્યાં છે તેનો ક્યાંય નિર્દેશ સંપાદકીયમાં પણ કરવામાં આવ્યો નથી, જે તે વિભાગ હેઠળનાં ગીતોની ગોઠવણી એટલે કે અહીં પ્રસ્તુતિ માટે કોઈ ચોક્કસ આધાર લેવામાં આપ્યો નથી, તેમજ બિન હિન્દી ફિલ્મી ગીતો, શાયરીઓના સર્જકોના નામનો મહદંશે નિર્દેશ કર્યો નથી, વગેરે. વધુમાં, ફિલ્મી ગીતોની પ્રથમ લીટી તથા ફિલ્મોના નામની વર્ણાનુક્રમ સૂચિ અને તે ગીત ગ્રંથમાં કયા પૃષ્ઠ ઉપર નિર્દેશિત છે તેનો નિર્દેશ કરતી સૂચિ Value added બની રહેત, જેનો અહીં અભાવ છે. અલબત્ત, આ અભાવ વચ્ચે પણ લેખક/સંપાદકશ્રીનો સ્વાધ્યાયશીલ પ્રયાસ સ્તુત્ય બની રહે છે.

અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે પ્રસ્તુત ગ્રંથના પ્રણેતા (લેખક/સંપાદક) ડૉ. સી. ડી. મોદી સાહિત્ય, સંગીત અને કલારસિક કવિહૃદયી જીવ છે. વ્યવસાયે પાટણની પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજના અર્થશાત્રના અધ્યાપક અને બાદમાં ટી. એસ. આર. કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલપદેથી સેવાનિવૃત્ત છે. આ સમયગાળા દરમિયાન પાટણ યુનિવર્સિટીના પત્રકારિત્વ વિભાગના તેમજ એમ.ફીલ. અર્થશાત્ર પ્રોગ્રામના કો-ઑર્ડિનેટર તરીકે પ્રશસ્ય સેવો આપી ચુકયા છે. પત્રકારિત્વના ક્રિયાશીલ અને કર્મઠ અધ્યાપક તરીકે વિવિધ પરિસંવાદો અને આનુષંગિક પ્રવૃત્તિઓનું આયોજન કરીને આગવી ઓળખ અપાવવામાં તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. આ અંતર્ગત ખાસ ઉલ્લેખનીય છે 'ભારતની આંતરિક સુરેક્ષા' હેઠળના રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન અને તેનાં શોધપત્રોનું પ્રકાશન. આ ઉપરાંત 'ઉત્તર - ગુજરાતની રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ચળવળ અને સ્વાતંત્ર્ય સેનાનીઓ' (૨૦૨૨) વિશેનો ગ્રંથ કે જેનું પ્રકાશન પાટણ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું છે, આ ગ્રંથો તેમની સંપાદકીય અને સંશોધકીય નિષ્ઠા અને ભારે રઝળપાટની નીપજ છે. પ્રસ્તુત ગ્રંથો ઉપરાંત અર્થશાત્ર, પર્યાવરણ વગેરે વિષયક ૧૦ ગ્રંથોના સર્જનનું શ્રેય તેમના શિરે રહે છે. તેમના માર્ગદર્શન હેઠળ ૨૦ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે.

**મણિભાઈ પ્રજાપતિ**

❑

**Biographical Dictionary of Indian Library and Information Science (LIS) Professionals, 2 Vols. / Edited and compiled by A.A.N. Raju and L. S. Ramaiah. New Delhi** : Ess Ess Publications, 2018. xvii+ 1065 p, ISBN : 978-93-87698-08-6 (set) Rs. 3850.

હકીકત છે કે જ્ઞાન-વિજ્ઞાનની કોઈ પણ વિદ્યાશાખાના વિકાસમાં યોગદાન આપનારાઓનાં જીવનચરિત્રોનો અભ્યાસ સંબંધિત તેમજ આનુષંગિક વિદ્યાક્ષેત્રના ભાવિ સુદૃઢ વિકાસ માટે દિશાપેરક / પ્રોજ્જ્વળ માર્ગ પ્રશસ્ત કરનાર બની રહે છે. આપણા કવિ-મનીષી ઉમાશંકરભાઈ જોશીએ પણ 'ઉત્તમ પૂજ્યોને વીરપૂજાના અર્ઘ્ય આપવા' નોંધ્યું છે. આ ઉપરાંત કોઈ વિચારકે પણ કહ્યું છે કે જે પેઢી પોતાની પ્રતિભાઓનો આદર-સત્કાર કરતી નથી તે વિનાશ નોતરે છે. આ સાથે જ નોંધવું રહ્યું કે જીવનચરિત્ર/આત્મચરિત્ર ઐતિહાસિક દસ્તાવેજના પર્યાય સમાન હોઈ તેના બહુવિધ રીતે અદકેરા મૂલ્યને ધ્યાને લેતાં વિવિધ વિદ્યાક્ષેત્રોના ધુરીણોનાં ચરિત્રાલેખનની પ્રવૃત્તિ સદીઓથી અસ્તિત્વમાં છે. વ્યક્તિગત ચરિત્રાલેખન ઉપરાંત કોઈ એક કે એકથી અધિક વિદ્યાક્ષેત્રોની અથવા કોઈ એક પ્રદેશ વિશેષ કે પ્રદેશોની કે વૈશ્વિક ક્ષેત્રે ખ્યાતિપ્રાપ્ત પ્રતિભાઓનાં ચરિત્રોનો સમાવેશ કરતા ચરિત્રકોશોનું આલેખન/સંપાદન તેની ઉપયોગિતાને ધ્યાને લઈ કરવામાં આવ્યું/

આવી રહ્યું છે, જેમ કે, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવકૃત 'પ્રાચીન ભારતીય ચરિત્રકોશ' (હિન્દી), 'Who's Who of Indian Writers'/Sahitya Akademi, New Delhi, 'American National Biography', 'Encyclopaedia of World Biography'/ University of Toronto, વગેરે. આ પ્રકારના શતાધિક ચરિત્રકોશોની યાદી ગૂગલ ઉપર પણ સુલભ છે.

પ્રસ્તુત ચરિત્રકોશમાં ભારતના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિદ્યાક્ષેત્રનાં ૭૦૦ જેટલાં વ્યવસાયિકોનું યથાસંભવ સાધાર અને સવિસ્તર ચરિત્રાલેખન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત પ્રત્યેક ચરિત્રનાયકનું નામ, જન્મ વર્ષ અને સ્થળ, માતા-પિતા અને પત્નીનું નામ, પ્રાપ્ત ઍવૉર્ડ્સ - માન સન્માન/પારિતોષિક, વ્યવસાયિક સંગઠનોમાં સભ્યપદ, વ્યવસાયિક દરજ્જો-હોદ્દો, વિદેશોની મુલાકાત, પ્રકાશિત પુસ્તકો/લેખો, ગ્રંથાલય વ્યવસાય ક્ષેત્રે પ્રદાન, શોખ અને રસના વિષયો, સેવાનિવૃત્તિ બાદની પ્રવૃત્તિઓ, પત્રવ્યવહારનું સરનામું : કાર્યાલય અને નિવાસ વગેરે બાબતોનો સમાવેશ યથાસંભવ કાળજીપૂર્વક કરવામાં આવ્યો છે. આ ચરિત્રનાયકો વિશેનાં અધિકરણો વ્યક્તિની પ્રાયઃ અટક અથવા પ્રથમ નામ હેઠળ અકારાદિક્રમમાં ગોઠવવામાં આવ્યાં છે. આ પ્રકારના ચરિત્રકોશની ઊણપની પૂર્તિ હેતુ ભારતભરમાંથી ગ્રંથાલય વ્યવસાયિકો વિશેની વ્યાપક ફલક ઉપર માહિતી મેળવવાનું દુસ્કર કાર્ય અને પ્રાપ્ત માહિતીનું કુશળતાપૂર્વક સંપાદન કરવાનું કાર્ય સંપન્ન કરવામાં સંપાદકોનો ધ્યેયનિષ્ઠ પ્રયાસ તેમની વ્યવસાયિક નિષ્ઠા, કર્તવ્યભાવના, પ્રતિબદ્ધત્તા, અને જાગરૂકતાનો દ્યોતક બની રહે છે. આ બધાં ચરિત્રોનું વાંચન કરતાં એક બાબત સ્પષ્ટ ઊપસી આવે છે કે ભારતના ગ્રંથાલય ક્ષેત્રના પાયાના પ્રતિભા-પુરુષો જેમ કે ડૉ. એસ. આર. રંગનાથન, બી. એસ. કેશવન, પ્રો. પી. એન. કૌલા, પ્રો. નીલમેઘન, પ્રો. એમ. એ. ગોપીનાથ, ડૉ. ગણેશ ભટ્ટાચાર્ય, વગેરે અનેકાનેકના પ્રદાનને મોકળાશથી - સવિસ્તર ઉજાગર કરી આપવામાં અને આ સાથે જ બીજી પેઢીની પ્રતિભાઓ, જેમ કે ડૉ. ટી.એ.વી. મૂર્તિ, ડૉ. એચ. કે. કૌલ, ડૉ. સી. આર. કરિસિદપ્પા, ડૉ. જગદીશ અરોરા, ડૉ. સી. કે. રામૈયા, વગેરે અનેકાનેકનાં કાર્યોની પણ ઉમળકા સાથે સવિસ્તર નોંધ લેવામાં સંપાદકીય વિવેક ધ્યાનાર્હ બની રહે છે. આ સાથે જ અહી નિરૂપિત ચરિત્રચિત્રણો પૈકી કેટલીક પ્રતિભાઓ, જેમ કે રવીન્દ્રનાથ ટાગોર, બિપિન ચંદ્ર પાલ, એ. ડી. ડિકન્સન, ડૉ. રંધાવા વગેરેના ગ્રંથાલય, ગ્રંથાલય સેવાઓ અને ગ્રંથપાલની મહત્તા દર્શાવતા સુચિંતનીય વિચારો પણ ઉદ્ધૃત કર્યાં છે, જેમાં સંપાદકોની સ્વાધ્યાયશીલ પ્રકૃતિ અને દૂરર્દષ્ટિનાં દર્શન થાય છે. સંપાદકોની દૂરંદેશિતાની એક વિશેષ ધ્યાનાર્હ બાબત એ કે અહી ગ્રંથાલય વ્યવસાયિકોનાં ચરિત્રોની સાથે સાથે બિન-ગ્રંથાલય વ્યવસાયિકો કે જેમણે ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસ માટે ભારે પ્રોત્સાહન પૂરું પાડયું છે તેવા રાજવીઓ, રાજકારણીઓ, સનદી અધિકારીઓ, સમાજસેવકો, સારસ્વતો, વગેરેનાં ચરિત્રચિત્રણોનો પણ અહીં સમાવેશ કરીને તેમણે આ ક્ષેત્રે સંપન્ન કરેલાં કાર્યો ઉજાગર કરી આપ્યાં છે. આ પૈકી વિશેષ ઉલ્લેખનીય છે, ભારતની સાર્વજનિક ગ્રંથાલયપ્રવૃત્તિના પ્રણેતા વડોદરા નરેશ સર સયાજીરાવ ગાયકવાડ, એશિયાટિક સોસાયટી, કોલકતાના સ્થાપક સર વિલિયમ જોન્સ, પંજાબના આઈ.સી.એસ. ઑફિસર ડૉ. મોહિંદર સિંઘ રંધાવા, તેલંગણામાં ગ્રંથાલય ચળવળ શર કરનાર પદ્મભૂષણ મડપતિ હનુમંત રાવ, આંધ્રપ્રદેશમાં સાર્વજનિક ગ્રંથાલય ધારો પસાર કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર આંધપ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ગોપાલ રાવ એકબોતે, અગ્રણી રાજકીય કાર્યકર અને સમાજસેવક વવીલાલ ગોપાલકૃષ્ણય્યા, ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસના પ્રમુખસ્તંભ આંધ્રપ્રદેશના ઍડ્વોકેટ નારાયણ રાવ કોડાટી વગેરે, ઓરિસ્સાની ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસપુરુષ દાશરથી પટ્ટનાયક, કવિવર રવીન્દ્રનાથ ટાગોર કે જેમણે 'બેંગાલ લાઇબ્રેરી એસોસિએશન' ના ચુંટાયેલા પ્રમુખ તરીકે સેવાઓ આપવા ઉપરાંત 'ઑલ ઇંડિયા લાઇબ્રેરી એસોસિએશન' (૧૯૨૫) ના અધિવેશનની અધ્યક્ષતા સ્વીકારી હતી. આ ઉપરાંત વિદેશોના તજ્જ્ઞ ગ્રંથાલય વ્યવસાયિકો પૈકી જેમણે ભારતમાં પોતાની સેવાઓ આપી છે, જેમ કે, વડોદરાના મહારાજા સર સયાજીરાવના નિમંત્રણથી વડોદરા રાજ્યની ગ્રંથાલય પ્રવૃત્તિની પ્રસ્થાપનામાં પાયાનું યોગદાન આપનાર ડબલ્યૂ એ. બોર્ડન, (૧૯૧૦-૧૯૧૩), લોર્ડ કર્ઝનના નિમંત્રણથી ઈમ્પિરિઅલ

લાઇબ્રેરી, કોલકત્તાના પ્રથમ ગ્રંથપાલ તરીકે સેવાઓ આપનાર John Macfarlane (૧૯૦૩-૧૯૦૬), પંજાબ યુનિવર્સિટીના ગ્રંથપાલ તરીકે સેવાઓ આપનાર એ. ડી. ડિકિન્સન (૧૯૧૫-૧૯૧૬) વગેરેનો પણ અહીં સમાવેશ કર્યો છે. આ સાથે જ ભારતીય ગ્રંથાલય વ્યવસાયિકો કે જેમણે વિદેશોમાં સેવા આપી છે / આપી રહ્યા છે, તેમનાં ચરિત્ર ચિત્રણો પણ કાળજીથી વર્ણવ્યાં છે, જેમકે કેનેડામાં સેવા આપતા મૂળમાં કચ્છ-ગુજરાતના વતની અને હૈદરાબાદમાં સ્થાનાન્તરિત થયેલા. ડૉ. મોહમ્મદ તાહેર વગેરે.

આ ચરિત્રકોશમાં ગ્રંથાલય વ્યવસાયિકો સંબંધી સમાવિષ્ટ માહિતી આ ક્ષેત્રના નવપ્રસ્થાનકારો તથા વિદ્યાર્થીઓ માટે બહુવિધ રીતે ઉપકારક નીવડે તેટલી સંતર્પક છે. ખાસ તો સમાવિષ્ટ ગ્રંથાલય વ્યવસાયિકોની વ્યવસાયિક સજ્જતા, મેળવેલ શિક્ષણ, લેખન-પ્રવૃત્તિ, આનુષંગિક વિદ્યાશાખામાં રસ-રુચિ, હાંસલ કરેલ ઉપલબ્ધિઓ વગેરે પોતાના ભાવિ જીવનવિકાસ માટે ઉદ્દીપકની ભૂમિકા અદા કરનાર બની રહેશે. આ ઉપરાંત વિદેશોમાં અભ્યાસ માટે ફુલબ્રાઈટ સ્કૉલરશિપ (મેળવનાર ડૉ. જગદીશ અરોરા, પ્રો. ગોપીનાથ વગેરે), કોમનવેલ્થ સ્કૉલરશિપ (ડૉ. સી. કે. રામૈયા વગેરે), ઈન્ડો - બ્રિટિશ ટી. સી. પી.ટી. એવૉર્ડ વગેરે કોને કોને મળ્યો છે અને તેમણે હાંસલ કરેલ સિદ્ધિઓ, યુનેસ્કો તજજ્ઞ તરીકે પસંદગી પામેલ પ્રતિભાઓ (ડૉ. સી. પી. શુકલ, ડી. આર. કાલિયા, એમ. સી. રાઘવન, વગેરે), યુજીસી એમિરિટસ ફેલોશિપ (ઉદા. તરીકે પ્રો. એ. એ. એન રાજુ વગેરેને), ILA, IASLIC વગેરે દ્વારા એનાયત કરવામાં આવતા વિવિધ એવૉર્ડસ કોને એનાયત કરવામાં આવ્યા છે, કઈ કઈ પ્રતિભાઓને અભિનંદન-ગ્રંથ અર્પણ કરી સન્માનિત કરવામાં આવી છે, ગ્રંથાલય ક્ષેત્રે અસાધારણ સેવાઓ આપવા હેતુ ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી' થી વિભૂષિત ડૉ. એસ. આર. રંગનાથન, ડૉ. બી. એસ. કેશવન વગેરે અને 'પદ્મભૂષણ'થી વિભૂષિત વિશ્વભારતીના ગ્રંથપાલ શ્રી પ્રભાત કુમાર મુખોપાધ્યાય વગેરે સંબંધી અન્યત્ર પ્રાયઃ દુર્લભ એવી માહિતી અહીં સુલભ કરી આપવામાં આવી છે. આ ઉપરાંત ગ્રંથાલય વ્યવસાય ક્ષેત્રે અસાધારણ સેવાઓના ફળસ્વરૂપે યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિયુકિત મેળવનાર પ્રતિભાઓ, જેમ કે ડૉ. વી. જી. તલવારની મૈસૂર યુનિવર્સિટીના કુલપતિ તરીકે વરણી થવી, વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ ગ્રંથાલય વ્યવસાયિક તરીકે કરીને અન્ય રસક્ષેત્રોમાં મૂઠી ઊંચેરી ઓળખ પ્રસ્થાપિત કરતાં અન્ય વ્યવસાયમાં જોડાવું, ઉદા. તરીકે નિહાર રંજન રે એ કલકત્તા યુનિવર્સિટીમાં એકાદ દશક સુધી ગ્રંથપાલ તરીકે સેવાઓ આપ્યા બાદ ઇતિહાસકાર, કલાવિદ અને રવીન્દ્ર સાહિત્યના અભ્યાસી તરીકે ખ્યાતિપ્રાપ્ત થતાં કલા અને ઇતિહાસના અધ્યાપક તરીકે નિયુકિત મેળવીને સેવાઓ આપવી, JNU નવી દિલ્હીમાં ડેપ્યુટી લાઇબ્રેરિયન તરીકે સેવા આપી ચૂકેલ છાયાદેવી અબ્બુરી (૧૯૩૩) દ્વારા તેલુગુ સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કરવામાં આવતાં તેમને અનેકવિધ પુરસ્કારોથી પુરસ્કૃત કરવામાં આવવાં, અને પ્રાપ્ત પુરસ્કારો પૈકી વિશેષ ઉલ્લેખનીય સન્માન છે 'સાહિત્ય અકાદમી', નવી દિલ્હી દ્વારા વર્ષ ૨૦૦૬માં સન્માનિત થવાં. આ બધાં ઉદાહરણો ઉપરાંત સંભવતઃ વાચકને એ જાણીને આશ્ચર્ય થશે કે ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામની ક્રાંતિકારી ત્રિપુટી 'લાલ-બાલ-પાલ' પૈકી પાલ એટલે કે બિપિનચંદ્ર પાલની 'કલકત્તા પબ્લિક લાઇબ્રેરી'ના ગ્રંથપાલ પદે ૨૧૯ અરજીકર્તાઓ પૈકી પ્રથમ ક્રમે પસંદગી થતાં તેમણે ૧૮૯૦થી ૧૮૯૨ સુધી સેવાઓ આપી હતી. તેમણે ગ્રંથપાલની કામગીરી સંબંધી સંસ્મરણો 'Mimoir of My Life and Times'માં વિગતે વર્ણવ્યાં છે. આ પ્રકારની અનેકવિધ અકલ્પ્ય માહિતી આ કોશમાં ઉજાગર કરી આપવામાં આવી છે. સમગ્રતયા, અહીં એક યા બીજા સ્વરૂપે ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિની વિકાસરેખાની આછી કળીઓ, જેમ કે બ્રિટિશ શાસકોનું પ્રદાન, ઈમ્પિરિઅલ લાઇબ્રેરીનો વિકાસ, ગ્રંથાલય વિજ્ઞાનની પ્રશિક્ષણ સ્કૂલોની સ્થાપના કેટલીક યુનિવર્સિટીઓમાં ક્યારે કરવામાં આવી અને કોના નેતૃત્વ હેઠળ તેનો પ્રારંભ થયો, કેટલીક યુનિવર્સિટીઓ વગેરેમાં સૌ પ્રથમ કોણે ગ્રંથપાલ તરીકે નિયુકિત મેળવી અને કેવા સંજોગોમાં ગ્રંથાલયનો વિકાસ કર્યો વગેરે માહિતી ગૂંથાયેલી જોવા મળે છે. આ સંદર્ભે પંજાબ યુનિવર્સિટીના પ્રથમ ગ્રંથપાલ તરીકે સેવાઓ આપનાર ડિકિન્સને નિવૃત્તિબાદ બ્રિટિશ ઇંડિયાના ભારત સરકારના શિક્ષણ સચિવને તા. ૧૯ ડિસેમ્બર, ૧૯૧૬ના રોજ લખેલ પત્ર દ્રષ્ટવ્ય બની રહે છે : 'On my way home I visited the Imperial and University libraries in Calcutta, and I

hope you will not consider impertinent if it I say that as an expert librarian I was strongly impressed by the need for improvement in both institutions. From what I have seen and heard I think I can risk the assertion that there is not a single well organized library in British India. You have scarcely anything in this country that could be called a library than a pile of bricks of house'.

ગ્રંથસ્થ ચરિત્રચિત્રણોનું અવલોકન કરતાં સ્પષ્ટ પ્રતિફલિત થાય છે કે અહીં / સમાવિષ્ટ વ્યવસાયિકોની પસંદગી માટે તેમના પ્રદાનની ગુણવત્તા સંબંધી કોઈ ચોક્કસ માપદંડ / ધોરણ અપનાવ્યું જણાતું નથી. વધુમાં, ભારતનાં વિવિધ રાજ્યોના ગ્રંથાલય વ્યવસાયિકો વિશે જે કંઈ માહિતી પ્રાપ્ત થઈ તેનું સર્વેક્ષણાત્મક અવલોકન કરીને જે તે રાજ્યમાં નોંધપાત્ર પ્રદાન કરનાર વ્યવસાયિકો સમાવિષ્ટ છે કે કેમ ? તે શોધવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હશે કે કેમ ? તે પ્રશ્ન બની રહે છે. અહીં ભારતના અન્ય રાજ્યોના વ્યવસાયિકોની તુલનાએ દક્ષિણનાં રાજ્યોના અને આ પૈકી આંધ્રપ્રદેશના ગ્રંથાલય વ્યવસાયિકોનું ગ્રંથાલય પ્રમાણ ઘણું વધું જોવા મળે છે. રાજ્યવારની દષ્ટિએ જોઈએ તો અહીં ગુજરાત જેમની જન્મભૂમિ અથવા કર્મભૂમિ રહી છે અર્થાત્ ગુજરાત બહારના સહિતના કુલ ૨૩ અને આ પૈકી જેમની જન્મભૂમિ અને કર્મભૂમિ ગુજરાત છે તેવા ફકત ૧૦ ગુજરાતી ગ્રંથાલય વ્યવસાયિકો સ્થાન પામ્યા છે. ગુજરાતના કેટલાક અગ્રણી ગ્રંથાલય વ્યવસાયિકો કે જેમનું ખરા અર્થમાં નોંધપાત્ર પ્રદાન છે, જેમ કે, મોહનદાસ પટેલ, છગન ભૈયા, પ્રકાશ વેગડ, કનુભાઈ શાહ, શ્રીમતી ભરૂચા મૅડમ, એમિરિટસ પ્રોફેસર ડૉ. ઊર્મિલા ઠાકર, ડૉ. શૈલેષ યાજ્ઞિક, ફુલબ્રાઈટ સ્કોલર ડૉ. ટી. એસ. કુમ્બાર, ફુલબ્રાઈટ સ્કોલર સ્વધા મજમુદાર, વગેરે અહીં સમાવેશ પામ્યાં નથી. સંભવતઃ બધા જ રાજ્યોના નોંધપાત્ર ગ્રંથાલય વ્યવસાયિકો વિશેની માહિતી પ્રાપ્તિના આગ્રહના અભાવના કારણે જે કોઈ વિશે માહિતી સુલભ થઈ હશે તે સર્વેનો સમાવેશ કરવાનું વલણ અપનાવ્યું છે, તો ક્વચિત્ કંઠોપકંઠ સાંભળેલી માહિતીના આધારે ચરિત્ર-ચિત્રણ કરવામાં આવેલું જોવા મળ્યું છે, ઉદા. તરીકે જુઓ : ડૉ. પી. એફ. પટેલ (પૃ. ૬૪૯-૬૫૦) નું અધિકરણ. આ ચરિત્રાલેખનમાં તેમણે મેળવેલ વ્યવસાયિક શિક્ષણ અને વ્યવસાયિક કારકિર્દી વિશેની વિગતો બેબુનિયાદ દર્શાવી છે.

આ કોશને મૂલ્યવર્ધિત – Value added – કોશ બનાવવા હેતુ ગ્રંથાલય વ્યવસાયિકો વિશે કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી સરળતાથી ઉપલબ્ધ થતી નથી, કે જે આ ગ્રંથમાં એક યા બીજા સ્વરૂપે સમાવિષ્ટ છે, જેમ કે, પદ્મશ્રી અને પદ્મભૂષણથી વિભૂષિત ગ્રંથાલય વ્યવસાયિકો, વિદેશોમાં અધ્યયન હેતુ ફુલબ્રાઈટ, કોમનવેલ્થ વગેરે સ્કોલરશિપ મેળવનાર ભારતીય ગ્રંથાલય વ્યવસાયિકો, અભિનંદન-ગ્રંથ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ ગ્રંથાલય વ્યવસાયિકો અને અર્પણ કરવામાં આવેલ અભિનંદન ગ્રંથનું શીર્ષક અને સંપાદકો, યુનેસ્કો તજ્જ્ઞ તરીકે સેવાઓ આપનાર ભારતીય ગ્રંથાલય વ્યવસાયિકો, વગેરે સંબંધી સૂચિઓ તૈયાર કરીને પરિશિષ્ટમાં આપવામાં આવી હોત તો પ્રસ્તુત કોશ વિશેષ Value added બની રહેત.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત કોશના સંપાદકો પૈકી ગ્રંથાલયશાત્રી પ્રો. એ. એ. એન. રાજુ (૧૯૩૮) ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષપદેથી સેવાનિવૃત્ત છે. આ જ યુનિવર્સિટીની સમાજવિદ્યા શાખાના ડીન તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. તેમનાં અંગ્રેજી તથા તેલુગુમાં ૨૫થી અધિક મૌલિક/ સંપાદિત પુસ્તકો ઉપરાંત ૨૦૦થી અધિક લેખો પ્રકાશિત છે. તેમના સહયોગી સંપાદક ગ્રંથાલયી પ્રો. એલ. એસ. રામૈયા (૧૯૩૭) ભારતની સુખ્યાત 'સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ એન્ડ ફોરિંગ લેંગ્વેજિસ (ડિમ્ડ યુનિવર્સિટી)', હૈદરાબાદના ગ્રંથપાલ પદેથી સેવાનિવૃત્ત છે. તેમનાં અંગ્રેજી તથા તેલુગુમાં મૌલિક/સંપાદિત ૩૦ પુસ્તકો અને ૬૦ લેખો પ્રકાશિત છે.

ભારતભરના ઘણાખરા ગ્રંથાલય વ્યવસાયિકો વિશેની બહુઆયામી માહિતી એક છત્ર હેઠળ સુલભ કરાવી આપવાનો સંપાદકોનો આ દૂરંદેશિતાશીલ કર્મઠ પ્રયાસ અભિનંદનીય છે. વિદ્યાજગત આ સંપાદકોનું સદાકાળ ઋણી બની રહેશે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### કુમારી આર્ય ચાવડાનું વ્યાખ્યાન

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત સર્વનેતૃત્વ કાર્યક્રમ (૬૪મી બેચ)માં વક્તા તરીકે ફકત ૧૨ વર્ષની ઉંમરે અનોખા ઇતિહાસનું સર્જન કરનાર ૮ પુસ્તકોની લેખિકા, વક્તા, ચિત્રકાર, પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે અનેક પ્રવૃત્તિઓમાં ક્રિયાશીલ એવી ગુજરાતનું ગૌરવ આર્ય ચાવડાને આમંત્રિત કરવામાં આવી હતી. કુ. આર્યએ પોતાના વિચારો અને વિવિધ કાર્યોની વાત કરી સૌને પ્રેરિત અને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. ફક્ત છ વર્ષની ઉંમરથી જ કેન્સરના દર્દીઓના કલ્યાણ માટે અનોખી રીતે આર્થિક સહાય એકત્ર કરવાની પ્રવૃત્તિમાં વ્યસ્ત તે આજે ૧૨ વર્ષની ઉંમરે પહોંચતાં સફળતાનાં શિખરો સર કરે તે સ્વાભાવિક છે. પોતે દોરેલાં ચિત્રોનાં પ્રદર્શનો થકી, જાતે લખેલી કવિતાઓ અને પુસ્તકોના વેચાણ તથા અલગ અલગ સામાજિક વિષય ઉપરનાં વક્તવ્યો થકી થતી નાણાકીય સહાય એકત્રિત કરીને વંચિત કેન્સરના દર્દીઓના કલ્યાણ માટે ખર્ચે છે.

સમાજમાં ગાંધીમૂલ્યો અને આદર્શો - શાંતિ, સત્ય, અહિંસા અને સમાનતાના સંદર્ભે પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી, જળવાયુ પરિવર્તન અને આબોહવાની જાળવણી, છોકરીઓને શિક્ષણ તથા બાળકોના મૂળભૂત અધિકાર અને ફરજો જેવા વિષયો વિશે જાગૃતિ લાવવા માટે અથાક પ્રયત્નો કરનાર ચિ. આર્યના પુસ્તકનું યુનેસ્કો, નવી દિલ્હી તથા યુનાઇટેડ નેશન્સ ઇન્ડિયા દ્વારા સમર્થન અને પ્રકાશન કરવામાં આવ્યું છે. યુનેસ્કો, ડિજિટલ લાઇબ્રેરી અને યુનેસ્કો ગ્લોબલ સિટિઝનશિપ એજ્યુકેશન જેવા ડિજિટલ પ્લેટફૉર્મ્સ પર પણ આર્યાનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે. આર્યા અનેક સરકારી અને ખાનગી શાળાઓ, કૉલેજો તથા વિવિધ સંસ્થાઓમાં પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી, જળવાયુ પરિવર્તન આબોહવાની જાળવણી, સસ્ટેનેબલ લિવિંગ-કેરિંગ ફોર કલામેટ જેવા વિષય ઉપર વ્યાખ્યાનો આપીને વિશ્વની સંકલ્પનાને સાકાર કરવા માટે પોતાની ફરજનિષ્ઠા પુરવાર કરી ચૂકી છે. આર્યા છેલ્લા ચાર વર્ષથી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્લેટફૉર્મ્સ પર ભારતીય સંસ્કૃતિ અને વારસાના પ્રચાર પ્રસાર સંદર્ભે ભારતનું પ્રતિનિધિત્વ કરી ચુકી છે.

''દરેક કાર્ય ચાહે તે કેટલું પણ નાનું કેમ ન હોય એ એક શરૂઆત છે. દરેક વ્યક્તિએ પોતાના ધ્યેયને પામવા માટે ક્યારેય પણ પોતે આદરેલાં કાર્યોને અધૂરાં મૂકવાં જોઈએ નહીં''ના સિદ્ધાંતમાં માનતી આર્યને અનેક એવૉર્ડ તથા સન્માન થી નવાજવામાં આવી છે. 'નેશનલ એન્વાયરન્મેન્ટ યુથ ફોરમ' ૨૦૨૧ના પર્યાવરણ સંરક્ષણ ગતિવિધિ અંતર્ગત આર્યાએ ભારતભરની ૭૫થી વધારે યુનિવર્સિટીઓના ૩૫૦થી વધારે કૉલેજોના ૨૫૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધીને તેમને પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે પ્રોત્સાહિત કર્યા હતા. આર્યાએ વ્યાખ્યાનના અંતમાં ઉપસ્થિત યુવાનો દ્વારા વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા જે તમામના સ્પષ્ટતા સાથે સંતોષકારક જવાબો આપ્યા હતા. આ કાર્યક્રમ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ જેમાં સર્વ વિદ્યાલયની ૧૫ કૉલેજોનાં ૮૦ જેટલાં વિદ્યાર્થીઓ અને પૂર્વ તાલીમાર્થીઓ જોડાયાં હતાં, જેનું સંચાલન અને સંકલન સર્વ નેતૃત્વના સંયોજક ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### કાર્યશિબિર

● એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન અને સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશનમાં તા.૧૧/૧૧/૨૨ના રોજ તાલીમાર્થીઓ પોતાની કારકિર્દી અંગેની માહિતી પ્રભાવશાળી રીતે રજૂ કરી શકે તે માટે Resume

Writing Work-Shopનું આયોજન કરવામાં આવતાં ડૉ. અલ્પા જાનીએ સઘન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તા. ૧૪/૧૧/૨૨ના રોજ તાલીમાર્થીઓ TET-TAT પરીક્ષાના ભાગરૂપે ભારતીય બંધારણની માહિતીથી પરિચિત બની શકે તે માટે તજજ્ઞશ્રી પાર્થ સોલંકીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં તા. ૭/૧૧/૨૨ના રોજ તાલીમાર્થીઓમાં ગુજરાતી ભાષા-વ્યાકરણ સજ્જતાના વિકાસ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવતાં પ્રિ. જેઠાભાઈ દ્વારા ભાષા-વ્યાકરણ સંબંધિત ઊંડાણપૂર્વકનું જ્ઞાન તથા સમજ આપવામાં આવ્યાં હતાં.

## વૃક્ષારોપણ

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં તા. ૧૧/૧૦/૨૨ના રોજ તાલીમાર્થીઓને વૃક્ષોનું મહત્ત્વ સમજાવવાના હેતુથી પર્યાવરણ શિક્ષણના ભાગરૂપે વિવિધ છોડ તેમના દ્વારા કૂંડામાં રોપાવવામાં આવ્યા હતા, જેનું વર્ષ દરમિયાન જતન અને પોષણ કરવા માટેની જવાબદારી પણ તેમણે સ્વીકારી હતી.

## શૈક્ષણિક મુલાકાત

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજની કૉલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા. ૬/૧૨/૨૨ના રોજ સાયન્સ સિટી, અમદાવાદની મુલાકાત લઈ નેચર પાર્ક, થ્રીલરીડ, પ્લેનેટ અર્થ, એકવેટિક ગૅલરી, રૉબોટિકસ ગૅલરી, હૉલ ઑફ સ્પેસ ઍન્ડ સાયન્સ, જુદા જુદા વૈજ્ઞાનિકો વિશેની માહિતી, ચિલ્ડ્રન એક્ટિવિટી સેન્ટર, અણુ ઊર્જા, એક્ઝિબિશન હૉલ, લાઈફ સાયન્સ પાર્ક, વિવિધ જીવોની જીવનશૈલી વગેરે વિશેની જાત માહિતી મેળવી હતી.

## સાહિત્યિક પ્રવૃત્તિ

● ફૅકલ્ટી ઑફ એજ્યુકેશન અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓ સાહિત્યના વિવિધ સ્વરૂપો પૈકી કાવ્યના વિવિધ પ્રકારો વિશે તેમજ વાર્તાલેખન કરતાં શીખે તે હેતુથી તા. ૧૨/૧૨/૨૨ના રોજ કાવ્યરચના અને વાર્તાલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ કૉલેજોમાંથી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# શાળા વિભાગ

## આગ સલામતી પ્રશિક્ષણ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલનાં તમામ કર્મચારીઓ માટે ફાયર સેફ્ટી - આગ સલામતી પ્રશિક્ષણનું આયોજન કરવામાં આવતાં આ અન્વયે અગ્નિશામક સાધનો અને તેના ઉપયોગ વિશે કર્મચારીઓએ માહિતી મેળવી હતી.

## ઊર્જા જાગૃતિ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થિનીઓ માટે ચિર સ્થાયી ઊર્જા વિશે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમાં ઊર્જા વિશે માહિતી આપવા ઉપરાંત આ અંતર્ગત કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં વિજેતા પ્રથમ પાંચ વિદ્યાર્થિનીઓને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## કલાત્મક પ્રવૃત્તિ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં વિવિધ વર્ગોમાં રંગીન કાગળની ચકરડી બનાવવાની, રંગોળી સ્પર્ધા અને વેશભૂષાની પ્રવૃત્તિઓનું અને દોરીને રંગ પુરવાની પ્રવૃત્તિનું; શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં આસોપાલવનાં પાંદડાંમાંથી તોરણ અને ફૂલોમાંથી રંગોળી બનાવવી, પિસ્તાના ફોતરાંમાંથી વિવિધ આકારો તેમજ રૂમાંથી સસલું બનાવવાની પ્રવૃત્તિઓનું; અને શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સલાડ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ચિત્રસ્પર્ધા

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં નાગરિકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુ ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓ માટે તદ્વિષયક ચિત્રસ્પર્ધાનું તા.૧૮/૧૧/૨૦૨૨ના રોજ આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ સુંદર કલાકૃતિઓનું સર્જન કર્યું હતું.

### દિવાળી પર્વની ઉજવણી

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯ ઓક્ટોબરના રોજ દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી. નર્સરી અને કે.જી. નાં બાળકોને સરસ મજાની રંગોળી પૂરી ફૂલ-પાનનાં તોરણ બનાવતાં શિખવવામાં આવ્યું. આ સમગ્ર ઉત્સવની ઉજવણી બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉજવણીમાં ડાયરેક્ટર શ્રી કિરણબેન અને આચાર્યા શ્રી મીનાક્ષીબેન રામીના માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવ્યો હતો.

### પ્રસન્નતા

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા તારીખ ૨૯-૧૧-૨૨ના રોજ ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે Happyinees કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા ઉપરાંત એમ. બી. પટેલ કન્યા શાળાની ધોરણ-૬થી ૮ સહિતની કુલ ૯૦૦ વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી. મહેમાન તરીકે ઉપસ્થિત ગાંધીનગર વિધાનસભાના મેડિકલ ઑફિસર ડૉ. અનિલભાઈ ચૌહાણે વિદ્યાર્થિનીઓને અનહેપી રહેવાનાં કારણો જેવાં કે ગુસ્સો આવવો, ડિપ્રેશનમાં રહેવું, કોઈ આપણને નાના ગણે, ઇન્ટરનેટ વગર ન ચાલતું હોય વગેરે કારણો ગણાવીને આ બધાંમાંથી બહાર નીકળવા હકારાત્મક વિચારવું, આવતીકાલનું આયોજન આજે જ કરી લેવું, ઘરમાં બધાંને સમજતાં રહેવું, પરિસ્થિતિ પ્રમાણે વર્તન કરવું, સખત મહેનત કરવી, હસતા રહેવું, કોઈને મદદરૂપ બનવું વગેરે વિશે સમજાવ્યું હતું. વધુમાં વિદ્યાર્થિનીઓએ ડૉકટરસાહેબને કરેલા કેટલાક પ્રશ્નો જેવા કે ચિંતા કેવી રીતે દૂર કરવી, મહેનત કરવા છતાં સફળતા કેમ મળતી નથી, આપણા ઉપર કોઈ હસે ત્યારે આપણને દુઃખ કેમ થાય છે, કામમાં મન ન લાગે તો શું કરવું જોઈએ, ખુશ રહેવા શું કરવું જોઈએ વગેરેના ડૉક્ટરશ્રીએ સંતોષકારક જવાબ આપ્યા હતા.

### બાળગીત સ્પર્ધા

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાના ધો.૧ અને ૨ નાં બાળકો માટે બાળગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### રમતગમત

● ફીટ ઇન્ડિયા અંતર્ગત શ્રીમતી એસ ડી. પટેલ પ્રાયમરી સ્કૂલ, કડીમાં રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં Chocolate Jump Bite, Relay Race, Book Balanced, One Leg Race અને Three Leg Race વગેરે જેવી સ્પર્ધાઓનું વિવિધ કક્ષાના વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું.

### વાનગી સ્પર્ધા

● શ્રી શિવહરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં, બિઝનેશ બાજીગર સ્પર્ધાનું આયોજન ધોરણ-૧૧ અને ૧૨ કૉમર્સના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ દરેક કલાસમાં જઈને પોતાના ફૂડ કોર્ટનું માર્કેટિંગ કર્યું હતું. આ ઉપક્રમે વિદ્યાર્થીઓએ વિવિધ વાનગીઓ, જેવી કે ગુલાબ જાંબુ, પાણીપુરી, સ્પ્રિંગ રોલ, પીઝા, કૉલ્ડ કૉફી, પફ, સમોસા, વગેરે સ્વાદિષ્ટ બનાવી હતી. આ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન પ્રિ. કપિલ ત્રિવેદી અને આચાર્યશ્રી રાજકુમાર વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

### વાલી સંમેલન

● શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા બીજા સત્રના શૈક્ષણિક આયોજન અનુસંધાને વાલી સંમેલન યોજાયું હતું, જેમાં ૧૦૦૦થી વધુ વાલીગણ ઉપસ્થિત રહ્યાં હતાં. સહચિંતન શિબિરમાં શાળાનાં શૈક્ષણિક આયોજનો, પરિણામ સુધારણા, શિસ્ત બાબતે આચાર્યાશ્રી ડૉ. ચેતના બૂચ દ્વારા વિસ્તારપૂર્વક વાલીગણ સાથે વાર્તાલાપ યોજાયો હતો. શિક્ષકો શ્રી કનુભાઈ પટેલ, શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી જે. બી. પટેલ અને શ્રી મહેશભાઈ વડાલિયા દ્વારા પરીક્ષાલક્ષી,

નિયમિતતા અને સામાજિક મૂલ્યો આધારિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### વ્યસન-મુકિત

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા W.D.C. અંતર્ગત તા. ૨૯/૧૧/૨૨ ના રોજ ધોરણ-૬ થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે Etiquette અને વ્યસન મુકિત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહેમાન તરીકે Who Unodc, STCC ના સલાહકાર તેમજ ગુજરાત આરોગ્ય સલાહકાર શ્રી સુસાન સેમસન પધાર્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થા પરિવાર તરફથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાની તેમજ એમ. બી. પટેલ કન્યા શાળાની ધોરણ ૬ થી ૮ની ૯૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી. શ્રી સુસાન સેમસને દીકરીઓને સારી રીતભાત, વડીલોને માન તેમજ મિત્રતા ઉપર ભાર મૂક્યો હતો. દીકરીઓએ ધ્યાનમાં લેવાની બાબતો જેવી કે મારો ભાઈ રાત્રે બહાર ફરે તો હું કેમ ન કરું ? તેવો ખ્યાલો ન રાખવા તથા કોઈની સાથે તુલના ન કરવા, હું કંઈક છું, મને ઈશ્વરે શરીર અને મગજ અને શિક્ષણ આપ્યું છે તે શ્રેષ્ઠ જ છે. હું શ્રેષ્ઠ જ છું તમારે જે બનવું છે તે અત્યારથી જ નક્કી કરો. પાલક, ઈંડાં, ભાજીનો ખોરાકમાં ઉપયોગ કરો. સ્વસ્થ અને તંદુરસ્ત રહેવા તેમજ સમાજમાં બદલાવ જોઈ તો હોય તો આપણે બદલાવવું જોઈએ. શાળાઓમાં અને ગામમાં જઈને લોકોને તમાકુ જેવા વ્યસનથી દૂર રહેવા તેમજ પપ્પા કે વડીલોને વ્યસન છોડવા મજબૂર કરવા સમજાવ્યું હતું. સિગારેટમાં રહેલા ૪૦૦૦થી વધુ રસાયણો શરીરને નુકસાન કરે છે, જેનાથી ફેફસાંનું કેન્સર થાય છે. દીકરીઓને દેખાદેખી કરીને પણ વ્યસન ન કરવા ભારપૂર્વક જણાવીને સાચી સલાહ આપી હતી.

### શાકભાજી દિન

● શ્રી વી.એમ. કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરના સંયુકત ઉપક્રમે શાકભાજી દિનની ઉજવણી કરવામાં આવી, જેમાં બાળકો પાસેથી તેમના ઘેરથી વિવિધ શાકભાજીઓ મંગાવીને શાકમાર્કેટ ઊભું કરીને બાળકો વિવિધ શાકભાજીની પ્રત્યક્ષ ઓળખ તેમજ તેની ખરીદી કેવી રીતે કરાય તે શિખવવામાં આવ્યું હતું. વધુમાં શાકભાજીનાં નામ, રંગ અને ઉપયોગ વિશેની સમજ આપવામાં આવી તેમજ શાકભાજી એકત્રિત કરીને બીજા દિવસે ભાજીપાઉં બનાવી બાળકોને પિરસવામાં આવ્યું.

### શૈક્ષણિક મુલાકાત / પ્રવાસ

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલનાં ધોરણ ૧-૨ નાં વિદ્યાર્થીઓને ઇન્દ્રોડા પાર્ક અને તિરુપતિ ગાર્ડન (ઋષિવન) અને ધોરણ-૭ નાં વિદ્યાર્થીઓને દાંડીકૂટીરની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની ધોરણ ૩ ની વિદ્યાર્થિનીઓને સેકટર-૨૧ના પોલીસ સ્ટેશનની, ધોરણ-૪ની વિદ્યાર્થિનીઓને રાંધેજા સ્થિત ગૂજરાત વિદ્યાપીઠની, ધોરણ-૬ની વિદ્યાર્થિનીઓએ ગાંધીનગર નાગરિક સહકારી બેંક અને સેકટર-૧૬ની પોસ્ટઑફિસ તથા સાયન્સ સિટીની મુલાકાતે, ધોરણ-૭ની વિદ્યાર્થિનીઓને મધુરડેરીની મુલાકાતે, અને ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થિનીઓને રતનમહાલ સેન્ચુરીપાર્કની અને ૧૦૬ વિદ્યાર્થિનીઓને નડાબેટના પ્રવાસે લઈ જવામાં આવી હતી. શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩-૪ના વિદ્યાર્થીઓને ઊંઝા, વડનગર અને તારંગા, ધોરણ-૫ અને ૬ ના વિદ્યાર્થીઓએ સ્ટેચ્યૂ ઑફ યુનિટી, ધોરણ-૭ના વિદ્યાર્થીઓને દાંડીકુટીર, ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓને પાટણ, મોઢેરા અને નડાબેટ અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓને અંબોડ (મિની પાવાગઢ)ની શૈક્ષણિક મુલાકાતો/પ્રવાસે લઈ જવામાં આવ્યાં હતાં.


સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર

**વર્ષ : ૧૨, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૨, સળંગ અંક : ૭૨**

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**

ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**




કુ. આર્ય ચાવડાને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરતા
'સર્વ નેતૃત્વ કાર્યક્રમ'ના સંયોજક પ્રા. ડૉ. ધર્મેન્દ્ર પટેલ




એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્.
કૉલેજના તાલીમાર્થીઓ સાયન્સ સિટીની શૈક્ષણિક મુલાકાતે...



શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા આયોજિત હેપીનેસ
કાર્યક્રમ અંતર્ગત મુખ્ય મહેમાન ડૉ. અનિલ ચૌહાણ (ગુજરાત વિધાનસભાના
મેડિકલ ઑફિસર)નું સ્વાગત-સન્માન કરતાં શ્રી અર્ચનાબેન પટેલ



શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા આયોજિત વ્યસનમુક્તિ
કાર્યક્રમ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી સુસાન સેમસન (ગુજરાત રાજ્ય
આરોગ્ય સલાહકાર) વ્યસનમુક્તિ વિશે માર્ગદર્શન આપી રહ્યાં છે....



શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરનાં બાળકો વિવિધ કલાત્મક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત દૃશ્યમાન થાય છે.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 12, Issue No. 6 Nov.-Dece. 2022**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



બ્રિટનની પાર્લમેન્ટના ‘વિલ્સન હૉલ’માં તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૨ના રોજ
બ્રિટનનાં મિનિસ્ટર ઑફ ફેઇથ બેરોનેસ સ્કોટ, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને **‘અહિંસા અવૉર્ડ’**
એનાયત કરી અલંકૃત કરી રહ્યાં છે તે પ્રસંગનું દશ્ય.

